Advance ma

Merry Christmas

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 24 ડિસેમ્બર 2023

માગશર સુદ-13, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 07 | અંક : 33 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


## ન્યૂઝ બ્રિફ

### ગણતંત્ર દિવસના મુખ્ય અતિથિ રૂપે ફ્રાંસના રાષ્ટ્રપતિ હાજર રહેશે



આવનાર વર્ષ 2024ના ગણતંત્ર દિવસની ઉજવણી માટે ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંને આમંત્રણ આપવામાં આવ્યું છે. તેઓ આ દિવસે ભારતના મુખ્ય અતિથિ બનશે. દેશના વડાપ્રધાન મોદી દ્વારા તેમને આમંત્રિત કરવામાં આવ્યા છે, અને તેમણે પીએમ મોદીનું આમંત્રણ સ્વીકારી પણ લીધું છે. અગાઉ કેન્દ્ર સરકારે યુએસ પ્રમુખ જો બિડેનને મુખ્ય અતિથિ તરીકે આમંત્રણ આપ્યું હતું, પરંતુ તેમણે જાન્યુઆરીમાં દિલ્હી આવવાની અસમર્થતા વ્યક્ત કરી હતી.

### વડાપ્રધાન 30 ડિસેમ્બરે અયોધ્યા એરપોર્ટનું કરશે ઉદ્ઘાટન



રામલલ્લાનો અભિષેક 22 જાન્યુઆરીએ અયોધ્યામાં થવાનો છે. આ પહેલાં પીએમ નરેન્દ્ર મોદી 30 ડિસેમ્બરે અયોધ્યા પહોંચી જશે. PM અયોધ્યામાં 2 કલાક રોકાશે. તેઓ અહીં મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ એરપોર્ટ અને અયોધ્યા રેલવે સ્ટેશનનું ઉદઘાટન કરશે. એરપોર્ટના રનવે પર વિમાન લેન્ડ થયું હતું. નાગરિક ઉડ્ડયન અધિકારીઓ વિમાન દ્વારા અયોધ્યા એરપોર્ટ પહોંચ્યા. અયોધ્યાના ભગવાન શ્રી રામ એરપોર્ટ પર પ્રથમ વખત વિમાનના લેન્ડિંગની ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. વાયુસેનાનું વિમાન અહીં 2200 મીટરના રનવે પર ઉતર્યું હતું. એમની આ મુલાકાત સાથે પ્રાણપ્રતિષ્ઠાના દિવસની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. એરપોર્ટ ઓથોરિટીનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રાણપ્રતિષ્ઠા જોવા માટે VIP ગેસ્ટ્સને લઈને લગભગ 100 પ્લેનથી અયોધ્યા આવશે.

### સૂર્યમિશન આદિત્ય L1' 6 જાન્યુ.એ ગંતવ્ય સ્થાને પહોંચશે

સૂર્ય મિશન આદિત્ય L1 ને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ISROના અધ્યક્ષ એસ સોમનાથે જણાવ્યું કે, ભારતનું પ્રથમ સૌર મિશન 'આદિત્ય L1' 6 જાન્યુઆરીએ તેના ગંતવ્ય 'લેગ્રેન્જિયન પોઈન્ટ' (L1) પર પહોંચશે, જે પૃથ્વીથી 15 લાખ કિલોમીટર દૂર છે. આ મિશન ISRO દ્વારા 2 સપ્ટેમ્બરે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર (SDSC) થી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રથમ અવકાશ-આધારિત ભારતીય વેધશાળા છે જેના હેઠળ 'હેલો ઓર્બિટ L1' પરથી સૂર્યનો અભ્યાસ કરવામાં આવનાર છે.



## દેશ-વિદેશમાં કોરોનાની વાપસી





### દેશમાં દર કલાકે ઓછામાં ઓછા 26થી 27 લોકો બની રહ્યા છે કોરોના સંક્રમિત

# નવા વર્ષની ઉજવણી પહેલાં કોરોનાથી હાહાકાર

### નવું વેરિઅન્ટ JN.1 જીવલેણ સાબિત થઈ રહ્યું છે, 4ના મોત, સાવચેત રહેવા એડવાઈઝરી જાહેર

ગુજરાત | વંદન


ત્રણ વર્ષ પહેલા વિશ્વભરમાં હાહાકાર મચાવનાર ચાઈના બીમારી કોરોના હવે ફરીથી નહી આવે એવી ધારણા ખોટી પડી રહી છે અને 2023ના વિદાયમાન વરસના છેલ્લે-છેલ્લે ફરી એક વાર કોરોનાએ રફતાર પકડી છે જેમા વાયરસના વેરિઅન્ટ JN.1ના પોઝિટીવ કેસોના સાથે તેનાથી સંક્રમિત લોકોના મોત પણ થતાં ફરી એકવાર હાહાકાર મચાવે તેવી શક્યતાની વચ્ચે જોકે કેન્દ્ર સરકારે સલાહ આપી છે કે, નવો વેરિઅન્ટ એટલો બધો ખતરનાક નથી પરંતુ કોરોના એડવાયજરીનો પાલન કરવું જોઈએ જેમાં માસ્ક પહેરવાની અપીલ કરવામાં આવી છે. નોંધનીય છે કે, ગઈ વખતની જેમ આ વખતે પણ કેરળમાં કોરોનાનો નવો કેસ નોંધાયો છે. ગુજરાત સહિત દેશભરમાં સંબંધિત સત્તાવાળાઓને ઓક્સિજન પ્લાન્ટ ચકાસવા,

### JN.1ના લક્ષણ શું છે?

હાલમાં, JN.1 વેરિયન્ટમાં કોવિડ-19ના જ તમામ લક્ષણો જોવા મળે છે છે. CDCના મત મુજબ, JN.1 વેરિઅન્ટ અન્ય વેરિઅન્ટનું તુલનામાં નવા લક્ષણો સાથે ફેલાઈ પણ શકે છે અને નહી પણ. એવામાં હાલ કોરોનાના દર્દીમાં સામાન્યરીતે તાવ, નાકમાંથી પાણી આવવું, ગળામાં દુખાવો, માથાનો દુખાવો થવા જેવા લક્ષણો દેખાઈ રહ્યા છે.

હોસ્પિટલમાં ફરીથી કોરોના માટે અલાયદા વોર્ડ બનાવવાની તાકીદ પર કરવામાં આવી છે. કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હી અને ગોવામાં નવા સબ-વેરિયન્ટ કોવિડ કેસ નોંધાયા છે. નોંધનીય છે કે, ઈસુનું નવું વર્ષ -2024ની તૈયારીઓ વિશ્વભરમાં થઈ રહી છે. જેમા મોટી સંખ્યમાં લોકો એકત્ર થશે ત્યારે નવા વેરિઅન્ટથી કેસો વધવાની ...અનુસંધાન પેજ નં. 6 પર

### શું આ વેરિયન્ટ ગંભીર છે?



નીતિ આયોગના આરોગ્ય સભ્યએ જણાવ્યું હતું કે, 'JN.1 વેરિઅન્ટને કારણે કોવિડ કેસોમાં વધારો થયો છે પરંતુ તેના કારણે ગંભીર કેસોની સંખ્યામાં કોઈ વધારો થયો નથી. આ એ જ વાયરસ છે જે અન્ય દેશોમાં પણ ફેલાઈ રહ્યો છે. WHO કહે છે, 'JN.1 વેરિઅન્ટની સ્વાસ્થ્ય પરની અસરો જાણવા માટે વધુ અભ્યાસની જરૂર છે. JN.1 સારી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોને પણ અસર કરે છે. જે દેશોમાં ઠંડી હોય તેમણે પણ સાવચેતી રાખવી જોઈએ.'

### સ્વાસ્થ્ય મંત્રાલયની નવી ગાઈડલાઈન

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ તમામ સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠક યોજીને કોરોના વાયરસ અંગે નવી ગાઈડલાઈન જાહેર કરી હતી. તેમણે કહ્યું કે ગભરાવાની જરૂર નથી. દેશમાં વૈજ્ઞાનિકો નવા વેરિયન્ટનું એનાલિસીસ કરી રહ્યા છે. તેમણે રાજ્યોને ટેસ્ટિંગ વધારવા અને મોનિટરિંગ સિસ્ટમને મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. સ્વાસ્થ્ય મંત્રી માંડવિયાએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નવા વેરિયન્ટની ટ્રેકિંગની સુવિધા માટે તમામ કોરોના કેસના સેમ્પલ INSACOG લેબમાં મોકલવાની સલાહ આપી છે. આ સાથે રાજ્યોને જાગૃકતા ફેલાવવા, મહામારી મેનેજમેન્ટ કરવા અને તથ્યાત્મક રીતે યોગ્ય અને સાચી જાણકારી જાહેર કરવાનો આગ્રહ કર્યો છે.

**ડોક્ટરો શું કહે છે?** | દિલ્હીના AIIMS ખાતે સેન્ટર ફોર કોમ્યુનિટી મેડિસિન ખાતેના વધારાના પ્રોફેસર હર્ષલ આર સાલ્વેએ જણાવ્યું હતું કે, "કોવિડ-19 કેસના રિપોર્ટિંગમાં વર્તમાન વધારો મોટે ભાગે ઓમિક્રોન વેરિઅન્ટના JN.1 સબ-વેરિયન્ટને કારણે છે," ઓમિક્રોનનું કારણ અગાઉના નોંધાયેલા કેસો જેવું જ હોવાનું કહેવાય છે. નોંધાયેલા લક્ષણો મોટે ભાગે ઉપલા શ્વસન માર્ગના ચેપ સુધી મર્યાદિત હોય છે, અને હજુ સુધી કોઈ ગંભીર લક્ષણો નોંધાયા નથી. એકંદરે, ગભરાવાની જરૂર નથી. શિયાળાની ઋતુમાં શ્વાસોચ્છવાસના વાયરસના સંક્રમણમાં વધારો થવાને કારણે કેસોમાં હાલનો વધારો પણ થયો છે. મોટાભાગના કેસો હળવા સ્વરૂપમાં હોય છે. હાલમાં, લગભગ 41 દેશોમાં સબ-વેરિયન્ટ ચેપ જોવા મળ્યો છે.

# US માં હિન્દુ મંદિર પર હુમલો : દીવાલો પર ભારત વિરોધી સુત્રો લખાયા...

ગુજરાત | વંદન





ઓસ્ટ્રેલીયા , કેનેડા બાદ હવે અમેરિકામાં પણ હિન્દુ મંદિર પર હુમલો થયો હતો,માહિતી મુજબ આ હુમલો અમેરિકાના કેલિફોર્નિયાના નેવાર્કના એક હિન્દુ મંદિર પર થયો હતો હુમલામાં મંદિરની બહારની દીવાલો પર ભારત વિરોધી સુત્રો લખ્યા હતા.

અમેરિકામાં ફરી એકવાર ખાલિસ્તાની સમર્થકોની શરમજનક કરતૂત જોવા મળી છે. જેમાં હિન્દુ મંદિરની બહારની દીવાલો પર ભારતવિરોધી સુત્રો લખીને તોડફોડ મચાવાઈ હતી. ઉપરાંત વડાપ્રધાન મોદીના વિરોધમાં પણ લખાણ લખેલું હતું.

અમેરિકાની પોલીસ આ મામલે ઝડપી તપાસનું આશ્વાસન આપ્યું છે. આવું પહેલીવાર નથી બન્યું જ્યારે હિન્દુ મંદિરને વિદેશોમાં નિશાન બનાવાયું હોય. અગાઉ પણ આવા બનાવોને અંજામ આપવામાં આવેલા છે.

### 'ઔદ્યોગિકીકરણ'ના નામે અન્ય લોકોની જમીન પણ હડપ કરી

# સ્મૃતિએ કહ્યું, ગાંધી પરિવારે અમેઠીના ખેડૂતોને લૂંટ્યા

ગુજરાત | વંદન

2019ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને હરાવીને અમેઠીથી સાંસદ તરીકે ચૂંટાયેલી કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની કોંગ્રેસ પર પ્રહારો કરી રહી છે. બીજેપી સાંસદ સ્મૃતિ ઈરાનીએ આરોપ લગાવ્યો કે ગાંધી પરિવારે 'ઔદ્યોગિકીકરણ'ના નામે અમેઠીમાં ખેડૂતો અને અન્ય લોકોની જમીન હડપ કરી છે. તેમણે કહ્યું કે જમીનનો એક ટુકડો, જેનો ઉપયોગ લઘુમતી વિદ્યાર્થીનીઓ માટે થવાનો હતો, તે ગાંધી પરિવારે ઓફિસ માટે પડાવી લીધો હતો.



સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે મને લોકોને સમજાવવામાં થોડો સમય લાગ્યો કે તેઓ ખરેખર મારા પર વિશ્વાસ કરી શકે છે. ગાંધી પરિવારે લોકો પાસેથી તેમની જમીનો લૂંટી હતી. મેં આ વાત સંસદમાં કહી છે. 30 એકર(75 વીઘા) જમીન 600 રૂપિયામાં ભાડે લેવામાં આવી હતી. ગાંધી પરિવાર ત્યાં પોતાના માટે સરસ અને સુંદર સંકુલ બનાવે છે. ફાઉન્ડેશનના વડા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રા અમેઠીમાં ખેડૂતોની જમીન હડપ કરવાનો આદેશ આપી શકે તે વિદેશી વિચાર છે, પરંતુ તેમણે આ જમીન ઔદ્યોગિકીકરણના નામે લઈ લીધી. ઈરાનીએ દાવો કર્યો હતો કે જે છોકરીઓ ગાંધી પરિવાર વિરુદ્ધ ગઈ હતી અને તેમની વિરુદ્ધ ધરણા કર્યા હતા તેમને જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા. સ્મૃતિ ઈરાની 2014ની સામાન્ય ચૂંટણીમાં ઉત્તર પ્રદેશના અમેઠીમાં રાહુલ ગાંધી સામે હારી ગઈ હતી, તેમણે 2019માં રાહુલ ગાંધી પાસેથી બેઠક છીનવીને તે હારનો બદલો લીધો હતો. 47 વર્ષીય ઈરાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેબિનેટના સૌથી યુવા સભ્ય છે.

### ફ્રાન્સે 300 ભારતીયો સાથેના વિમાનને અટકાવ્યું, બે જણાંની પૂછપરછ

# માનવ તસ્કરી માટે આખુ વિમાન ભાડેથી કરાયું હોવાની નવી મોડેસ ઓપરેન્ડી સામે આવી ? રહસ્ય સર્જાયું

ગુજરાત | વંદન

દુબઈથી નિકારાગુઆ જઈ રહેલા A340 પ્લેનને શુક્રવારે ફ્રાન્સમાં અટકાવવામાં આવ્યું હતું. આ વિમાનમાં 303 ભારતીય નાગરિક સવાર છે.રિપોર્ટ અનુસાર, ફ્રાંસના નાનકડા એરપોર્ટ વાટ્રીમાં ફ્યુઅલ ભરવા માટે ફ્લાઈટ રોકાઈ હતી. આ ફ્લાઈટ ખાનગી કંપનીનું હોવાથી ફ્રાન્સ ઓથોરિટીને શંકા ગઈ હતી કે પ્લેનમાં માનવ તસ્કરી થઈ રહી છે. આ પ્લેનમાં 303 મુસાફર છે અને તે તમામે તમામ ભારતીય હોવાનું બહાર આવ્યું છે. હવે તપાસનો વિષય એ છે કે આખેઆખું પ્લેન માનવ તસ્કરી માટે ઉપયોગમાં લેવાયું હતું કે કેમ. 303 મુસાફરમાંથી 8-10 મુસાફરોની તસ્કરી થઈ રહી છે? દરમ્યાન ભારતીય દૂતાવાસના અધિકારીઓ આની તપાસ કરી રહ્યાં છે. જો આખું પ્લેન માનવ તસ્કરીમાં સંડોવાયેલું જણાશે તો સૌથી મોટી માનવ તસ્કરીની આ નવી મોડેસ ઓપરેન્ડી સામે આવશે. હાલમાં ફ્રાન્સની પોલીસે બે વ્યક્તિની અટકાયત કરીને પૂછપરછ ચાલુ કરી છે.

દુબઈથી ઊડેલું પ્લેન નિકારાગુઆ જઈ રહ્યું હતું. નિકારાગુઆ મધ્ય અમેરિકામાં આવેલો એક સ્વતંત્ર દેશ છે. આ દરમિયાન પોલીસને ...અનુસંધાન પેજ નં. 6 પર

### લેન્ડ ફોર જોબ કેસમાં EDએ હવે તેજસ્વીને પાઠવ્યું સમન્સ

ગુજરાત | વંદન



ઈડીએ લેન્ડ ફોર જોબ કેસમાં આરજેડી નેતા અને બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવને નવું સમન્સ મોકલ્યું છે. એજન્સીએ તેમને 5 જાન્યુઆરીએ પૂછપરછ માટે બોલાવ્યા છે. અગાઉ EDએ તેજસ્વીને 22 ડિસેમ્બરે સમન્સ પાઠવ્યા હતા, પરંતુ તેઓ હાજર થયા ન હતા.આ જ કેસમાં લાલુને 27 ડિસેમ્બરે સમન્સ પાઠવવામાં આવ્યા છે. સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેટિવ એજન્સી EDએ RJD ચીફ અને ...અનુસંધાન પેજ નં. 6 પર

### વાંકી નજરે...

સૌજન્યથી...





# બ્રિટિશ એરવેઝના વિમાનનું દિલ્હીમાં ઇમરજન્સી લેન્ડિંગ

■ દિલ્હીથી ટેક ઓફ બાદ ટેકનીકલ ખામી સર્જાતા પરત વિમાન પરત ફર્યુ

ગુજરાત | વંદન





દિલ્હીથી લંડન જઇ રહેલી બ્રિટિશ એરવેઝની એક ફ્લાઈટે ટેકઓફ કર્યાના થોડા જ સમયમાં દિલ્હી પરત ફરવુ પડ્યુ. આ ફ્લાઈટમાં ટેક્નિકલ ખામીના કારણે ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ટેકઓફ કર્યા બાદ તરત જ ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી.

એરપોર્ટના એક અધિકારીના જણાવ્યા અનુસાર લંડન જતી બ્રિટિશ એરવેઝની ફ્લાઈટનું આગ લાગવાની આશંકાના પગલે ટેકઓફ બાદ તરત જ ઈમરજન્સી લેન્ડિંગ કરાયુ હતુ. થોડી જ વારમાં ફ્લાઈટ નવી દિલ્હીમાં પરત આવી ગઈ હતી.મળતી માહિતી મુજબ બ્રિટિશ એરવેઝની ફ્લાઈટ BA-142એ નવી દિલ્હી એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી. આ ફ્લાઈટ લંડનના હીથ્રો જઈ રહી હતી.

અધિકારીઓએ આપેલી જાણકારી અનુસાર ફ્લાઈટનું સવારે 10.26 કલાકે નવી દિલ્હીમાં સુરક્ષિત રીતે લેન્ડિંગ થયું હતુ. લગભગ 10.55 કલાકે ઈમરજન્સી હટાવી લેવામાં આવી હતી. જો કે હજુ સુધી આ મામલે એરલાઈન્સ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.





### આતંકીઓ હવે 'ગેરિલા વોર' ટેક્નીકનો કરી રહ્યાં છે ઉપયોગ

# જમ્મુ-કાશ્મીરમાં PAFF-TRFના 25-30 આતંકવાદીઓ સક્રિય

■ છેલ્લા એક વર્ષમાં આતંકી હુમલામાં 21 જવાનો શહીદ

ગુજરાત | વંદન

પાકિસ્તાન તેની નાપાક હરકત છોડી રહ્યું નથી. પાકિસ્તાન ફરી એકવાર પૂંછ-રાજૌરીમાં આતંકવાદને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. સંરક્ષણ મંત્રાલયના સૂત્રો અનુસાર, આ વિસ્તારમાં લગભગ 25-30 પાકિસ્તાની આતંકવાદીઓ એક્ટિવ છે. આ તમામ આતંકવાદીઓ પુંછ-રાજૌરીના જંગલોમાં છુપાયેલા છે. ગઈકાલે જમ્મુ-કાશ્મીરના પૂંછમાં આતંકવાદીઓએ સેનાના બે વાહનો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ચાર જવાન શહીદ થયા હતા, જ્યારે ત્રણ જવાન ઘાયલ થયા હતા. PAFFએ આ હુમલાની જવાબદારી લીધી છે. ગૃહમંત્રાલયે આ વર્ષે જાન્યુઆરીમાં આ સંગઠન પર પ્રતિબંધ મૂક્યો હતો.

સૂત્રો અનુસાર,જમ્મુ-કાશ્મીરના પીર પંજાલના પહાડી વિસ્તારોમાં 25-30 આતંકીઓ એક્ટિવ છે.આ આતંકવાદી સંગઠનો PAFF અથવા TRF સાથે સંકળાયેલા છે. તે જમ્મુના પૂંછ, રાજૌરી અને રિયાસી અને કાશ્મીરના કુલગામ, શોપિયાં અને અનંતનાગ જિલ્લામાં એક્ટિવ છે. PAFF અને TRF એ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઘણી આતંકવાદી ઘટનાઓને અંજામ આપ્યો છે.



આ આંતકીઓ 'ગેરિલા વોર' ટેક્નિકનો ઉપયોગ કરે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આમાંના કેટલાક આતંકવાદીઓએ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ટ્રેનિંગ પણ લીધી છે.

હુમલા બાદ આતંકવાદીઓ જંગલોમાં છુપાઈ ગયા હતા અને સેનાએ તેમને તેમના ઠેકાણામાંથી હટાવવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. જમ્મુ-કાશ્મીરમાં પુંછ અને રાજૌરી જિલ્લામાં છેલ્લા કેટલાક મહિનામાં આતંકવાદી ઘટનાઓમાં વધારો થયો છે અને આ હુમલાઓમાં સેનાને નિશાન બનાવવામાં આવી રહી છે. આ વર્ષે જ જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં 21 જવાનો શહીદ થયા છે.

અગાઉ ઓક્ટોબર 2021માં જંગલ વિસ્તારમાં આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા બે હુમલામાં નવ જવાનો શહીદ થયા હતા. જ્યારે 11 ઓક્ટોબરના રોજ ચમરેરમાં એક જુનિયર કમિશન્ડ ઓફિસર (JCO) સહિત પાંચ સેનાના જવાનો શહીદ ગયા હતા. 14 ઓક્ટોબરે નજીકના જંગલમાં એક JCO અને ત્રણ જવાનો શહીદ ...અનુસંધાન પેજ નં. 6 પર

### કેજરીવાલ સરકાર મુશ્કેલીમાં, LGએ આપ્યા CBI તપાસના આદેશ

ગુજરાત | વંદન



લોકસભાની ચૂંટણી પહેલા દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકારની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય સક્સેનાએ અન્ય એક કેસમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનને તપાસના આદેશ આપ્યા છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, LGએ દિલ્હી સરકાર દ્વારા હોસ્પિટલો માટે ખરીદેલી દવાઓની તપાસના આદેશ આપ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે લોકોની ફરિયાદના આધારે AAPની સરકારી હોસ્પિટલોએ આડેધડ દવાઓ ખરીદી હતી. આ દવાઓ સરકારી અને ખાનગી પરીક્ષણ પ્રયોગશાળાઓમાં પરીક્ષણ દરમિયાન નિષ્ફળ હોવાનું જાણવા મળ્યું છે.

# એક શિક્ષિકાએ બીજી શિક્ષિકાનું એટીએમ કાર્ડ ચોરી રૂપિયા ઉપાડી લીધા

**■ પાસબુકમાં એન્ટ્રી કરાવતી વખતે ભાંડો ફુટયો, પોલીસમાં ફરિયાદ**

ગુજરાત | વંદન

રાંધેજાની શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી મહિલાએ તેની સાથે ફરજ બજાવતી શિક્ષિકાનુ એટીએમ કાર્ડ ચોરી કરી લઇ પતિ સાથે મળી રૂપિયા ઉપાડી લીધા હતા. શિક્ષિકાના ભાઇએ બેંકમાં પાસબુકમાં એન્ટ્રી કરાવતા બહેનને આટલા રૂપિયા કેમ ઉપાડી લીધા તેવો સવાલ કરતા બહેન પણ મુંજાઇ ગઇ હતી. જેથી પોલીસમાં ફરિયાદ કરવામાં આવતા બહેનની સાથે નોકરી કરતી શિક્ષિકાએ તેના પતિ સાથે મળી એટીએમ કાર્ડ ચોરી કરી રુપિયા ઉપાડી લીધા હોવાનુ સામે આવતા 3 લોકો સામે સાઇબર ક્રાઇમ પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

રાંધેજામાં આવેલી જે.એસ.પટેલ શાળામાં મોહિનીબા શિક્ષિકા તરીકે ફરજ બજાવી રહ્યા છે અને તેમના નામે એસબીઆઇ બેંકમાં એકાઉન્ટ ખોલાવેલુ છે. ત્યાર જેનો ઉપયોગ તેમના ભાઇ કિશનસિંહ બિહોલા પણ કરી રહ્યા છે. ત્યારે ભાઇએ બહેનના એકાઉન્ટમાં




લેવડ દેવડની પાસબુકમાં એન્ટ્રી કરાવી હતી. જેમાં સામે આવ્યુ હતુ કે, ટુકડે ટુકડે 1.20 લાખ ઉપાડી લીધા હતા. જેને લઇને ભાઇએ બહેનને નિર્દોશ સવાલ કર્યો હતો કે, બહેન આટલા રુપિયાની કેમ જરુર પડી ?.

ભાઇએ સવાલ કરતા બહેન પણ વિચાર કરતી રહી ગઇ હતી. આ બાબતને લઇ ભાઇએ સાઇબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસ મથકના રવિરાજસિંહ ચાવડા સહિતની ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસની અથાગ મહેનતના અંતે સમગ્ર કેસનો ભાંડો ફૂટી ગયો હતો.

## ગુડાની આવાસ યોજનામાં 4 ગણા અરજદારો નોંધાયા

# ઘરનું ઘર: આવાસ યોજનામાં 2663 મકાનો માટે 11 હજાર અરજીઓ આવી

ગુજરાત | વંદન

આવાસ યોજના અંતર્ગત પોતાનું ઘર મેળવવા માટે છેલ્લા 24 કલાકમાં અંદાજીત 1500થી વધુ લોકોએ ગુડાની આવાસ યોજનાનો લાભ મેળવવા માટે ફોર્મ ભર્યાં હતાં. કુલ મળીને 11 હજારથી પણ વધારે લોકો દ્વારા 2663 આવાસ યોજના માટે ઓનલાઈન ફોર્મ ભરાયા છે. જેથી ડ્રો દરમિયાન અરજદારોમાં ભારે સ્પર્ધાની પરિસ્થિતિનું નિર્માણ થવા પામશે.

11 હજારથી પણ વધુ અરજદારોમાંથી માત્ર 2663 અરજદારોની પસંદગી ઓનલાઈન ડ્રો દ્વારા કરાશે. ગુડા દ્વારા આ વખતે આવાસ યોજના સંબધિત શરતોમાં ફેરબદલ કરીને માત્ર ગુડા વિસ્તારના રહેવાસીઓને જ આવાસ યોજનાનો લાભ આપવાની જોગવાઈ કરાઈ છે. જેથી કરીને શરૂઆતમાં ફોર્મ ભરાવવાનો આંકડો ઓછો જોવાં મળ્યો હતો. સમયાંતરે તેમાં સતત વધારો થતો જોવાં મળ્યો હતો. 5 દિવસના સમયમાં 4 હજારથી




પણ વધારે ફોર્મ ભરાયાં હતાં. પાણી-ડ્રેનેજના જોડાણ માટે UGVCL સહિતની કચેરીઓમાં ભરવા પડતી રકમ હવેથી લાભાર્થીને ભરવા તાજેતર જ ઠરાવ કરાયો છે. વાસણા-હડમતિયા, સરગાસણ અને વાવોલમાં લાગુ કરાયેલ 2663 આવાસ યોજનાના લાભાર્થીઓને હવેથી રકમ સહિત અંદાજીત 11 હજારના વધારા સાથેનું મેઈન્ટેનન્સ ભરવું પડશે, જેથી કરીને કુલ 2.93 કરોડ રૂપિયાનું ભારણ લાભાર્થીના માથે થોપાશે.

# લોકસભા ચૂંટણી પહેલાં 560 આવાસો લોકાર્પણ કરાશે

**■ સેક્ટર-6, 29ના ચ અને છ ટાઈપના આવાસોનું નિર્માણ**

ગુજરાત | વંદન

સરકારી કર્મચારીઓ માટે 5 દશક પહેલાં બાંધવામાં આવેલાં આવાસો બાદ પ્રથમ વખત નવા આવાસોનું નિર્માણ પાટનગર યોજના વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે. કર્મચારીનગર તરીકે જાણીતાં ગાંધીનગરમાં વર્ષો જૂનાં આવાસોને કારણે મોટાં ભાગના આવાસો ભયજનક આવાસની કેટેગરીમાં સમાવાતાં રહેવા લાયક ના હોવાથી, તંત્રને નવા આવાસ બનાવવાની ફરજ પડી છે. લોકસભાની ચૂંટણી પહેલાં શહેરમાં નવા બાંધવામાં આવી રહેલાં આવાસોનું લોકાર્પણ થવાની શક્યતાં છે. સેક્ટર 6 અને 29 ખાતે ચ અને છ ટાઈપના કુલ 560 આવાસોનું બાંધકામ પૂર્ણતાને આરે છે. આગામી માસ બાદ તેના લોકાર્પણ માટેની પ્રક્રિયા હાથ ધરાશે.

તંત્રના ચોપડે હાલના તબક્કે



કર્મચારીઓનું વેઈટિંગ દિન-પ્રતિદિન વધી રહ્યું છે, ત્યારે આગામી માસ બાદ 560 જેટલાં આવાસોનું લોકાર્પણ થતાં વેઈટીંગમાં પણ ઘટાડો નોંધાશે. હાલના તબક્કે પાટનગર યોજના વિભાગના હજારો આવાસો ભયજનક કેટેગરીમાં જોવાં મળી રહ્યાં છે. કેટલાંક આવાસોનું રિનોવેશન કરવાની કામગીરી પણ તંત્ર દ્વારા શરૂ કરાઈ છે. જ્યારે નવા ફ્લેટ ટાઈપ આવાસોના નિર્માણ માટે તંત્ર દ્વારા જગ્યા નક્કી કરીને આવાસના બાંધકામ માટેની સરકારમાંથી મંજૂરી મેળવીને આવાસ બનાવવામાં આવી રહ્યાં છે. જૂના આવાસો ભયજનકસ્થિતિમાં મુકાતા તંત્ર દ્વારા આ જૂના આવાસો હટાવી નવા આવાસોનું નિર્માણ કરી રહી છે.

# રોટરી ક્લબના અગ્રણીએ સેક્ટર-22ના ફિઝિયોથેરાપી સેન્ટરની મુલાકાત લીધી

ગુજરાત | વંદન

રોટરી ડિસ્ટ્રિક્ટ ગવર્નર મેહુલ રાઠોડે ગવર્નર ઓફિશિયલ વિઝિટ દરમિયાન રોટરી ક્લબ ગાંધીનગર તથા રોટરી ફિઝિયોથેરાપી સેન્ટરની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેઓએ રોટરી ક્લબ ગાંધીનગર દ્વારા ચાલતા વિવિધ પ્રોજેક્ટ જેવા કે મેડિકલ કેમ્પ, છોટે કિસાન પાણીની પરબ, વૃક્ષારોપણ સેનિટેશન પર્યાવરણ બચાવો વગેરે ની સમીક્ષા કરી હતી. ફિઝિયોથેરાપી સેન્ટરને



નવીનીકરણ કરી તેમા આધુનિક સાધનો દ્વારા વિવિધ પ્રકારની સારવાર નજીવા દરે આપવામાં આવે છે તે જાણી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.


રોટરી ક્લબના તમામ સભ્યોને તેઓએ આગ્રહ કર્યો હતો કે સમાજના જરૂરત મંદ અને ગરીબ લોકોને વિવિધ પ્રકારના લાભ મળે તે માટે આપણે હંમેશા તૈયાર રહેવું જોઈએ. આપણું જીવન ધોરણ ઊંચું કરવાના બદલે આપણી બચતના નાણા આવા સેવાકીય કાર્યમાં વાપરી અને રોટરી નો જે ઉદ્દેશ" સેલ્ફ સર્વિસ" છે તે ખરા અર્થમાં સાર્થક કરવો જોઈએ.રોટરી પ્રેસિડેન્ટ ડો. આર.એ.શેરસિયા, ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી જશવંત ગાંધી, સેક્રેટરી અમિત ગોહિલે રોટરી ક્લબની પ્રવૃત્તિની માહિતી રજૂ કરી હતી.

## ધોરણ 6થી 12 માટે સરકારે જાહેર કર્યો અભ્યાસક્રમ

# બાળકોને અપાશે શ્રીમદ્ ભગવદ્ ગીતાનું જ્ઞાન

ગુજરાત | વંદન

ગુજરાતમાં ધોરણ 6થી 12ના વિદ્યાર્થીઓને ભગવદ્ ગીતાના પાઠ ભણાવાશે. આજે શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જાહેરાત કરવામાં આવી છે કે, વિદ્યાર્થીઓ માટે ભગવદ્ ગીતાનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. ગીતા જયંતી નિમિત્તે શિક્ષણ વિભાગે પુસ્તકનું વિમોચન કર્યુ. આ સાથે ગીતાના સંસ્કૃત શ્લોક, ગુજરાતી ભાષાંતર, સચિત્ર પુસ્તક તૈયાર કરાયું છે. મહત્વનું છે કે, 2024ના નવા શૈક્ષણિક સત્રથી




અભ્યાસક્રમમાં ભગવદ્ ગીતાના પાઠ સમાવાશે.

**સ્કૂલના કર્યા વખાણ** | દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના હરીપર પ્રાથમિક શાળાના બાળકોનો એક વિડીયો વાયરલ થયા બાદ આ સમગ્ર મામલે ગુજરાતના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસરિયા એ મહત્વની પ્રતિક્રિયા આપી અને બાળકોનો તેમજ શિક્ષકોનો ઉત્સાહ વધાર્યો હતો. વાત જાણે એમ છે કે, કલ્યાણપુર તાલુકાના છેવાડા ના હરીપર ગામમાં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં બાળકો રીંગણાંનો ઓળો અને રોટલા બનાવતા અને જમતા હોય તેવો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જે બાદમાં ખુદ શિક્ષણમંત્રીએ શિક્ષકને ફોન કરી શાળા અને બાળકોના વખાણ કર્યા હતા.


# ગિફ્ટ સીટીમાં દારૂ પીવાની મંજૂરી સામે ભારે વિરોધ

**■ કોંગ્રેસ-આપ પાર્ટીએ આંદોલન કરવાની કરી જાહેરાત, નિર્ણય પાછો ખેંચવાની માંગણી**

ગુજરાત | વંદન

રાજ્યમાં ભાજપ સરકાર દ્વારા ફાઇનાન્સીયલ હબ ગિફ્ટ સીટીમાં મદિરાપાનની આપેલી મંજૂરીના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. વિપક્ષ કોંગ્રેસ અને આપ પાર્ટીએ તેનો ભારે ઉગ્ર વિરોધ કરીને આંદોલન કરવાની જાહેરાત કરીને આરોપ મુક્યો છે કે ભાજપ સરકાર પાછલા બારણે દારુની મંજૂરી આપી રહી છે.

દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર ગિફ્ટ સીટીમાં કામ કરતા અધિકારીઓ અને કર્મચારીઓને લિંકરની છૂટ આપવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. જે બાબતે કોંગ્રેસનાં રાજ્યસભાનાં સાંસદ શક્તસિંહ ગોહિલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં પાછલા બારણે દારૂબંધી દૂર કરવાનો નિર્ણય છે. આ નિર્ણય ઘાતક



અને દુઃખદ છે. ગુજરાતમાં દારૂબંધી છે તો સલામતી છે.

ગાંધીનગરના ગિફ્ટ સિટી વિસ્તારમાં કર્મચારીઓ અને અધિકારીઓ હવે દારૂ પી શકશે. ગિફ્ટ સિટીમાં કામ કરતાં અધિકારીઓ અને કર્મચારીઓને લિકરની છૂટ આપવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે લીધેલા નિર્ણય મુજબ ગિફ્ટ સિટીમાં મુલાકાત લેતાં મુલાકાતીઓને પણ લિકરની છૂટ આપવામા આવશે. લિકર પરમિટ બાબતે ગિફ્ટ સિટી વિસ્તારમાં વાઈન એન્ડ ડાઉન ફેસિલિટી ઉપલબ્ધ કરાવાશે. ગિફ્ટ સિટી વિસ્તારની હોટલ, રેસ્ટોરન્ટ અને ક્લબમાં કરી લિકરનુ સેવન કરી શકાશે. ગિફ્ટ સિટી વિસ્તારના કર્મચારીઓ તેમજ મુલાકાતીઓ લિકરનુ સેવન કરી શકે તે માટે ક્લબ, હોટલ અને રેસ્ટોરન્ટ FL-3 પ્રકારનો પરવાનો મેળવી શકશે. FL-3 પરવાનો મેળવનાર ક્લબ, હોટલ કે રેસ્ટોરન્ટ પરમિટ ધારકોને દારૂ પીરસી શકશે. પરંતુ દારૂની બોટલનુ વેચાણ કરી શકશે નહી.આ છૂટછાટ મુજબ સમગ્ર ગીફટ સીટીમાં કામ કરતાં બધા કર્મચારીઓ/ માલિકોને લીકર એક્સેસ પરમીટ આપવામાં આવશે. જેના દ્વારા તેઓ આવી "વાઈન એન્ડ ડાઈન" આપતી ગીફટ સીટીની હોટેલ્સ/ રેસ્ટોરેન્ટસ/ ક્લબમાં લીકરનું સેવન કરી શકશે. આ સિવાય દરેક કંપની જેને ઓથોરાઇઝ કરે તેવા મુલાકાતીઓને પણ ટેમ્પરરી પરમીટથી આવી હોટેલ્સ/ રેસ્ટોરેન્ટસ/ક્લબમાં જે-તે કંપનીના કાયમી કર્મચારીની હાજરીમાં લીકરનું સેવન કરવા દેવાની જોગવાઇ કરવામાં આવી છે.

# પોલિકેબ ઈન્ડિયા કંપનીના 35 સ્થળો પર ITના દરોડા




ગુજરાત | વંદન

આવકવેરા વિભાગનું ગુજરાત અને મુંબઈમાં મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. આર. આર. કેબલ બાદ દેશની વધુ એક પ્રતિષ્ઠિત કંપની પોલિકેબ ઈન્ડિયા લિમિટેડના કુલ 35 સ્થળો પર તપાસ હાથ ધરવામાં આવી છે. GST અને IT વિભાગે સંયુક્ત રીતે સર્ચ ઓપરેશનની કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતના હાલોલ સ્થિત કંપનીનો પ્લાન્ટ તો અમદાવાદ સ્થિત સેલ્સ ઓફિસમાં પણ સર્ચની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તપાસમાં મોટા બેનામી વ્યવહારો સામે આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.પોલિકેબ ઈન્ડિયા લિમિટેડની મુંબઇ અને ગુજરાતની ઓફિસો પર સર્ચ ચાલી રહ્યું છે. હાલોલ સ્થિત પ્લાન્ટ અને અમદાવાદની સેલ્સ ઓફિસ પર સર્ચમાં કુલ 35 સ્થળો પર આયકર અધિકારીઓએ સર્ચ કરી રહ્યા છે. પાપ્ત માહિતી મુજબ પોલિકેબ ઈન્ડિયાનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા 8900 કરોડનું ટર્ન ઓવર ધરાવે છે.

# ગાંધીનગરની શાળાઓમાં ફરીથી માસ્ક અનિવાર્ય બન્યાં

**■ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાએ બાળકોને માસ્ક પહેરીને આવવા કરી અપીલ**

ગુજરાત | વંદન

શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ કોરોનાથી સંપૂર્ણ રીતે માહિતગાર છે. પરંતુ હાલમાં કોરોનાના કેસો સામે આવતા જ નગરની શાળા અને કોલેજના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની ડરવાની જરૂર નથી. પરંતુ બે કાળજી નહીં દાખવવાની અપીલ કરવામાં આવી છે.

ઉપરાંત કોરોનાથી કેવી રીતે બચી શકાય તેના માટે શું શું અને કેવા પ્રકારની કાળજી રાખવી તેની પણ તાલીમ સાથે જાણકારી વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને આપવાનું આયોજન શાળાના સંચાલકો દ્વારા કરવામાં આવ્યું છે. જોકે કોરોનાના કેસ સામે આવતા જ શરદી અને ખાંસીના બીમારીવાળા બાળકોને માસ્ક પહેરીને શાળામાં આવવાનું સૂચન કરવામાં આવ્યું છે.

ઉપરાંત અન્ય બાળકોને પણ સલામતીના ભાગરૂપે માસ્ક પહેરવો હિતાવવા હોવાનું જણાવ્યું છે. જોકે શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ માટે રાજ્યના આરોગ્ય



તસ્વીર પ્રતિકાત્મક

વિભાગ તેમજ શિક્ષણ વિભાગ દ્વારા કોરોનાને લઈને કોઈ સૂચના આપવામાં આવી નથી.

પરંતુ શાળાના સંચાલકો દ્વારા બાળકોમાં જાગૃતતાની સાથે સાથે અવેરનેસ આવે તે માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. જેને પરિણામે બાળકોના શિક્ષણ ઉપર કોઈ વિપરીત અસર પડે નહીં તેમજ કોરોનાથી તેઓ માનસિક ડરે નહીં તે માટેનું આયોજન નગરની શાળાઓના સંચાલકો દ્વારા કરવામાં આવી રહ્યું છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાના ટ્રસ્ટી રામ સ્વામીએ જણાવ્યુ હતું કે, બાળકોના સ્વાસ્થ્યને નુકસાન થાય નહીં તે માટે બાળકોમાં કોરોનાને લઈને જાગૃત થાય તેમ જ ગભરાય નહીં તે રીતે કોરોનાની જાણકારીની સાથે સાથે સમજણ પણ આપવામાં આવી રહી છે. બાળકોને કોરોનાથી ડરવાની જરૂર નથી પણ સાવધાનની રાખવી પણ એટલી જરૂરી છે. બાળકોને ભીડવાળી જગ્યાએ નહીં જવા સૂચના આપી છે.

## કુડાસણમાં સરદાર ચોક પાસે કારની ટક્કરે મોપેડ સવાર મહિલાનું મોત

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેરના કુડાસણના સરદાર ચોક પાસે આજે સવારના સમયે મોપેડ ઉપર જઇ રહેલી મહિલાને કાર ચાલકે અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં લઇ જવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત થયું હતું આ ઘટના સંદર્ભે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે. પાટનગર ગાંધીનગર શહેરના પહોળા માર્ગોની સાથે હવે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ અકસ્માતના બનાવો વધી રહ્યા છે.

## થોડી ઈધર કી થોડી ઉધર કી

# ન તો આંખો સે પીને કી જરૂર હૈ ના તો ચોરી છુપી, ગિફ્ટ સીટી જાઓ...ખુદ જાન જાઓ....!



થોડી સી જો પી લી હૈ...ચોરી તો નહીં કી હૈ....ઝુમ બરાબર ઝુમ શરાબી ....આંખો સે પી યા મયખાને મેં પી....પણ હવે ન તો આંખો સે પીને કી જરૂર હૈ ના તો ચોરી છુપી પીને કી જરૂર હૈ...ગિફ્ટ સીટી જાઓ...ખુદ જાન જાઓ....!

વંદન...વંદન... અભિનંદન...અભિનંદન હો સરકારને... સરકાર હો તો ઐસી. હિંમતભર્યો નિર્ણય કર્યો કહેવાય. કોઇ છોછ નહીં, કોઇ બાધ નહી. ખુલ્લમ ખુલ્લા પ્યાર કરેંગે હમ દોનો...ની જેમ ગાંધીનગરમાં ગિફ્ટ સીટીમાં કામ કરનારા કર્મચારીઓ પોતાની કંપની પાસેથી દારૂ પીવાની પરમીટ લઇને હોટેલમાં વાઇન એન્ડ ડાઇન કરી શકશે. બોલે તો દારૂ કે સાથ ખાના યા ખાને કે સાથ પીના... કર શકતે હૈ. ફિર સાથ મે મીના હો યા લીના....?

અગાઉ સેઝ માટે આવો હિંમતભર્યો નિર્ણય લેવાયો હતો હવે ગાંધીનગર મધ્યે ગિફ્ટ સીટીમાં પરમીટ લઇને પીવાની છુટ્ટી આપી સરકારે. કમ સે કમ ગિફ્ટવાળા તો નિરાંતે બેસીને પોલીસનો ડર રાખ્યા વગર દો ઘૂટ મુઝે ભી પીલા દે શરાબી દેખ ફિર હોતા હૈ ક્યા... બોલતા બોલતા નાચતા નાચતા...ગાતા ગાતા...પી શક્શે.... અને ખાવા-પીવાના શોખીન અમદાવાદીઓને પ્રવાહ હવે ગિફ્ટ સીટી તરફ વળશે...ગિફ્ટ સીટીમાં એકાએક વસ્તીમાં વધારો થઇ જાય તો પણ નવાઇ નહીં...

**ગેરંટીવાલે બાબુ કી ગેરંટી- આ વખતે જ નહીં પણ 2036 સુધી તો અમે જ છીએ...**

વડાપ્રધાન કોણ બને...? ખડગેને તો કોઇ ઓળખતુ પણ નથી,



બિહારીબાબુ નિતિશકુમારને તો સૌ ઓળખે એટલે નીતિશકુમારને પીએમ પદના ઉમેદવાર ઘોષિત કરો...એવી એક માંગ નીતિશના ટેકેદારોએ નીતિશના કહેવાથી કરી તો, તે અગાઉ લડાકૂબાઇ મમતાદીદીએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લ્કાર્જુન ખડગેને ઇન્ડિયા ગઠબંધન તરફથી પીએમ પદના ઉમેદવાર બનાવવા સુચવ્યુ અને વાંહેને વાંહે કેજરીવાલે ટેકો આપ્યો- બરાબર હૈ મારો ટેકો. કોંગ્રેસે મોંઘમમાં ઠાવકાઇથી કહ્યું- એ બધુ પછી પહેલાં ચૂંટણીમાં કઇ રીતે જીતવુ તેના પર વિચાર કરો.


કહના યે હૈ કી ખડગેના નામપ્રસ્તાવથી નીતિશકુમાર ભડક્યા હશે અને રાજકારણમાં બને છે તેમ પોતાના ચેલૈયાઓને કહ્યું હશે કે વાત મૂકો. એટલે ટેકેદાર બોલ્યા પણ કોંગ્રેસની વાત સાચી કે પહેલાં જીતો તો ખરા...કેમ કે વિપક્ષી મોરચાની સામે કોણ છે...? ખબર છે ને...

ગેરંટીબાબુ...ગેરંટીવાલે બાબુજી. અને તેમણે ચૂંટણીમાં વિપક્ષની હારની પાકી રસીદની જેમ પાકી ગેરંટી આપી છે....કે આ વખતો નહીં પણ 2036 સુધી તો અમે જ છીએ...કેમ કે વિપક્ષોને સંસદમાં વિરોધપક્ષની પાટલીઓ સાથે ફેવીકોલ જેવું અજોડ-બેજોડ બંધન થઇ ગયું છે... સદન મેં હમ બૈઠેંગે તો સરકાર કે સામને... સરકાર વાલી ખુરશી પર હમ નહીં બેઠેંગે...ના, હમેં નહીં બૈઠના...

ચૂંટણીનું પરિણામ પાકુ જ છે. કેમ કે લોકોને મોંઘવારી કરતાં ગેરંટી પર વધારે વિશ્વાસ બેસી ગયો છે કે ઇન્ડિયાવાલોં કિતના ભી કૂદે.. નાચે..ગાયે લેકીન ચુનાવ મેં, આયેંગા તો મોદી હી હૈ... અને આવા મહાનુભાવો કાંઇ વારંવાર પીએમ બનતા હોતા નથી. એટલે વિરોધપક્ષો તેમની સામે ખડગેને લાવે, નીતિશકુમારે લાવે કે કોથળામાંથી બિલાડુ કાઢે પણ લોસભાની ચૂંટણીઓમાં જીત પાક્કી છે. 400 સીટે લાના હૈ... મોદી કો ફિર પીએમ બનાના હૈ....ઔર રહી બાત ખડગે કી તો ખડગે ન રહેંગે ઘર કે ન રહેંગે પંજે કે...ચુનાવ કે બાદ...

**ચાલો, વાજપેયીજીને યાદ કરીએ અને તેમના જીવનમાંથી પ્રેરણા લઇએ- હાર નહીં માનુંગા....**

25 ડિસેમ્બર એટલે નાતાલની સાથે સાથે પૂર્વ પીએમ કે જેમના



માટે લખતાં લખતાં લવ હો જાયેં...ની જેમ નામ જાણવુ હોય તો કહેશો કે, અરે હાં... આ તો .આપણાં અટલજી.... આપણાં વાજપેયીજી... જેમને ભાજપના પીએમ અને સીએમથી લઇને સૌ કોઇ આદરભાવથી યાદ કરે છે અને કહેતા હશે-તુમ ન જાને કિસ જહાં મેં ખો ગયે...કેમ કે તેઓ કવિ પણ હતા,


હાર નહીં માનુગા....કવિતા પઠન કરનાર તેઓ રાજકારણી પણ હતા અને રાજદ્વારી પણ હતા. તેમની તોલે કોઇ ના આવે એવી જેમની આગવી શૈલીથી ઓળખાતા હોવ એમનો જન્મદિન 25 ડિસેમ્બરના રોજ ઉજવાશે- હાર નહીં માનુગા.... અટલજી એટલે અટલજી....જેમના હાથ નીચે પીએમથી લઇને કેટલાય સીએમ તૈયાર થયાં. તેમના જીવન પરથી બની રહી છે ફિલ્મ-મૈં અટલ હું...! આ નામથી બનેલી ફિલમમાં પંકજકુમાર ત્રિપાઠીએ આબેહુબ...અને જાણે કે અસલમાં વાજપેયીજી આપણી સમક્ષ છે..એવો આભાસ થાય એટલી જોરદાર પાત્ર ભજવ્યું છે. ચાલો, વાજપેયીજીને યાદ કરીએ અને તેમની કવિતામાંથી પ્રેરણા લઇએ કે હાર નહીં માનુંગા....જીવન ચલને કા નામ ચલતે રહો સુબહ ઔર શામ.....તુમ્હેં ના ભૂલ પાયેંગે....

-પ્રવીણ ઘમંડે

# રાજ્ય સરકારના સલાહકાર કે. કૈલાશનાથનની મુદતમાં વધારો

ગુજરાત | વંદન

1979 બેચના નિવૃત્ત આઇએએસ અને મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે કૈલાશનાથનની વર્તમાન ટર્મ પૂરી થતાં તેમને ફરી એકવાર નિયુક્તિ અપાઇ છે. કૈલાશનાથનની નિવૃત્તિ હવે માત્ર 6 મહિના માટે કરાઈ છે. કૈલાશનાથનને હવે વાઇબ્રન્ટ ગુજરાત સમિટ અને લોકસભાની ચૂંટણી સુધી નિયુક્તિ થકી મુદત વધારો અપાયો છે. કૈલાશનાથન છેલ્લા દસ વર્ષથી વધુ સમયથી મુખ્યમંત્રી કાર્યાલયમાં આ એક જ પદ પર ફરજ બજાવે છે. વહીવટી



તેમજ રાજકીય એમ બંને બાબતોમાં તેમની કુશળતા હોવાને કારણે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખૂબ અંગત અધિકારી રહ્યા છે. જોકે કૈલાશનાથનને સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્નોને કારણે ગયા વર્ષે યોજાયેલી વિધાનસભા ચૂંટણી બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક વર્ષ માટે જ નિયુક્ત કર્યા હતા અને તે કાળ આગામી 27 ડિસેમ્બરે પૂર્ણ થાય છે.

## SGVP દ્વારા ૧૫૧ દિવ્યાંગોને નિઃશુલ્ક કૃત્રિમ પગ અર્પણ કરાયા



ગુજરાત | વંદન

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ તથા પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી સ્મૃતિ મહોત્સવના ઉપક્રમે સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યાપ્રતિષ્ઠાનમના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજી અને પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી એસજીવીપી હોલિસ્ટિક હોસ્પિટલ દ્વારા દિવ્યાંગ સેવા યજ્ઞનું આયોજન કરાયું હતું, જેમાં ૧૫૧ ભાઈ-બહેનોને નિઃશુલ્ક કૃત્રિમ પગ અર્પણ કરવામાં આવ્યા હતા.

દિવ્યાંગ પુરુષોનું ખેસ પહેરાવી અને પ્રસાદ આપીને ભાવપૂજન કરાયું હતું. એજ રીતે નયનાબહેન પટેલ, અંજલિબહેન ત્રિવેદીએ દિવ્યાંગ બહેનોનું ભાવપૂજન કર્યું હતું. આ પ્રસંગે બાલકૃષ્ણદાસજીએ જણાવ્યું હતું કે, દિવ્યાંગોને કૃત્રિમ પગ અર્પણ કરતાં સંસ્થા ધન્યતા અનુભવે છે. દિવ્યાંગોના હૃદયમાં બિરાજમાન ભગવાનનું આ ભાવપૂજન છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિવ્યાંગ શબ્દ આપીને સૌને પ્રેરિત કર્યા છે. ભગવાનને દિવ્યાંગોના અન્ય અંગોમાં અપારશક્તિ આપી છે, માટે દિવ્યાંગોએ ક્યારેય પોતાને કમજોર ન સમજવા જોઈએ. આ પ્રસંગે હાઈકોર્ટના ભૂતપૂર્વ જસ્ટિસ ઢોલરિયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલા, ગાંધીનગર નગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંત પટેલ, પૂર્વ શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા.

### કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતા હેઠળ ગુજરાત વિદ્યાપીઠમાં બેઠક યોજાઈ

## ગાંધીજીના મૂળ આદર્શોનું મજબૂતાઈ સાથે પાલન થાયએ સુનિશ્ચિત કરવાની જરૂર છે : રાજ્યપાલ

ગુજરાત | વંદન

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે ગુજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં સભ્યોને ભારપૂર્વક જણાવ્યુ કે ગાંધી વિચારો પર કાર્યરત આ સંસ્થાઓમાં ગાંધીજીના મૂળ આદર્શોનું મજબૂતાઈ સાથે પાલન થાય; એ સુનિશ્ચિત કરવાની જરૂર છે. તેમણે તમામ સભ્યોને આ સંસ્થાઓમાં ગાંધીજીના વિચાર-દર્શનને અનુરૂપ તમામ ગાંધી સંસ્થાઓને 'નવજીવન' આપવાની અપીલ કરી હતી. ગુજરાત વિદ્યાપીઠ મંડળની વર્ષ 2023-24ની ચોથી બેઠક આજે કોચરબ આશ્રમ, પાલડી-અમદાવાદ ખાતે, ગુજરાતના રાજ્યપાલ તથા ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતા હેઠળ યોજાઈ હતી.

રાજ્યપાલએ જણાવ્યું હતું કે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના ગાંધીજીએ માત્ર અક્ષર જ્ઞાન આપવા માટે નહોતી કરી; પણ સાથે-સાથે આધ્યાત્મિક ચિંતન, આત્મનિર્ભરતા, ગ્રામીણ વિકાસ અને દેશ સર્વાંગીણ વિકાસ તરફ આગળ વધે; એ ઉદ્દેશ સાથે કરી હતી.




ગાંધીજીનું જીવન જ તેમનો સંદેશ હતો. બાપૂ જે કહેતા હતાં; તેમના મન, વચન, કર્મમાં તે પ્રતિબિંબિત થતું હતું.

રાજ્યપાલએ એ બાબત પર ભાર મૂક્યો હતો કે ગાંધીજીના વિચારો આજે પણ એટલા જ પ્રાસંગિક છે. મંડળે આ વિચારોના આધારે સંસ્થાઓ માટે નીતિ-નિયમો બનાવવા જોઈએ કે જેથી ગાંધી વિચારના મૂળ આદર્શોનું પાલન થાય તથા નવી પેઢીને ગાંધી માર્ગ પર ચાલવા માટે પ્રેરિત કરી શકાય. આ કાર્ય જ ગાંધીજીના આત્માને સાચી શ્રદ્ધાંજલિ હશે.

કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતા હેઠળ યોજાયેલ બેઠકમાં વિદ્યાપીઠના શૈક્ષણિક સ્તરને વધુ શ્રેષ્ઠ બનાવવા, વહીવટી તંત્ર તથા વ્યવસ્થાપનને વધુ સરળ તેમજ સુદૃઢ બનાવવા અને આર્થિક બાબતો અંગે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સભ્યો સમક્ષ ભારતમાં જેટલા પણ મૂળ ગૌ વંશ છે, તેમનું એક રાષ્ટ્રીય કેન્દ્ર ગુજરાતમાં સ્થાપિત કરવા માટે પોતાનો વિચાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે ગાંધીજીના મૂળ આદર્શોને અનુરૂપ ભારતની ગાયોના વિવિધ વંશોનું સંરક્ષણ કાર્ય ગુજરાત વિદ્યાપીઠે કરવું જોઈએ. રાજ્યપાલના આ પ્રસ્તાવનો તમામ સભ્યોએ સહર્ષ સ્વીકાર કર્યો હતો તથા વહેલી તકે આ યોજના પર કાર્ય કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

તમામ સભ્યોએ ગુજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં સક્રિયતાપૂર્વક ભાગ લેવા તેમજ મંડળનું માર્ગદર્શન કરવા બદલ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી પ્રત્યે આભાર પણ વ્યક્ત કર્યો હતો.

## નબીરા તથ્ય પટેલ સામે વીમાના નકલી દસ્તાવેજો બનાવવાનો આરોપ

### આરોપીએ પોતાના કાકા સાથે મળી બોગસ દસ્તાવેજ બનાવ્યાં?

ગુજરાત | વંદન

તથ્ય પટેલે ઈસ્કોન બ્રિજ ઉપર જે જીવલેણ અકસ્માત કર્યો હતો તેનાં પહેલાં પણ તે વધુ બે અકસ્માતમાં સંડોવાયેલો હતો, અને તે અકસ્માતમાં વીમાનો ક્લેઈમ મંજૂર કરાવવા તથ્ય પટેલ અને તેના કાકા સંજય ઉર્ફે મોન્ટુ પટેલે બોગસ અને નકલી દસ્તાવેજો ઉભાં કર્યા હતા તે બદલ આ કાકા-ભત્રિજા વિરુદ્ધ વધુ બે એફઆઈઆર નોંધાઈ શકે છે.

તથ્ય પટેલે ઈસ્કોન બ્રિજ ઉપર જે ગોઝારો અકસ્માત કર્યો હતો તે પહેલાં પણ તેણે વધુ બે એક્સિડન્ટ કર્યા હતા અને તેની તપાસ ટ્રાફિક પોલીસના એન ડીવીઝનના પોલીસ અધિકારી કરી રહ્યા હતા અને તે અકસ્માતની વિગતોની પૂછપરછ દરમ્યાન આ ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. યાદ રહે તથ્ય પટેલે ગત 20 જુલાઈના રોજ ઈસ્કોન બ્રિજ ઉપર કરેલાં ગોઝારા અકસ્માતમાં 9 લોકોનાં મોત થયા



હતા.

અગાઉના બે અકસ્માતની તપાસ કરી રહેલાં તપાસ અધિકારીઓને જાણવા મળ્યું હતું કે તથ્ય પટેલે તેની જગુઆર કારમાં સાંતેજ પાસે એક અકસ્માત કર્યો હતો અને તે સમયે તેણે ખોટું નિવેદન આપીને તાતા એઆઈજી કંપની પાસે રૂ. 14 લાખનો ક્લેઈમ મંજૂર કરાવી લીધો હતો. આ અકસ્માતમાં તેણે અકસ્માતના ઘટના સ્થળ વિશે ખોટું નિવેદન આપ્યું હતું.

બીજી બાજુ સિંધુ ભવન પાસે આવેલાં એક કાફેની દિવાલમાં તથ્ય પટેલે તેની થાર જીપને અથડાવી તે કેસમાં પણ તેણે વીમા કંપની સમક્ષ ખોટું નિવેદન આપ્યું હતું.

## કોરોના રસી લીધી છતાં ફરીથી કોરોનાગ્રસ્ત થતાં લોકોમાં ચિંતા વધી

### નવરંગપુરા, નારણપુરા, સરખેજ વોર્ડમાં પોઝિટિવ કેસ નોંધાતા તંત્ર દોડતું થયું

ગુજરાત | વંદન

અમદાવાદમાં કોરોના સંક્રમણમાં સતત વધારો થઈ રહયો છે.નવરંગપુરા,નારણપુરા ઉપરાંત સરખેજ વોર્ડમાં અનુક્રમે બે-બે એમ કુલ મળીને નવા છ કોરોના પોઝિટીવ કેસ નોંધાયા છે.ત્રણ દર્દી યુ.એસ.એ.અને સિંગાપુરની ટ્રાવેલ હીસ્ટ્રી ધરાવે છે.૨૫થી ૬૦ વયજુથના તમામ દર્દી હોમ આઈસોલેશનમાં છે.શહેરમાં નોંધાયેલા કોરોનાના દર્દી પૈકી એક દર્દીનો કવોરન્ટાઈન પિરીયડ પુરો થતાં હાલમાં અમદાવાદમાં કોરોનાના બાર એકટિવ કેસ છે.કોરોનાના નવા નોંધાયેલા તમામ દર્દીઓએ કોરોના વેકિસન લીધી હોવાછતાં કોરોનાગ્રસ્ત બન્યાં છે.ચાર દર્દીઓએ વેકિસનના બુસ્ટરડોઝ તથા બે દર્દીઓએ વેકિસનના બે ડોઝ લીધા હતા.

શહેરમાં નવા નોંધાયેલા કોરોના પોઝિટિવ કેસ પૈકી ત્રણ મહિલા અને ત્રણ પુરુષ દર્દી છે.મ્યુનિ.ના આરોગ્ય વિભાગના વડા ડોકટર ભાવિન સોલંકીના કહેવા મુજબ,નવા નોંધાયેલા કોરોનાના છ પોઝિટિવ કેસ પૈકી ચાર દર્દીઓએ વેકિસનના બુસ્ટર ડોઝ લીધેલા છે.જયારે બે દર્દીઓએ વેકિસનના બે ડોઝ લીધા હતા. ત્રણ દર્દી અમદાવાદના છે.ત્રણ દર્દી યુ.એસ.એ.અને સિંગાપુરની ટ્રાવેલ હીસ્ટ્રી ધરાવે છે.શહેરમાં ફરી એકવખત કોરોના સંક્રમણ જોવા મળતા આ બાબતની સ્ટેન્ડિંગ કમિટિની બેઠકમાં પણ ગંભીરતાથી નોંધ લેવામાં આવી હતી.સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેનના કહેવા મુજબ, મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એસ.વી.પી.ઉપરાંત એલ.જી., શારદાબહેન અને વી.એસ. હોસ્પિટલ ખાતે કોરોનાના લક્ષણ ધરાવતા દર્દીઓના ટેસ્ટ કરવા માટે આરોગ્ય વિભાગને જરુરી સુચના આપવામાં આવી છે.ઉપરાંત કોરોના સંક્રમણને વધતુ અટકાવવા શહેરીજનોમાં અવેરનેસ વધે એ માટે કરવી પડતી તમામ પ્રકારની કાર્યવાહી તાકીદે શરુ કરવા સુચના આપવામાં આવી છે.

અમદાવાદના વિવિધ વોર્ડ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૮૦થી વધુ અર્બન હેલ્થસેન્ટર અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટર આવેલા છે.આ તમામ કેન્દ્રો ખાતે બે દિવસમાં ટેસ્ટ શરૂ કરાશે.

### રવી પાક દરમ્યાન સૌથી વધુ 10.73 લાખ હેક્ટરમાં ઘઉંની વાવણી થઇ

## રાજ્યમાં હાલમાં કુલ ૪૦.૭૭ લાખ હેક્ટરમાં રવી પાકનું વાવેતર કરાયું

### રેકોર્ડ બ્રેક ભાવ મળતા ચાલુ વર્ષે જીરાનું વાવેતર બમણું : કૃષિ મંત્રી

ગુજરાત | વંદન

સમગ્ર રાજ્યમાં રવી પાકોનું વાવેતર લગભગ પૂર્ણ થવા આવ્યું છે. ગુજરાતના ખેડૂતોને ગત વર્ષે રવિ પાકના રેકોર્ડ બ્રેક ભાવ મળ્યા હતા. એટલા માટે જ, રાજ્યમાં હાલની સ્થિતિએ રવિ પાકોનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર થયું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૪૦.૭૭ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર થયું છે. રાજ્યના ખેડૂતો માટે આ વર્ષ પણ ખૂબ જ લાભદાયી નીવડશે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

વધુ વિગતો આપતા કૃષિ મંત્રીએ કહ્યું કે, જીરાના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ છે, અને દર વર્ષે ખરીફ ઋતુ દરમિયાન રાજ્યમાં જીરાનું સૌથી વધારે વાવેતર થાય છે. ગત વર્ષે જીરાના રેકોર્ડ બ્રેક ભાવ મળતા આ વર્ષે રાજ્યમાં જીરાનું વાવેતર ગત વર્ષની સરખામણીએ બમણું થયું છે.

ગત વર્ષે ગુજરાતમાં ૨.૬૧ લાખ હેક્ટર વિસ્તારમાં જીરાનું વાવેતર થયું હતું, જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૫.૩૦ લાખ હેક્ટર વિસ્તારમાં જીરાનું



વાવેતર થયું છે. એટલે કે, ચાલુ વર્ષે જીરાના વાવેતરમાં ૨૦૨.૫૮ ટકા જેટલો વધારો નોંધાયો છે.

મંત્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ધાન્ય પાકોમાં ઘઉં પાકનું સૌથી વધુ વાવેતર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૦.૭૩ લાખ હેક્ટરમાં ઘઉંનું વાવેતર નોંધાયું છે. કઠોળ પાકોમાં ચણાનું સૌથી વધુ વાવેતર થયું છે. રાજ્યમાં આ વર્ષે કુલ ૫.૬૪ લાખ હેકટર જમીનમાં ચણાનું વાવેતર થયું છે. જ્યારે તેલીબિયાં પાકોમાં સૌથી વધુ રાઈનું કુલ ૨.૬૪ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે.

મંત્રીએ ઉમેર્યું કે, રવિ પાકોનું સૌરાષ્ટ્ર ઝોનના જિલ્લામાં સૌથી વધુ વાવેતર થયું છે. સૌરાષ્ટ્ર ઝોનના જિલ્લાઓમાં કુલ ૧૬.૦૩ લાખ હેક્ટરમાં રવિ પાકોનું વાવેતર થયું છે. જેમાં જીરાનું વાવેતર મહત્તમ નોંધાયું છે.

## ગ્વાલિયા રેસ્ટોરેન્ટના કુલચામાંથી વંદો નિકળ્યો

ગુજરાત | વંદન

શહેરમાં ફરી એકવાર ખાવાની વસ્તુમાંથી વંદો નીકળ્યો છે. સિંધુભવન રોડ પર આવેલી SBR ગ્વાલિયામાંથી વંદો નીકળ્યો હતો. વેજીટેબલ કુલચામાંથી વંદો નીકળ્યો હતો. વંદો નીકળતા ગ્રાહકે કોર્પોરેશનમાં ફરિયાદ કરી છે. પિઝા અને સેન્ડવીચ બાદ હવે કુલચામાંથી વંદો નીકળવાની ઘટના સામે આવી છે.

મળતી જાણકારી અનુસાર, ઓસ્ટ્રેલિયાથી એક પરિવાર અમદાવાદ આવ્યો હતો, જે જમવા માટે સિંધુભવન રોડ પર આવેલી SBR ગ્વાલિયા રેસ્ટોરન્ટમાં ગયા હતા. જ્યાં તેમણે વેજિટેબલ કુલચાનો ઓર્ડર કર્યો હતો. દીકરી કુલચા આરોગી રહી હતી ત્યારે તેમાંથી વંદો નીકળ્યો હતો. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે.

## બિયારણ બાદ હવે પશુ ખાણદાણમાં પણ ભેળસેળથી સરકાર સક્રિય બની

### પશુ ખાણદાણમાં કેમિકલની ભેળસેળ કરનાર સામે કડક કાર્યવાહી: મંત્રી

ગુજરાત | વંદન

ખાવા પીવાની વિવિધ ચીજવસ્તુઓમાં ભેળેસળની સાથે હવે ખેતી ક્ષેત્રે નકલી બિયારણના કિસ્સા પણ વધ્યા છે. તેની સાથે પશુધન માટેના ખાણદાણમાં પણ ભેળસેળ થતી હોવાના કિસ્સાથી સરકાર ચોંકી ઉઠી છે. અને પશુ ખાણદાણમાં ભેળસેળ કરનાર સામે કડક કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી છે.

રાજ્યમાં પશુઓના ખાણદાણ ખાસ કરીને કપાસિયાના ખોળમાં વેપારીઓ, ઓઈલ મિલો તેમજ ઉત્પાદકો દ્વારા જુદા-જુદા કેમિકલો, બેન્ટોનાઈટ માટી, લાકડાનો વેર, અખાદ્ય અનાજ જેવા પદાર્થોની ભેળસેળ કરતા હોવાની ઘટનાઓ સામે આવી છે. પશુઓ અને



માનવના હિતમાં આવી ઓઈલ મીલો અને વેપારીઓ સામે પગલાં કાર્યવાહી સુધીના કડકમાં કડક પગલાં લેવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે, તેમ પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં તેમજ અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની પ્રેરક ઉપસ્થિતિમાં અધિકારીશ્રીઓ સાથે આ અંગે એક ખાસ બેઠક મળી હતી.

વધુ વિગતો આપતા મંત્રી પટેલે ઉમેર્યું હતું કે, રાજ્યમાં આ ભેળસેળયુક્ત ખાણદાણ સસ્તા ભાવે વેચાણના કારણે સાચા ખાણદાણ ઉત્પાદક વેપારીઓને પણ નુકસાન થાય છે. આવા ભેળસેળયુક્ત ખાણદાણના કારણે પશુઓમાં રોગચાળો, પશુ દૂધમાં આવા ઝેરી તત્વ ભળતા માનવીના સ્વાસ્થ્ય પર પણ ખરાબ અસર થાય છે. જેનાથી કેન્સર જેવા ભયાનક રોગ થાય છે, તેવી ગુજરાત કોટન સીડ્સ ક્રશર્સ એસોસિએશન, ગ્રાહક સુરક્ષા અને કિસાન સંઘ દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રશ્નને ગંભીરતાથી ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા કરક પગલા ભરાશે.

### 43 ટકા ઘરોમાં લાઈટબિલમાં મહિને લુઘત્તમ 1000 રૂ. નો ઘટાડો જોવા મળ્યો

## રૂફટોપ સોલાર પેનલ દ્વારા વીજગ્રાહકોના કરોડો બચ્યા

ગુજરાત | વંદન

રૂફટોપ સોલાર પેનલ લગાવવામાં ગુજરાત આખા દેશમાં સૌથી આગળ છે અને તેના કારણે ગુજરાતીઓએ લાઈટબિલમાં પણ મોટી બચત કરી છે. લેટેસ્ટ આંકડા પ્રમાણે ગુજરાતમાં સોલાર પેનલ ઈન્સ્ટોલ કરાવનારા 43 ટકા ઘરોમાં લાઈટબિલમાં મહિને ઓછામાં ઓછા 1000 રૂપિયાનો ઘટાડો થયો છે. ગુજરાતમાં માત્ર શહેરો જ નહીં પરંતુ નાના ગામડાં પણ રૂફટોપ સોલાર પેનલ લગાડવામાં બહુ આગળ નીકળી ગયા છે.

વડોદરાની એમ એસ યુનિવર્સિટી અને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડના તાજેતરના સ્ટડીમાં આ હકીકત બહાર આવી છે. આ અભ્યાસમાં રૂફટોપ સોલાર પેનલની સ્કીમ કેટલી સફળ રહી છે અને તેનાથી લોકોને કેટલો ફાયદો થયો તેનો અંદાજ કાઢવામાં આવ્યો છે. શનિવારે અમદાવાદ ખાતે નેશનલ કોન્ક્લેવ ઓન સોલાર રૂફટોપમાં આ ડેટા પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

ગુજરાતમાં હાલમાં મકાનો પર રૂફટોપ સોલારનું ચલણ એટલું બધું વધ્યું છે કે તેનાથી વીજ ઉત્પાદનમાં પણ સતત વધારો થયો છે. અત્યારે ગુજરાતમાં સોલાર પેનલની ઈન્સ્ટોલ્ડ કેપેસિટી 3174 મેગાવોટ છે અને આખા દેશની કુલ ઈન્સ્ટોલ્ડ કેપેસિટી 10,406 મેગાવોટમાં ગુજરાત 31 ટકા હિસ્સો ધરાવે છે તેવું લોકસભામાં સરકારે જણાવ્યું હતું.

રિન્યુએબલ એનર્જી મંત્રી આર કે સિંઘે જણાવ્યું કે સોલર રૂફટોપ સ્કીમના બીજા તબક્કામાં ગુજરાત સૌથી મોટો લાભાર્થી રાજ્ય છે. આ



સ્કીમમાં સોલાર પેનલ લગાવવા માટે સરકાર દ્વારા 74 ટકા સુધી સબસિડી સહાય કરવામાં આવે છે. વર્ષ 2019 અને નવેમ્બર 2023 વચ્ચે ગુજરાતની ઈન્સ્ટોલ્ડ કેપેસિટી 1956 મેગાવોટ હતી જે કુલ કેપેસિટીમાં 61 ટકા હિસ્સો ધરાવે છે.

અન્ય એક જવાબમાં જણાવવામાં આવ્યું હતું કે ગુજરાત સોલાર પાવર જનરેશનમાં બીજા ક્રમે હતું અને 10,417 મેગાવોટ વીજ ઉત્પાદન કરવામાં આવ્યું હતું. એટલે કે કુલ ઉત્પાદન ક્ષમતામાં ગુજરાતનો હિસ્સો 30 ટકા કરતા વધુ છે. અમદાવાદના એક એનર્જી એક્સપર્ટે જણાવ્યું કે અલગ અલગ જગ્યાએથી સોલાર પેનલ પાવર જનરેશનનો ડેટા આવતો હોય છે. ઘણી નવી રેસિડેન્શિયલ સ્કીમમાં હાઈ કેપેસિટી સોલાર વોટર હીટર અને ઈલેક્ટ્રિસિટી જનરેશન પ્લાન્ટ હોય છે અને તેમાં વધારાનો પાવર ગ્રીડમાં આવે છે. હવે ઘણી રેસિડેન્શિયલ સોસાયટીઓ પણ રૂફટોપ સોલાર પેનલ લગાવીને વીજ ઉત્પાદન કરી રહી છે. ગુજરાતમાં જે લોકો સોલાર રૂફટોપ લગાવે છે તેમાંથી 95 ટકા પરિવારોની વાર્ષિક આવક 10 લાખ રૂપિયા કરતા ઓછી હતી અને તેમણે નાણાકીય બચત કરવા માટે સોલાર પેનલ લગાવવી હતી. હાલમાં ગુજરાતમાં વિન્ડ પાવરમાં 11 ગીગાવોટ અને સોલાર પાવરમાં 10.4 ગીગાવોટની કેપેસિટી છે. ગુજરાતમાં માથાદીઠ વીજળીનો વપરાશ 2283 યુનિટ છે અને ઈન્સ્ટોલ્ડ કેપેસિટીમાં આખા દેશમાં સૌથી આગળ છે. સોલાર પેનલના કારણે ગુજરાતના રહેવાસીઓએ દર વર્ષે લગભગ 2000 કરોડ રૂપિયાની બચત કરી છે. આ ઉપરાંત 1267 મિલિયન યુનિટ પાવર ગ્રીડમાં પરત આપ્યો છે.

### હાલમાં જ એક પુજારીની વાંધાજનક પોસ્ટ મુકનાર બાજ નજરને કારણે ઝડપાયો હતો

## સોશિયલ મીડિયામાં વિવાદી પોસ્ટ પર નજર રાખવા સાયબર મોનિટરિંગ સેલ સતર્ક બન્યું

ગુજરાત | વંદન

આગામી જાન્યુઆરીમાં યોજાનારા અયોધ્યા રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે અમદાવાદના એક યુવકે મંદિરના પૂજારી અંગે વિવાદ અને ધાર્મિક લાગણી દુભાય તેવી પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ કરી હતી, જે અંગેની જાણ થતા જ અમદાવાદ સાઈબર ક્રાઈમ બ્રાન્ચની ટીમે આ પોસ્ટ કરનાર યુવકને ઝડપી લીધો હતો અને આ પોસ્ટ તાત્કાલિક સોશિયલ મીડિયા પરથી દૂર કરાઈ હતી. આ તો થઈ એક પોસ્ટની વાત, પરંતુ તાજેતરમાં ચોક્કસ તત્ત્વો દ્વારા સામાજિક શાંતિ ડહોળાય અને લોકોની ધાર્મિક અથવા સામાજિક લાગણી દુભાય તેવા મેસેજ સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવી રહ્યા છે. આવા તત્ત્વોને ડામવા માટે તેમજ તેમની કોઈપણ પોસ્ટ સામાજિક શાંતિ ડહોળે નહીં તે માટે ગુજરાત પોલીસના સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલ, અમદાવાદ સાઈબર ક્રાઈમ બ્રાન્ચ અને ક્રાઈમ બ્રાન્ચની સાઈબર લેબના અધિકારીઓને ખાસ એલર્ટ રાખવામાં આવ્યા છે.

ગત વર્ષે સોશિયલ મીડિયા ઉપર મૂકાયેલી પોસ્ટના અનુસંધાનમાં જ અમદાવાદ જિલ્લાના એક યુવકની હત્યા કરવામાં આવી હતી. જ્યારે રથયાત્રા પૂર્વે રાજસ્થાનમાં દરજી કામ કરતા યુવકની ગળું કાપીને હત્યા કરવામાં આવી હોવાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા જેને કારણે ધાર્મિક લાગણી દુભાઈ અને સામાજિક વ્યવસ્થા જોખમાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું, પરંતુ પોલીસે તરત જ આવા વીડિયો અને પોસ્ટ દૂર કરી હતી અને તેના કારણે કોઈ અશાંતિ ઊભી થાય નહીં તેના માટે ખાસ તકેદારી રાખી હતી.

આવી ઘટનાઓ બાદ માત્ર ગુજરાત નહીં, પરંતુ દેશભરમાં પોલીસ દ્વારા સોશિયલ મીડિયાના તમામ પ્લેટફોર્મ પર સતત વોચ રાખવામાં આવી રહી છે. જેમાં કોઈ પણ પ્રકારના સોશિયલ મીડિયા ગ્રૂપ ઉપર કોઈ સમાજ કે ધર્મની લાગણી દુભાય તેવી પોસ્ટ કે વીડિયો અપલોડ કરવામાં આવે કે વાયરલ કરવામાં આવે તો તરત જ તેને હટાવી દેવામાં આવે છે અને આ કૃત્ય કરનાર તત્ત્વો સામે તપાસ પણ કરવામાં આવે છે. છેલ્લા ઘણા લાંબા સમયથી સોશિયલ મીડિયાના જુદા જુદા પ્લેટફોર્મ પર યુવતીઓ અને મહિલાઓને ટાર્ગેટ કરીને તેમને બદનામ કરવાના પ્રયાસ કરવામાં આવતા હોવાની પણ હજારો ફરિયાદ પોલીસને મળી રહી છે તો પોલીસ દ્વારા આવા સાયબર રોમિયોને પણ ઝડપી લઇ તેમની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## વાયબ્રન્ટ - 2024 અંતર્ગત અત્યાર સુધીમાં કુલ રૂ. 3.37 લાખ કરોડનું રોકાણ પ્રાપ્ત થયું

### રૂ.2.91 લાખ કરોડના સંભવિત રોકાણના કુલ ૧૪૭ MOU સંપન્ન

ગુજરાત | વંદન

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જાન્યુઆરીમાં યોજાનાર ૧૦મી વાઈબ્રન્ટ સમિટ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, તા. ૧૦થી ૧૨ જાન્યુઆરી,૨૦૨૪ દરમિયાન ગાંધીનગર ખાતે ૧૦મી વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.જેના ભાગરૂપે આજે વિક્રમી ૧,૫૬,૦૦૦ કરોડના ૪૭ જેટલા MOU થયા છે. આ ઉપરાંત આ વખતે વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ નવીન પહેલ(VGCD) અંતર્ગત અંદાજીત રૂ.૪૬,૦૦૦ કરોડના ૨૬૦૦ MOU થયા છે. જેનાથી દેશમાં ૧.૭૦ લાખ નાગરિકોને રોજગારી મળશે.

વધુમાં દર બુધવારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ થતાં MOU માં અત્યારસુધીમાં રૂ. ૨.૯૧ લાખ કરોડના અન્ય ૧૪૭ MOU સંપન્ન થયા છે.

આમ ૧૦ મી વાઈબ્રન્ટને પગલે અત્યાર સુધીમાં કુલ ૨૭૪૭ MOU સંપન્ન થયા છે. જેનાથી અંદાજીત રૂ. ૩.૩૭ લાખ કરોડનું સંભવિત રોકાણ આવવાની સંભાવના છે. જેનાથી ૧૦.૯૧ લાખ સંભવિત રોજગારી પ્રાપ્ત થશે તેમ મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું.પ્રવક્તા મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાતની ૧૦ મી આવૃત્તિમાં ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ઈજિપ્ત, ઈસ્ટોનિયા, ફિનલેન્ડ, જર્મની, જાપાન, મલેશિયા, મોરોક્કો, મોઝામ્બિક, નેપાળ, નેધરલેન્ડ, નોર્વે, સિંગાપુર, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, સંયુક્ત આરબ અમીરાત, યુનાઈટેડ કિંગડમ, તથા ચેક રિપબ્લિક, પોલેન્ડ, તાન્ઝાનિયા એમ કુલ ૨૧ રાષ્ટ્રો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાઈ રહ્યા છે. જેમાં વધુ દેશો જોડાવાની સંભાવના છે. આ ઉપરાંત ૧૬ પાર્ટનર સંસ્થાઓ ભાગ લઈ રહ્યા છે.

ભારત સહિત દુનિયાના કુલ ૭૨ દેશોમાંથી અત્યાર સુધીમાં ૭૫,૦૦૦ ડેલિગેટ્સએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત કુલ દેશના ૧૦ મોટા શહેરોમાં રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત તા. ૨૨ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ હૈદરાબાદ ખાતે વધુ એક રોડ શો યોજાશે. વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત ૧૧ દેશોમાં ઈન્ટરનેશનલ રોડ શો યોજાયા હતા.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, અત્યાર સુધીમાં ૧૨ પ્રી-સમિટ સેમિનાર/ઈવેન્ટસનું આયોજન થઈ ચુક્યુ છે અગામી સમયમાં ત્રણ પ્રી-સમિટ સેમિનાર/ઈવેન્ટસનું આયોજન કરવામાં આવશે. વાયબ્રન્ટ સમિટ દરમ્યાન વિવિધ દેશોના કન્ટ્રી સેમિનાર આયોજીત કરવામાં આવશે. આ ઉપરાંત સમિટના ત્રણ દિવસ દરમ્યાન વિવિધ વિષયો પર ૨૦ થી વધુ સેમિનાર યોજાશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

સંપાદકીય....

# કાલે કોઈ ભાજપી સાંસદ રાહુલની કે સોનિયાના ચાળા પાડશે તો...?!



મીમીક્રી ભલે એક આર્ટ કે કલા કહી શકાય. પણ તમે ક્યારે કોની ક્યા સંદર્ભમાં મીમીક્રી કરો છો તેના પર મીમીક્રી કરનારની નિર્દોષતાનો આધાર રહેલો છે. ફિલ્મોમાં અને નાટકોમાં કે સંગીત પાર્ટીઓમાં મીમીક્રી એટલે કે ઠઠ્ઠા મશ્કરી થતી હોય છે અને તેનો આનંદ લેવાતો હોય છે.પરંતુ દેશની સંસદના પગથિયા પર બેસીને રાજ્યસભાના ઉપસભાપતિ કે જેઓ દેશના ઉપરાષ્ટ્રપતિ પણ છે એમની વિપક્ષી સાંસદો દ્વારા મીમીક્રી કરવામાં આવી તેમાં નિર્દોષતાનો લેશમાત્ર પણ અંશ નથી, નથી અને નથી.

નવી સંસદમાં 13 ડિસેમ્બરના રોજ કેટલાક યુવાનો ઘૂસી ગયા અને દેશના સૌથી સલામત અને સુરક્ષિત સ્થળ ખાતે સ્મોક એટેકનો પ્રાયસ કર્યો. સંસદની સુરક્ષામાં ક્યાં કામી રહી ગઇ તેનો જવાબ સરકાર પાસેથી માંગવા માટે લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષી સાંસદોએ ધાંધલધમાલ મચાવી. નિયમોનું ઉલ્લંઘન કર્યું અને તે બદલ તોફાની સાંસદોને સસ્પેન્ડ કરાયા જેનો આંકડો 150ની ઉપર પહોંચ્યો છે.

સંસદની કાર્યવાહીમાંથી દૂર કરાયેલા વિપક્ષી સાંસદોએ સંસદના પગથિયે બેસીને ધરણાં દેખાવો કરતી વખતે એક સિનિયર સાંસદે રાજ્યસભાના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની મજાક ઉડાવતી મીમીક્રી કરી, તેઓ કઇ રીતે બોલે છે તેની મજાક મસ્તી કરવામાં આવી અને સૌથી ગંભીર તો એ છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી તેમને રોકવાને બદલે નાના બાળકની જેમ પોતાના મોબાઇલમાંથી તેમની વિડિયો ઉતારી રહ્યાં હતા....!

દેખીતી રીતે જ ભાજપ અને મોદી સરકારે તે તક ઝડપી લઇને વિપક્ષોની ભારે ટીકા કરી અને વડાપ્રધાન મોદીએ ઉપરાષ્ટ્રપતિને ફોન કરીને તેમની મજાક ઉડાવવા બદલ દુખ વ્યકત કર્યું અને સાથે પોતાની વેદના પણ વ્યકત કરી કે તેઓ તો છેલ્લાં 20 વર્ષથી આવુ અપમાન વિપક્ષો તરફથી વેઠી રહ્યાં છે. ઉપરાષ્ટ્રપતિ ધનખડેએ એમ કહ્યું કે તેઓ જાટ સમુદાયના અને ખેડૂત પરિવારના હોવાથી વિપક્ષો દ્વારા તેમનું ઘોર અપમાન તેમની જાતિને લઇને કરવામાં આવ્યું છે.

આવુ પહેલીવાર બન્યું છે. પહેલીવાર રેકોર્ડ સંખ્યામાં વિપક્ષી સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. પહેલીવાર ઉપરાષ્ટ્રપતિ જેવા પદ પર બિરાજમાન સન્માનનિયનું આ રીતે જાહેરમાં તેમની બોલવાની નકલ કરીને તેમનુ ઘોર અપમાન કરવામાં આવ્યું છે અને પહેલીવાર એવુ થયું કે જાતિને લઇને અપમાન તો તીને એવા સવાલો પણ કરવામાં આવ્યાં.

વિપક્ષી સાંસદોએ વાસ્તવમાં મર્યાદા અને ગરિમા જાળવવાની જરૂર હતી. તેમને જગદીપ ધનખડ પ્રત્યે ભલે અંગત અણગમો હોય પણ તેઓ એક બંધારણિય પદ પર બિરાજમાન છે. એવુ જ અપમાન કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયા દ્રૌપદી મૂર્મુને લઇને કરી હતી. અને હવે ઉપરાષ્ટ્રપતિને લઇને તેમની મીમીક્રી ઉતારવી, તેમને હલકા ચિતરવા એ વિપક્ષી સાંસદોને શોભતુ નથી. કાલે કોઇ ભાજપી સાંસદ રાહુલની કે સોનિયાની મીમીક્રી કરશે કે તેમના ચાળા પાડશે તો તેને સહન કરવાની તૈયારી પણ રાખવી પડે. ખાસ કરીને મીમીક્રીનો વિડિયો ઉતારનાર રાહુલ ગાંધીએ....!

## વિશ્વભરમાં ક્રિસમસ સાથે જોડાયેલા છે ચિત્રવિચિત્ર રિવાજો.....અને અમદાવાદમાં..?

### સફરજનની ભેટ-પગરખા ઘરની બહાર-અથાણું શોધો- ઘોડાનો માસ્ક પહેરીને ગીતો ગાઓ...

# ફરીને આવી નાતાલ: નાતાલના તાલે ગા લો..મુસ્કરા લો..મહેફિલે સજા લો...!

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

દુનિયાના સૌથી મોટા ધર્મ તરીકે ખ્રિસ્તી ધર્મની ગણના થાય છે. ઈશુ ખ્રિસ્ત દ્વારા તેની સ્થાપના અને તેના સિધ્ધાંતો વિશ્વભરમાં ફેલાયેલા છે. અંગ્રેજી કેલેન્ડર તેમના નામથી ચલણમાં છે. તેમનો મુખ્ય તહેવાર આજે અમદાવાદ સહિત અમેરિકામાં હોંશે હોંશે ઉજવાય છે. જો કે આ ધર્મની સાથેની ઉજવણી એટલી પ્રચલિત થઇ ગઇ છે કે અન્ય સમુદાયના લોકો પણ 25 ડિસેમ્બર નાતાલ અને થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે થનગનતા હોય છે. આ તહેવારની સાથે કેટલીક વિચિત્ર માન્યતાઓ પણ જોડાયેલી છે.



ક્રિસમસ એ વિશ્વના દરેક ખૂણે ઉજવાતો તહેવાર છે. તે દરેક જગ્યાએ ઉજવવામાં આવે છે, તેથી દરેક પ્રદેશની વિશેષતાઓ તેમાં ઉમેરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન વિવિધ દેશોમાં વિવિધ પ્રકારની માન્યતાઓ, રિવાજો, પરંપરાઓ અને ખોરાક જોઈ શકાય છે. નાતાલને લગતી એવી પરંપરાઓ વિશે વાત કરીએ કે જે અનોખી છે અને તે વિવિધ દેશોમાં ઉજવાતી નાતાલની વિશેષતા બની ગઈ છે.

જો કે ક્રિસમસ 25મી ડિસેમ્બરે ઉજવવામાં આવે છે, જો કે જ્યારે અંગ્રેજી લોકો 25મીએ જ મુખ્ય તહેવાર ઉજવે છે, ત્યારે જર્મનીમાં વાસ્તવિક તહેવાર 24મી ડિસેમ્બરની રાત્રે થાય છે. આવી સ્થિતિમાં, જો કોઈ જર્મન છે અને અંગ્રેજી પરિવારમાં લગ્ન કરે છે, તો તેના ઘરે બે દિવસ ક્રિસમસ ઉજવવામાં આવે છે. આ સમય દરમિયાન, નાતાલની સજાવટ અને ખોરાકમાં તફાવત છે. નાતાલને લગતી પરંપરાઓ યુરોપિયન દેશોમાં એકદમ સમાન છે પરંતુ બાકીની દુનિયામાં એવી નથી.



જર્મનીમાં પગરખાં ઘરની બહાર રાખવાનો રિવાજ: અહીં 5 ડિસેમ્બરે શિયાળાના જૂતા ઘરના દરવાજાની બહાર રાખવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે સેન્ટ નિકોલસ રાત્રે આવશે અને બૂટને કેન્ડી, બદામ વગેરેથી ભરી દેશે. જો તમે નસીબદાર છો, તો તમે કેટલીક ભેટો પણ રાખી શકો છો. જૂતા રાખવાની આ પરંપરા ઈંગ્લેન્ડથી અલગ છે, જ્યાં સામાન્ય રીતે સાન્તાકલોઝ તરફથી ભેટ મેળવવા માટે લાલ મોજાં રાખવામાં આવે છે.

અથાણું શોધો...!- જર્મનીમાં ક્રિસમસ ટ્રીને સજાવવા સંબંધિત પરંપરા પણ છે. ઘણા પરિવારો તેમના ઘરની વસ્તુઓથી વૃક્ષને શણગારે છે જે તેઓએ તેમની વિવિધ મુસાફરી દરમિયાન એકત્રિત કરી હતી. તેમની વચ્ચે સુશોભન અથાણું લટકાવવામાં આવે છે. આ વર્ષો જૂની પરંપરા છે. જે તેને નાતાલની સવારે ક્રિસમસ ટ્રીમાં પ્રથમ શોધે છે તેને ભેટ મળે છે. એવું પણ માનવામાં આવે છે કે જે તેને શોધી કાઢે છે તે આવનારા વર્ષમાં ખૂબ જ શુભ રહેશે.

ઘોડાનો માસ્ક પહેરીને ગીતો ગાઓ: બ્રિટનના વેલ્સમાં એક રિવાજ છે કે ઘોડાના માસ્ક પહેરેલા લોકોનું એક જૂથ ઘરે-ઘરે જઈને ગીત ગાશે અને અંદર પ્રવેશ માટે પૂછશે. જો પરિવારના સભ્યો એન્ટ્રી ન આપવા માંગતા હોય તો તેઓ બદલામાં ગીત ગાઈને પણ ના પાડી દેશે. જો કે, આ લોકોને સામાન્ય રીતે એન્ટ્રી મળે છે અને પરિવારના સભ્યો તેમને ખાવા-પીવાનું આપીને વિદાય કરે છે.

કામ પૂર્ણ કરો અથવા બિલાડી તેને ખાઈ જશે: આઈસલેન્ડમાં એવું માનવામાં આવે છે કે જે બાળકો ક્રિસમસ પહેલા તેમના તમામ કામ પૂર્ણ કરે છે તેઓને જ નવા કપડાંની ભેટ મળશે. જેઓ આમ નહીં કરે તેમને શેતાન બિલાડી ખાઈ જશે.

પુસ્તકો આપવા અને વાંચવાનો ટ્રેન્ડ: આઈસલેન્ડમાં ક્રિસમસ પર પુસ્તકો ભેટ આપવાની પરંપરા પણ છે. તેઓ માત્ર ભેટો જ નથી આપતા, પરંતુ સાંજે બધા સાથે બેસીને એકબીજાને તેમના નવા પુસ્તકો વાંચે છે. એવું કહેવાય છે કે આ પરંપરા 1930ના દાયકાની છે જ્યારે રેકજાવિક લાઈબ્રેરીએ લોકોને વાંચવાની ટેવ વિકસાવવા માટે પુસ્તકો ભેટ આપવાનું શરૂ કર્યું હતું. પરંતુ આજના મોબાઇલ યુગમાં આ પ્રથા વિસરાઇ રહી છે.

બ્રિટનમાં ડાઈનિંગ ટેબલ પર ક્રિસમસ ફટાકડા: બ્રિટનમાં, ક્રિસમસ પર, દરેક વ્યક્તિ ક્રિસમસ ક્રેકરનો એક છેડો પકડીને ડિનર ટેબલ પર બેસે છે અને તેને એકસાથે ખેંચે છે. આ એક મોટો અવાજ કરે છે અને કાગળની ટોપી, એક નાની ભેટ બહાર પડે છે. આ પછી આ ટોપી પહેરવી પડશે. સામાન્ય રીતે, ક્રિસમસ ફટાકડાઓમાં પ્લાસ્ટિકના સસ્તા રમકડા હોય છે અથવા લોકો વ્યક્તિગત ભેટ પણ રાખે છે.

ક્રિસમસ માટે સુશોભિત રૂમમાં કપલ પુલિંગ ક્રેકર:



મૂળાની કલા: મેક્સિકોના ઓક્સાકા સિટીમાં 23 ડિસેમ્બરના રોજ મૂળાની રાત ઉજવવામાં આવે છે. એવું કહેવાય છે કે તેની શરૂઆત શહેરના લાકડા કોતરનારાઓએ કરી હતી. તેઓ ક્રિસમસ માર્કેટમાં લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે મૂળાની કોતરણી કરતા હતા. આ મૂળા વિશાળ કદના હતા. બહારથી લાલ અને અંદરથી સફેદ. આજકાલ મૂળાની કોતરણી કરીને સુંદર વસ્તુઓ બનાવવાની હરીફાઈ ચાલી રહી છે.



સ્વીડનમાં મૂવી જોવાનું વલણ: સ્વીડનમાં દરેક ક્રિસમસના દિવસે મૂવી જોવી જ જોઈએ - આપણા બધાથી તમારા બધાએ. આ 1958માં બનેલી ડિઝની ક્લાસિક મૂવી છે. આખો પરિવાર તેને એકસાથે જુએ છે. એ જ રીતે લવ એક્ચ્યુઅલી બ્રિટનમાં જોવા મળે છે અને હોમ અલોન, એલ્ફ અને ધ ગ્રિન્ચ અમેરિકામાં જોવા મળે છે.

ઓસ્ટ્રેલિયનો ઉનાળામાં ક્રિસમસ ઉજવે છે: ઓસ્ટ્રેલિયનો પણ 25મી જુલાઈએ નાતાલની ઉજવણી કરે છે. અહીં લોકો બીચ પર જઈને અને બગીચામાં શોટ્ર્સ પહેરીને આ દિવસની ઉજવણી કરે છે. વાઇનની જગ્યાએ કોલ્ડ બીયર પીવામાં આવે છે. જો કે, આ લોકો 25મી ડિસેમ્બરે ક્રિસમસ પણ ઉજવે છે.


ચીનના લોકો એકબીજાને સફરજન ભેટમાં આપે છે: ચીનમાં માત્ર એક ટકા વસ્તી ખ્રિસ્તી છે.

આવી સ્થિતિમાં, ક્રિસમસની ઘણી ઉજવણીઓ નથી થતી પરંતુ અહીં એક મજાની પરંપરા પણ છે. અહીં લોકો ક્રિસમસ પર એકબીજાને સફરજન આપે છે. આ બધું બહારથી સારી રીતે લપેટીને એક સરસ બોક્સમાં પહોંચાડવામાં આવે છે.

સફરજનની છાલ પર ટેટૂ કરીને આર્ટવર્ક કરવામાં આવે છે. તેમાં ચિત્રોથી લઈને અભિનંદન સંદેશાઓ સુધી બધું જ છે. હકીકતમાં, ચીનમાં, નાતાલને સલામતી અને શાંતિની રાત્રિ માનવામાં આવે છે અને તેઓ સફરજનને પણ સમાન લાગણી સાથે જોડે છે. ક્રિસમસ પર સફરજન આપવાનું ચલણ એટલું વધારે છે કે ક્રિસમસ પર સફરજનના ભાવ પણ ખૂબ વધી જાય છે. અને આપણાં અમદાવાદમાં 31 ડિસેમ્બરની રાત્રિએ સીજી રોડ પર ધમાલ મસ્તી..ડીજેના તાલે નાચગાન...ના દ્રશ્યો જોવા મળે છે અને સાથે કાંકરિયા કાર્નિવલ તો ખરૂ જ....!

## ધર્મ

# 26મીએ દત્ત જયંતી ઉજવાશે



વૈદિકકાળમાં થઇ ગયેલા સપ્ત ઋષિઓમાં એક ઋષિ એટલે અત્રિ. તેમણે કર્દમકન્યા અનસૂયા સાથે લગ્ન કર્યાં હતાં. આ ઋષિદંપત્તીનું જીવન ઉત્કૃષ્ટ હતું. બંનેના જીવનમાં સાત્ત્વિકતાનો કેવો યોગાનુયોગ થયેલો! અત્રિ 'મહર્ષિ' હતા તો અનસૂયા 'મહાસતી' બંનેની ખૂબ તેજસ્વી પ્રતિભા. 'અત્રિ'માં 'અ' એટલે નહી અને 'ત્રિ' એટલે ત્રિગુણ. જે સત્ત્વ, રજ અને તમ. એવા ત્રણ ગુણોથી પર છે તે એવી રીતે 'અનસૂયા' એટલે સ્ત્રીસહજ ઈર્ષ્યા. અસૂયા જેને સ્પર્શી શકી નથી એવી જીવંત નિખાલસતા એટલે અનસૂયા. આવાં માતાપિતાને ત્યાં તેજસ્વી અને સર્વગુણ સંપન્ન દત્ત જેવો પુત્ર જન્મ ધરે છે.

એકવાર અત્રિ ઋષિના આશ્રમમાં ત્રિદેવ એવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અનસૂયાના સતીત્વની પરીક્ષા કરવા ઉપસ્થિત થયા. તેમણે અનસૂયાને વિવસ્ત્ર અવસ્થામાં ભિક્ષા આપવાનું કહ્યું. મહાસતી માટે એ કામ મુશ્કેલ હતું. પરંતુ તેમણે પ્રભુસ્મરણ તેમજ પોતાના તપના પ્રભાવથી એ ત્રિદેવને બાળકો બનાવી દીધાં અને ભિક્ષા આપી તેમને સંતુષ્ટ કર્યા. ત્રણેય દેવો અનસૂયાના માતૃરૂપને મનોમન વંદી રહ્યા અને તેમણે મહાસતી અનસૂયાની કૂખે જન્મ ધારણ કરવાની મનીષા વ્યક્ત કરી. આ બ્રહ્મા, વિષ્ણમુ અને મહેશના અંશાવતારરૂપ જન્મેલ બાળક તે દત્ત. મહર્ષિ અત્રિએ પણ પ્રાર્થના કરતાં કહેલું: ' હે પ્રભુ તું મને એવું સંતાન આપ કે જેમાં સર્જન કરનાર બ્રહ્માની, પાલન કરનાર વિષ્ણુની અને વિસર્જન કરનાર શિવની શક્તિરૂપ ગુણો હોય.' સમયાંતરે પ્રભુએ તેમને એવો જ પુત્ર આપ્યો તે દત્ત. જે અત્રિ ઋષિના ગુણસંપન્ન સંતાન તરીકે 'આત્રેય' કહેવાયો. આમ તેમનું દત્તાત્રેય એવું નામાભિધાન થયું. પ્રતિ વર્ષ માગશર સુદ ચૌદશ, તેમની જન્મજયંતિ તરીકે ખુબ ભક્તિભાવથી ઉજવાય છે.

ભગવાન દત્તાત્રયના હાથમાં સર્જક દેવ બ્રહ્માનાં કમંડળ અને માળા છે. કમંડળમાં રહેલું પાણી આપણું જીવન છે. આપણું જીવન તથા પ્રત્યેક સર્જન પ્રાણવાન હોવું જોઇએ અને જીવનને પ્રાણવાન બનાવવા માટે ભક્તિ જોઇએ. આમ માળાએ ભક્તિનું પ્રતિક બને છે. દત્તાત્રયના હાથમાં પાલકદેવ વિષ્ણુ પ્રદત્ત શંખ અને ચક્ર છે. એનો ભાવાર્થ એ છે કે શંખની જેમ તેજસ્વી વિચારોનો ઉદ્ઘોષ કરી તેને ચક્રની જેમ દુનિયામાં ફરતા કરવામાં આવે તો એનાથી આ જગતને શ્રેયનો માર્ગ મળે. તેમના હાથમાં શિવનાં ત્રિશૂળ અને ડમરું છે. એટલે જીવનમાં સંહાર પણ છે અને સંગીત પણ. જીવનમાંથી જીર્ણતા જાય તો નવસર્જનનું સંગીત રેલાય. ભગવાન દત્તાત્યને જે તત્ત્વોમાંથી શિક્ષા મળી છે તે સર્વને તેમણે ગુરુપદે સ્થાપ્યો. કહેવાય છે કે તેમના ચોવીસ ગુરુઓ હતા. જેમાં પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, સાગર, સૂર્ય, ચંદ્ર, હાથ, શ્વાન, અજગર, હરણ, ભમરો, પતંગિયું, મધમાખી, બગલો, ગીધ, કબૂતર, કોયલ, બાળક તથા કન્યાનો સમાવેશ થાય છે. આ વિવિધ ગુરુઓ દ્વારા તેમને જીવનમાં ક્ષમા, અનાસક્તિ, તેજસ્વિતા, પ્રસન્નતા, ગંભીરતા, અપરિગ્રહ, સમદ્રષ્ટિ, સમર્પણ ભાવના, ત્યાગ, સ્વાવલંબન તેમજ મધુરવાણીની શિક્ષા મળી હતી. તેમના જીવનમાંથી આપણને એ પ્રેરણા મળે છે કે જ્યાંથી કંઇ શીખવાનું મળે તેનું સન્માન કરો. જીવનમાં સદ્જ્ઞાન ગ્રહણ કરો અને જીવનને સદાચરણથી સાર્થક બનાવો.

## પુસ્તક-પરિચય



▪ રિપલકુમાર પરીખ

# આપણો સાચો ઈતિહાસ કેવો હતો?

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

આપણને અત્યારસુધી ભણાવવામાં આવેલો ઈતિહાસ શું ખરેખર સાચો છે? મુગલ આક્રમણ પહેલાંનું તથા અંગ્રેજો આવ્યા તે પહેલાંનું આપણું ભારત કેવું હતું? તે સમયે ભારતની શિક્ષણવ્યવસ્થા, સ્વાસ્થ્ય સેવાઓ, ભારતના વ્યાપાર ઉદ્યોગો કેવાં હતાં? સૌથી પહેલાં દિશાદર્શક યંત્રની શોધ કોણે કરી હતી? તેનું નામ શું હતું? , "ચરખા" ની વિશ્વને ભેટ કોણે આપી?, વિશ્વનું પ્રથમ વિશ્વવિદ્યાલય કયું હતું? અને તેનો અભ્યાસક્રમ શું હતો? વર્ષો પહેલાં ચિકિત્સાક્ષેત્રે ભારત કેવું હતું? પ્લાસ્ટિક સર્જરીની શોધ ખરેખર કોણે કરી હતી? દુનિયામાં સૌથી પહેલાં રસીકરણ ક્યાં થતું હતું? અંગ્રેજોએ ભારતીયો પર કેટલી ક્રુરતા કરી હતી? ભારતીયો પર અંગ્રેજોએ કરેલી બર્બરતા, નિર્મમતા અને તેમના દ્વારા કરવામાં આવેલો અન્યાય અને અત્યાચાર કેવો હતો? આ અને આવા અનેક સવાલોના સાચા તથા તથ્યાત્મક અને સંદર્ભો સાથેની રજૂઆત જાણવી હોય તો શું કરી શકાય?

હાલમાં જ " ભારતીય વિચાર મંચ " , અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ લેખક અને સંશોધનકાર શ્રી પ્રશાંત પોળના પુસ્તક " વિનાશપર્વ : અંગ્રેજોનું ભારત પર રાજ " નો ગુજરાતી અનુવાદ જે શ્રી શ્રીકાંત કાટદરે કર્યો છે, તેનું વિમોચન થયું. પ્રસ્તાવનામાં લેખક જણાવે છે કે, " અંગ્રેજોનું ભારત પર ટુકડે ટુકડે શાસન લગભગ ૧૯૦ વર્ષ રહ્યું, ભારતની અપાર સમૃદ્ધિ અને જ્ઞાનપરંપરાને કારણે ભારત પર સેંકડો વર્ષોથી બાહ્ય આક્રમણો થતાં જ આવ્યાં હતાં. એટલે અંગ્રેજોનું ભારત પરનું શાસન એ કોઈ નવીન વાત નહોતી તેમનાં પહેલાંનાં આક્રમકોએ ભારતને પેટ ભરીને લૂંટ્યું હતું અને અંગ્રેજોએ પણ એ જ કર્યું. "

આ પુસ્તકનું શીર્ષક " વિનાશપર્વ " રાખવા વિશે લેખક જણાવે છે, " જ્યારે આ પુસ્તકની ચર્ચા થઈ ત્યારે મારા કેટલાક મિત્રોનો મત હતો કે " વિનાશપર્વ " શીર્ષકમાં " પર્વ " શબ્દ યોગ્ય લાગતો નથી. પર્વનો અર્થ છે મંગલ પ્રસંગ - ઉત્સવ. પરંતુ એવું નથી પર્વ શબ્દ " કાલખંડ " માટે પ્રસ્તુત શબ્દ છે. મહાભારતમાં પર્વ શબ્દનો ઉલ્લેખ ઘણીવાર આવે છે. આદિપર્વ, સભાપર્વ, વિરાટપર્વ વગેરે અને જો આપણે ઉત્સવ સ્વરૂપે લેતાં હોઈએ તો પણ ભારતનો વિનાશ ઈંગ્લેન્ડ માટે ઉત્સવ જ હતો ને! અંગ્રેજોનું " વિનાશપર્વ "એટલે ભારતનો વિનાશ અને ઈન્ગ્લેન્ડનો વિકાસ.

આ પુસ્તકના પ્રકાશક " ભારતીય વિચાર મંચ " ગુજરાતના વૈચારિક જગતમાં ત્રીસથી વધુ વર્ષોથી કાર્યરત છે. આ મંચ દ્વારા સમાજજીવન અને રાષ્ટ્રજીવનના અનેક પાસાંને ઉજાગર કરતું બહુમૂલ્ય સાહિત્ય પ્રકાશિત કરવામાં આવે છે. અહીં આ પુસ્તક વિશે પ્રકાશક જણાવે છે, " એક સમયે ભારત વિશ્વ સિંહાસન પર બિરાજમાન દેશ હતો. જે હજારો વર્ષ સુધી પોતાના ઉદ્યોગ, વ્યાપાર, સેવા અને અધ્યાત્મની ધરોહરથી આ સિંહાસન પર બેસીને જગતપિતાનું દાયિત્વ નિભાવતો રહ્યો. આ સ્થિતિમાં ઉન્નત એવી ભારતીય વ્યવસ્થાઓ કેવી રીતે નાશ પામી, તેનાં કારણો, તેની પદ્ધતિ અને તેના પરિણામો વગેરે તમામ બાબતોને ખૂબ જ રોચકશૈલીમાં પરોવીને લેખકશ્રી પ્રશાંત પોળે તેને શબ્દબધ્ધ કરી છે. માત્ર તેટલું જ નહીં તે અંગેનાં તમામ આધાર પૂરાવા, દસ્તાવેજોની વિગતોનો પણ અહીંયા તેઓએ સમાવેશ કર્યો છે. "

આ પુસ્તક જ્યારે મેં વાંચ્યું ત્યારે ખરેખર આપણું પૌરાણિક ભારત , આપણી આર્થિક સ્થિતિ, આપણી શિક્ષણવ્યવસ્થા, આપણો વસ્ત્રઉદ્યોગ , આપણી ચિકિત્સાપદ્ધતિ એ સમયે બીજા દેશો કરતાં પણ ઘણી આગળ અને વ્યવસ્થિત હતી તેની સંદર્ભો અને તથ્યો સાથેની અભૂતપૂર્વ માહિતી મને જાણવા મળી, જેને આપણા પાઠ્યપુસ્તકોમાંથી કેમ બાકાત રાખવામાં આવી હશે? તે એક ગંભીર વિચારવા યોગ્ય વિષય છે. આ પુસ્તકમાં પાને પાને આપણા ભારતની એવી ખાસિયતો જાણવા મળે છે કે જે અત્યાર સુધી છુપી રાખવામાં આવી હતી. જેમકે,

* અંગ્રેજો ભારતને લૂંટવા માટે જ આવ્યાં હતાં, તેનો પુરાવો એ છે કે, અંગ્રેજી શબ્દકોશ ઓક્સફર્ડમાં પ્રવેશ કરનારો પહેલો શબ્દ જ " લૂંટ " હતો.

* જ્યારે અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે ૧૭૦૦ ની સાલમાં વિશ્વ વ્યાપારમાં ભારતની હિસ્સેદારી ૨૩% થી વધુ અર્થાત્ લગભગ એક ચતુર્થાંશ ( પા ભાગ ) હતી. તે દિવસોમાં ભારત વિશ્વનો સૌથી મોટો નિર્યાતક ( નિકાસકર્તા ) દેશ હતો.

*. ભારતમાં વહાણો દ્વારા થતા દરિયાઈ પ્રવાસને " નૌકાયન " અથવા પ્રાચીન કાળથી " નવગતિ " કહેવાય છે. " નવગતિ " સંસ્કૃત શબ્દ છે. એ જ શબ્દને આધારે અંગ્રેજી " નેવિગેશન " શબ્દ તૈયાર થયો એમ મનાય છે.

* વિશ્વના સહુથી પ્રાચીન ગ્રંથ રુગ્વેદમાં ભારતીયો દ્વારા થયેલી સામુદ્રિક યાત્રાના અનેક ઉલ્લેખો મળે છે.

* વિશ્વનું સૌથી પ્રાચીન " ટાઈડલ ડોક " ( Tidel Dock - ભરતીનું બારુ ). ૫૦૦૦ વર્ષ પહેલાં ગુજરાતનાં " માંગરોળ " માં બનેલું એક સમૃદ્ધ બંદર હતું. આજે તે જૂનાગઢ જિલ્લાનું નાનકડું બંદર છે.

*. પહેલી સદીમાં જ એક ગ્રીક નાવિક કપ્તાને પોતાની ડાયરી લખી છે. વર્ષ ૪૦ થી ૫૦ માં આ ડાયરી લખાઈ છે. તેમાં કોલકાતા પાસે, ગંગાના છેડા સુધીનાં ઉપરાંત ભરૂચનો પણ યુરોપનાં મહત્વનાં શહેરો સાથે વ્યાપાર થતો હોવાનો ઉલ્લેખ છે.

* ચંદ્રગુપ્ત મૌર્યના કાલખંડમાં ભારતનાં વહાણો વિશ્વ પ્રસિદ્ધ હતાં. આ જહાજો દ્વારા વિશ્વભરમાં ભારતનો વ્યાપાર ચાલતો હતો.

આવી તો અનેક ભારતની ખાસિયતોથી ભરેલું આ પુસ્તક આપણો ખરેખર સાચો ઈતિહાસ આપણને જણાવે છે. ઈતિહાસમાં રસ ધરાવતા દરેક વ્યક્તિ ઉપરાંત ભારતના દરેક રાષ્ટ્રપ્રેમી વ્યક્તિએ આ પુસ્તક અવશ્ય વાંચવું જ જોઈએ, તેવો આગ્રહ ચોક્કસ કરી શકાય. અને જો બની શકે તો આપણા શિક્ષણમાં પણ આ




પુસ્તકનો સમાવેશ કરવો જ જોઈએ, તેવું કહેવું પણ બિલકુલ અતિશયોક્તિ નથી.

### વિચારધારા

" આ ૭૫મો સ્વાધીનતા ( સ્વાતંત્ર્ય ) દિવસ આપણા બધા માટે સ્વતંત્રતા સંગ્રામનાં પૂરા આખ્યાનના સંદર્ભમાં આપણાં વિસ્મૃત " સામૂહિક સત્ય " ને નવા દ્રષ્ટિકોણથી તપાસવાનો , સ્વતંત્રતા સંગ્રામના વિસ્મૃત સેનાનીઓને ઓળખવાનો તથા સાથે સાથે જ આપણાં અતીત અને આપણી સામૂહિક ઓળખનું વિશ્લેષણ કરવાની દ્રષ્ટિમાં પરિવર્તન લાવવાનો એક શ્રેષ્ઠ મોકો છે. આ અવસરે પ્રકાશિત થનારું આ પુસ્તક " વિનાશપર્વ " જનસામાન્ય સુધી સાચાં તથ્યોને પહોચાડવાના તથા તેમના વિચારોને ઉત્પ્રેરિત કરવાના પોતાનાં પ્રયોજનમાં સફળ થશે એવો વિશ્વાસ છે.

# એક એક સદવિચાર જ્યારે એક બીજામાં લીન થાય ત્યારે જ વ્યક્તિત્વ ઘડાય છે

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com


## રસદર્શન

હરીશ શાહ

ગજ - તાકામાં એજ રમે છે વ્યાપ્ત રહે જે ધાગે - લીરે
શ્લોક-ઋચાઓ બ્રહ્મ કહે છે એજ અમારા ખડિયે - કિત્તે
- સંજુ વાળા

તાકાની શરૂઆત દોરાથી થાય! ધાગાથી થાય છે, સુતરનો એક એક દોરો એકબીજામાં જ્યારે લીન થાય ત્યારે જ તાકો બને છે, એક એક સદવિચાર જ્યારે એક બીજા માં લીન થાય ત્યારે જ વ્યક્તિત્વ ઘડાય છે.

વ્યક્તિત્વ એ વ્યક્તિની અંદરની ગતિશીલ સંસ્થા છે જે તેની લાક્ષણિકતાઓ વર્તન અને વિચારને નક્કી કરે છે, "લાક્ષણિકતાઓ અથવા લક્ષણોનું મિશ્રણ જે વ્યક્તિને અનન્ય બનાવે છે" બંને વ્યાખ્યાઓ વ્યક્તિત્વની વિશિષ્ટતા પર ભાર મૂકે છે.વાણી વિચાર અને વર્તન જ્યારે બ્રહ્મલિન થઈ જાય ત્યારે ઋચાઓ તે વ્યક્તિના વ્યવહારમાં આવે છે અને શ્લોક તેની વાણીમાં, માનસપટના કાગળ પર સદવિચારોની કલમથી જે લખાય છે તેની શુદ્ધતા , તેની પારદર્શકતા કોઈ વેદ-ઉપનિષદ થી ઓછી નથી હોતી .....



જેમના માટે ગણતર અર્થપૂર્ણ ચૂકવણી છે અને જેમની માટે તે એક યુનિવર્સિટી કરતાં પણ ઉત્તમ સિદ્ધાંત-શિક્ષણ છે, તે જે વિચારને આ વિચારધારાથી અમલમાં મુકાઈ છે તે જ વાસ્તવમાં એક શૈક્ષણિક સંસ્થામાં પરિવર્તિત થતું હોય છે. જ્ઞાન મેળવવાની ભિન્નતા એ એક નિર્ણય છે,

જે તફાવતો કરતાં ઘણી વધુ વ્યાખ્યાયિત છે, જે સ્પષ્ટતા સાથે લખી શકે છે અને જુસ્સા સાથે બોલી શકે છે, જે નથી.... અંગત ઓળખ સાથે, અથવા સાર્વત્રિક સાહિત્ય છે જ્યાં દરેક પ્રમાણ દ્વારા જ્ઞાનની અને ડહાપણની જરૂર પડે છે, તેથી જ ભિન્નતાજરૂરી છે .

આ વર્તનથી ઉદભવેલા શબ્દો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

જેનું સન્માન પણ ગૌરવ માનવામાં આવે છે જે લાગણી અથવા ક્રિયાને દર્શાવવામાં સમર્થ છે અથવા તે સારા અથવા મૂલ્યવાન ગુણો માટે પ્રશંસાની ભાવના દર્શાવે છે, અને તેજ વિચારો શાશ્વત બની જાય છે. અને તે વિચારો બીજાની જરૂરિયાતો અથવા લાગણીઓ માટે કાળજી, ચિંતા, અથવા વિચારણાને પ્રદર્શિત કરીને કોઈને માન આપવાની પ્રક્રિયા પણ કરે છે.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

ગુજરાતમાં ફરી કમોસમી વરસાદની આગાહી

# રવિવારે સૌરાષ્ટ્ર સહિત દ. ગુજરાતમાં પડી શકે માવઠું

## અમદાવાદ, ગાંધીનગર અને મધ્ય ગુજરાતમાં વરસાદ પડવાની શક્યતા નહીંવત

ગુજરાત | વંદન

રાજ્યમાં વધુ એકવાર હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી છે. વાત જાણે એમ છે કે, હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી રવિવારે સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જોકે અમદાવાદ, ગાંધીનગર અને મધ્ય ગુજરાતમાં વરસાદ પડવાની શક્યતા નહીંવત છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે ભરશિયાળે વરસાદનું કારણ અરબ સાગર તરફથી આવતા ભેજયુક્ત પવનને લીધે થઈ શકે છે. આ સાથે આગામી બે-ત્રણ દિવસ તાપમાનમાં પણ કોઈ મોટો ફેરફાર ન થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. મહત્વનું છે કે, આજે નલિયામાં 11થી 14 ડિગ્રી તો અમદાવાદમાં 16 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.ગુજરાતમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન ગગડ્યુ છે. આ સાથે લઘુત્તમ તાપમાન સાથે મહત્તમ તાપમાન પણ ઘટ્યું છે. વિગતો મુજબ 14 શહેરોનું તાપમાન 17 ડિગ્રીથી નીચે નોંધાયું છે. જેમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં 11.4 ડિગ્રી નોંધાયું છે. મહત્વનું છે કે, હવામાન વિભાગે પણ આગાહી કરી છે કે, 3 દિવસ બાદ તાપમાનનો પારો 1 થી 2 ડિગ્રી ગગડશે.

હવામાન વિભાગની આગાહી મુજબ આવતીકાલથી તાપમાનમાં 1 થી 2 ડિગ્રી ઘટી શકે છે. આ સાથે પૂર્વ ઉત્તર પૂર્વના પવનો હોવાથી તાપમાન ઘટશે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ.મનોરમા મોહંતીએ આગાહી કરી છે કે, 3 દિવસ બાદ તાપમાનનો પારો 1 થી 2 ડિગ્રી ગગડશે. આ સાથે તેમણે કહ્યું કે, હાલ રાજ્યમાં મહત્તમ તાપમાન પણ ઘટી



રહ્યું છે. રાજ્યમાં આગામી 5 દિવસ વાતાવરણ સુક્કું રહશે, આગામી 48 કલાક વાદળછાયું વાતાવરણ રહેશે. મહત્વનું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન 26 ડિગ્રી નોંધાયું છે. પૂર્વ ઉત્તર પૂર્વ પવનો હોવાથી વાદળછાયું વાતાવરણ રહેશે.

## નાતાલ-થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં ફોડી શકાશે ફટાકડાં



25 ડિસેમ્બર નાતાલની ઉજવણીને લઈ લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે હાલ અમદાવાદમાં અમુક જગ્યાએ તો નાતાલની ઉજવણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેને લઈ અમદાવાદ પોલીસ કમિશ્નર જી.એસ.મલિક દ્વારા જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં નાતાલ અને નવા વર્ષની ઉજવણીને લઇને રાત્રીના 12થી 12:30 વાગ્યા સુધી ફટાકડાં ફોડવાની છૂટ આપી છે. જોકે પ્રતિબંધિત ફટાકડા ફોડવાની મનાઇ છે. શહેરીજનો બંને દિવસ ધામધૂમથી ઉજવણી કરી શકે તે માટે આ રાહત આપવામાં આવી છે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
કોઈ સુવર્ણ શુભ અવસર આવવાના છે. કોઈ મોટી સ્કીમમાં રોકાણ કરવા સમય ફાયદાકારક રહેશે. તમને કોઈ સંબંધી દ્વારા અથવા ફોન દ્વારા કેટલીક વિશેષ માહિતી પ્રાપ્ત થશે. તમે માનસિક રીતે વધુ હળવાશ અનુભવશો. સમજદારીપૂર્વક કરેલા વ્યવહારો તમારા માટે ફાયદાકારક રહેશે.

**વૃષભ** (બ.વ.ઉ)
આવનાર સપ્તાહમાં શેરબજારમાં લોંગટર્મ રોકાણ કરી દેવું ફાયદાકારક બની રહેશે. કોઈ ઈચ્છિત કાર્ય સમયસર પૂર્ણ થશે તો મન પ્રસન્ન રહેશે. સંજોગો અનુસાર તાત્કાલિક નિર્ણય લેવાથી લાભ થશે. જો તમારે તમારો વિકાસ કરવો હોય તો તમારા માટે થોડું સ્વાર્થી પણ હોવું જરૂરી છે.

**મિથુન** (ક.છ.ઘ)
તમને કેટલીક ખાસ તકો મળવાની છે, તેને તરત જ પકડી લો. લાંબા સમયથી પેન્ડિંગ કે અટવાયેલા કામને પૂર્ણ કરવાનો સમય આવી ગયો છે. યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સાનુકૂળ પરિણામ મળવાની સંભાવના છે. શેરબજારમાં રોકાણ કરવું ફાયદાકારક બની રહે.

**કર્ક** (ડ.હ)
છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા કામના અતિરેકથી થોડી રાહત મળશે. અને મોટાભાગનો સમય પરિવાર સાથે આરામ અને મનોરંજનમાં પસાર થશે. સારી પરસ્પર સંવાદિતાના કારણે ઘરનું વાતાવરણ સકારાત્મક રહેશે. વિદ્યાર્થીઓ અને યુવાનોએ નકામી પ્રવૃત્તિઓ પર ધ્યાન ન આપવું.

**સિંહ** (મ.ટ)
જો કોઈ સરકારી બાબત ચાલી રહી હોય તો આ સપ્તાહે તમને તેનાથી સંબંધિત સારા સમાચાર સાંભળવા મળી શકે છે. નાણાંકીય અને કુટુંબ સંબંધિત બાબતો અંગે તમે લીધેલા નિર્ણયો સાર્વત્રિક રીતે સ્વીકારવામાં આવશે. તમારા અંગત કામમાં વ્યસ્ત રહો.

**કન્યા** (પ.ઠ.ણ)
સમાન વિચારવાળા વ્યક્તિ સાથે મુલાકાત કરીને તમે ઘણી નવી વસ્તુઓ શીખી શકશો. તમને કોઈ શુભ કાર્યમાં હાજરી આપવાનું આમંત્રણ મળશે. વ્યક્તિત્વ પણ સુધરશે. તમારી ખાસ વસ્તુઓનું જાતે ધ્યાન રાખો. ઘરમાં ચાલી રહેલી કોઈપણ સમસ્યાને ઉકેલવા માટે ગુસ્સાને બદલે બુદ્ધિનો ઉપયોગ કરો.

**તુલા** (ર.ત)
કોઈપણ કાર્ય કરતા પહેલા તેના તમામ પાસાઓ પર યોગ્ય રીતે વિચાર કરો. આ સાથે તમે જે પણ કામ કરશો તેમાં તમને સફળતા મળશે. મહિલાઓ કોઈપણ ક્ષેત્રમાં યોગ્ય સંવાદિતા સર્જશે. જમીન સંબંધિત કામમાં વધુ લાભની આશા ન રાખો. તબિયત ઉપર ખાસ ધ્યાન આપવું.

**વૃશ્ચિક** (ન.ય)
કોઈ ઈચ્છા પૂરી થવા જઈ રહી છે. તમારી ક્ષમતાઓ લોકોને સ્પષ્ટપણે દેખાશે, તેથી લોકોની પરવા ન કરો અને તમારી ઈચ્છા મુજબના કામ પર જ ધ્યાન આપો. પ્રથમ અફવાઓ ઊભી થશે. ક્યારેક કેટલાક પ્રતિકૂળ સંજોગો પણ ઊભા થશે.

**ધન** (ભ.ધ.ફ)
આ સપ્તાહ મિશ્રિત પ્રભાવો સાથે રહેશે. પ્રતિકૂળ સંજોગોમાં તમારું મનોબળ અને આત્મવિશ્વાસ જાળવી રાખો, વડીલોના માર્ગદર્શનથી મુશ્કેલ માર્ગ સરળ બનશે. ધૈર્યથી કરેલ કાર્ય પણ શુભ ફળ આપશે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી વાળા વિદ્યાર્થીઓએ મહેનત કરવાની જરૂર છે.

**મકર** (ખ.જ)
તમારી યાત્રા દરમિયાન કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. પરસ્પર વિચારોના આદાનપ્રદાન દ્વારા ઘણા ઉકેલો મળશે અને આ સંપર્કો પણ નજીકના ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થશે. મોંઘા સાધનોની નિષ્ફળતાના કારણે ભારે ખર્ચ થશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
આ અઠવાડિયે નાની-નાની અવરોધો છતાં કામ પૂરા થશે. જો તમે સ્થળાંતર કરવાનું વિચારી રહ્યા છો, તો પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે શ્રેષ્ઠ સમય છે. થોડા સમય માટે ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તમારા વ્યક્તિત્વમાં સકારાત્મક પરિવર્તન લાવશે.

**મીન** (દ.ચ.ઝ)
આ સપ્તાહે લોંગટર્મ ઈન્વેસ્ટરોએ રોકાણ કરવાથી ફાયદો મળશે. આર્થિક યોજનાઓને સાકાર કરવા માટે યોગ્ય સમય છે. બગડેલા સંબંધોને સમયસર રિપેર કરો. આ સંબંધ તમારા માટે ફાયદાકારક સાબિત થશે. જો તમને કોઈ જરૂરતમંદની મદદ કરવાની તક મળે તો ચોક્કસ કરો.કોઈપણ વ્યક્તિ પર વિશ્વાસ કરતા પહેલા તેના તમામ પાસાઓ વિશે વિચારી લો. નહિંતર નુકસાન પહોંચાડી શકો છો.

# શહેરમાં ટ્રાફિકના નિયમો તોડનાર પર નજર રાખશે AI

ગુજરાત | વંદન

AMC અને શહેર ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા શહેરમાં વધતાં જતાં અકસ્માતો અને ટ્રાફિક નિયમોનાં ભંગની પરિસ્થિતિમાં હવે ખૂબ મોટો સુધારો કરવામાં આવશે. કારણ કે આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ AIની મદદ લેવામાં આવશે.

અમદાવાદ શહેરમાં ટ્રાફિક સમસ્યાને લઈને શહેર પોલીસ તંત્રના ટ્રાફિક વિભાગ અને મ્યુનિસિપલ વિભાગ બન્નેની જવાબદારી ખૂબ જટિલ બની ગઈ છે. જેના કારણે શહેર આખામાં દરેક ચાર રસ્તાઓ ઉપર લગાવવામાં આવેલાં છ હજાર જેટલાં સિગ્નલ કેમેરા હોવા છતાં ચબરાક ચાલકો કેમેરાની સામે પણ નિયમ તોડવામાં માહિર બની નિયમો તોડતાં છે. ત્યારે હવે AMCનાં



સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત AI એટલે કે આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સની ટેકનીકનો સહયોગ લેવામાં આવશે. સમગ્ર શહેરમાં કોઈ પણ જગ્યાએ ટ્રાફિકનાં નિયમોને તોડનારા વ્યક્તિઓની મુશ્કેલી વધી જશે.

સમગ્ર અમદાવાદ શહેરમાં તમામ ટ્રાફિક સિગ્નલો ઉપર આશરે છ હજાર જેટલાં કેમેરા લગાવવામાં આવ્યાં છે. એટલા મોટા શહેરમાં લગભગ 80 લાખની વસ્તી દ્વારા થતાં ટ્રાફિક ઉપર નજર રાખવા માટે તમામ મુખ્ય જંક્શનને આવરી લેતાં લગભગ છ હજાર જેટલાં સીસી ટીવી કેમેરા લગાવવામાં આવ્યાં છે. હવે પરિસ્થિતિએ છે કે આટલાં બધાં કેમેરાઓમાંથી ખૂબ મોટી સંખ્યા થાય તેટલા કેમેરા લગભગ જે યોગ્ય પરિસ્થિતિમાં છે. તેને લઈને શહેર ટ્રાફિક વિભાગ પણ સુપેરે વાકેફ છે પણ વાસ્તવિકતાને સ્વીકારવી જ રહ્યો. જેથી જે કેમેરા જેવી સ્થિતિમાં છે તેવું કામ આપી રહ્યાં છે.


ત્યારે હવે AMC દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI) ની મદદથી કેમેરાની કામગીરી વધુ ચપળ બનાવવામાં આવશે. ટ્રાફિક નિયમોનો ભંગ કરશે તો તુરંત પકડાઈ જશે તેમજ એવું કહી શકાય કે કેમેરા સાથે જોડાયેલ AIને કારણે નિયમ તોડનારા બચી શકશે નહીં. ઓવર સ્પીડ વાહન ચાલક તેમજ ખોટી દિશામાંથી વાહન હંકારી નિયમ તોડનાર દરેક વ્યક્તિને આસાનીથી બચવું મુશ્કેલ બની જશે.આમ અમદાવાદ શહેરની વધતી ટ્રાફિક સમસ્યાનું નિવારણ લાવવામાં ખૂબ સારી મદદ મળી શકશે. હવે જોવાનુંએ રહેશે કે AIની બાજ નજરને કારણે આખરે ટ્રાફિક નિયમ તોડનાર કેટલાં સુધરી શકે છે.

થર્ટી ફર્સ્ટની ઉજવણી પહેલાં અમદાવાદ પોલીસ સક્રિય

# ડ્રિન્ક અને ડ્રાઈવ કેસમાં FIR કરવા CPનો આદેશ, એક કેસ નોંધનારને મળશે 200 રૂ.

ગુજરાત | વંદન

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ઠેર-ઠેર દેશી અને વિદેશી દારૂ પીવાતો તેમજ વેચાય છે. તે ભલે જાણ જગજાહેર ન હોય પરંતુ જાણ લગભગ તમામને છે. ત્યારે અમદાવાદ શહેરમાં દારૂ પીને ડ્રાઈવ કરવાની ઘટના વધતા અમદાવાદ પોલીસ કમિશ્નરએ મહત્વનો આદેશ આપ્યો છે. અમદાવાદ પોલીસ કમિશ્નર દારૂ પીને ડ્રાઈવ કરતા નબીરાઓને સંકાજામાં લેવા માટે મહત્વનો પાયા રૂપ નિર્ણય લીધો છે.



અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા એક આદેશ બહાર પાડવામાં આવ્યો છે જેમાં જણાવ્યું છે કે, શહેરમાં જો કોઈ દારૂ પીને ગાડી ચલાવતા મળી આવશે તેમના ઉપર FIR નોંધવામાં આવશે અને જે પોલીસ કર્મચારી દ્વારા આવા કેસ કરવામાં આવશે એવા પોલીસ કર્મચારીને રૂપિયા 200 ઈનામ આપવામાં આવશે

અમદાવાદ શહેર પોલીસની થર્ટી ફર્સ્ટની ઉજવણી પહેલાં અનોખી પહેલ શરૂ કરી છે. 31મી ડિસેમ્બરની ઉજવણી સંદર્ભે પોલીસએ અસરકારક કામગીરી કરવા કમિશનરે આદેશ આપ્યો છે અત્રે જણાવીએ કે, અમદાવાદ શહેરમાં દારૂ પીને કાર ચલાવી તો પોલીસ દ્વારા મહત્વનું એક્શન લેવામાં આવશે. અત્રે જણાવીએ કે, અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસોથી નશામાં ડ્રાઈવ કરવાના કેસો વધી રહ્યા હતાં. જેના પગલે અકસ્માતના બનાવો પણ વધી રહ્યાં છે.

# કેડિલાના એમડી રાજીવ મોદી વિરુદ્ધ તપાસ કરવા કોર્ટનું ફરમાન

## પીડિતાની અરજી સંદર્ભે હાઈકોર્ટનો ચુકાદો

ગુજરાત | વંદન

અમદાવાદની જાણીતી ફાર્મા કંપની કેડિલાના સીએમડી રાજીવ મોદી સામે ખુદ તેમની પર્સનલ આસીસ્ટન્ટ તરીકે કામ કરતી મૂળ બલ્ગેરિયાની યુવતીએ જાતીય સતામણી સહિતની ગંભીર કલમો હેઠળ ફરિયાદ નોંધવા માટે ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ કરી હતી. ત્યારબાદ હવે કેડિલાના સીએમડી રાજીવ મોદી સામેની ફરિયાદ મામલે ગુજરાત હાઈકોર્ટે મહત્વનો આદેશ આપ્યો છે.



પીડિત મહિલાની તરફેણમાં જસ્ટીસ એચ.ડી. સુધારે ચુકાદો આપ્યો છે. જસ્ટીસે ડીઆઈજી કક્ષાના અધિકારીને કેસની તપાસ કરવા આદેશ આપ્યા છે. જે પોલીસ અધિકારી સામે આક્ષેપ કર્યા તે અંગે તપાસ કરવા આદેશ અપાયા છે. અમદાવાદની જાણીતી ફાર્મા કંપની કેડિલાના સીએમડી રાજીવ મોદી સામે ખુદ તેમની પર્સનલ આસીસ્ટન્ટ તરીકે કામ કરતી મૂળ બલ્ગેરિયાની યુવતીએ જાતીય સતામણી સહિતની ગંભીર કલમો હેઠળ ફરિયાદ નોંધવા માટે રિટ અરજી દાખલ કરી હતી.

# સાબરમતી રિવરફ્રન્ટ પહોંચશે ગાંધીનગર : પ્રાથમિક તબક્કે 1300 કરોડના ખર્ચનું આયોજન..

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં નગરજનોમાં પ્રિય સાબરમતી રિવરફ્રન્ટનું વિસ્તરણ કરીને રાજ્યના પાટનગર ગાંધીનગર સુધી પહોંચશે. અમદાવાદમાં સાબરમતી નદીના કિનારે બનાવેલા રિવરફ્રન્ટને બીજા તબક્કાના પ્રોજેક્ટ તરીકે ગાંધીનગર સુધી લંબાવવાનો નિર્ણય લેવાયો છે. ખાસ કરીને ગિફ્ટ સિટી સુધી રિવરફ્રન્ટને પહોંચાડવામાં ચાર અને ગાંધીનગર સુધી બાકીના ત્રણ તબક્કાને આવરી લેવામાં આવ્યા છે. પ્રાથમિક તબક્કે 1300 કરોડના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું છે.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, પહેલા તબક્કામાં આંબેડકર બ્રિજ-ડફનાળા આવે છે અને તે અત્યારે ઓપરેશન સ્થિતિમાં છે. બીજા તબક્કામાં 4.5 કિલોમીટર આવરી લેવામાં આવ્યા છે જે ડફનાળાથી ઈન્દિરાબ્રિજ સુધીના છે. આ તબક્કાના કામનો પ્રારંભ થયો છે, જ્યારે ત્રીજા તબક્કામાં આ રિવરફ્રન્ટ ઈન્દિરા બ્રિજ થી નર્મદા કેનાલ સુધી આવશે. જેની લંબાઈ 4 કિલોમીટરની છે. વાયબ્રન્ટ સમિટ પછી તેનું કામ શરૂ થશે. દુબઇ સ્થિત શોભા ગ્રુપ આ પ્રોજેક્ટમાં 1000 કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

શહેરી વિકાસ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે ચોથા તબક્કામાં પીડીપીયુ બ્રિજ થી શાહપુર બ્રિજ (ગિફ્ટ સિટી) ને આવરી લેવાશે. આ તબક્કામાં 4.5 કિલોમીટર આવે છે જેનું કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે અને અઢી વર્ષમાં પૂર્ણ થશે, જ્યારે 5થી 7 તબક્કા હવે પછી જાહેર કરવામાં આવશે, કે જે ન્યૂ ગાંધીનગરના વિસ્તારને સાંકળી લેશે.

ફેઝ-2માં રહેણાંક, વાણિજ્યિક, ગ્રીન પાર્ક, રોડ નેટવર્ક આવે છે, જે હાલના ભાગ કરતાં વધુ હરિયાળો હશે. નદીમાં પાણીનું સ્તર જળવાઈ રહે તે માટે બેરેજ કમ બ્રિજ બનાવાશે. ગાંધીનગરમાં 9.3 કિલોમીટર લાંબો રિવરફ્રન્ટ શરૂ કરવા માટે પ્રથમ તબક્કે 354 કરોડનો ખર્ચ અંદાજ્યો છે. પ્રથમ તબક્કે પીડીપીયુ, ગિફ્ટ સિટી અને શાહપુર બ્રિજ સુધીના વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં ઉંચી દિવાલો હશે અને નદીકાંઠાની બન્ને બાજુએ ચાર ઘાટનું નિર્માણ થશે.


ગિફ્ટ સિટીના રિવરફ્રન્ટ પાસે જે ઘાટ બનાવવામાં આવશે તેમાં કોંક્રીટ નહીં પણ કુદરતી ટોપોગ્રાફીનો ઉપયોગ કરવાનું સૂચન સરકારે સ્વિકાર્યું છે. ગાંધીનગરના રિવરફ્રન્ટના સાત તબક્કામાં રાયસણ, રાંદેસણ, ધોળેશ્વર મહાદેવ સહિતનો વિસ્તાર આવી જશે. હાલ અમદાવાદ રિવરફ્રન્ટ ફેઝ-૨ માટે ઈન્દિરા



બ્રિજ સુધી કામગીરી ચાલી રહી છે. ત્યારે હવે આગામી સમયમાં ગિફ્ટ સિટી પાસે રિવરફ્રન્ટ બનતા ગાંધીનગરના નાગરિકોને નવી સુવિધા મળશે. ત્રીજા તબક્કામાં રિવરફ્રન્ટ નર્મદા કેનાલ સુધીના ચાર કિલોમીટરને આવરી લેશે, જેનું નિર્માણ કાર્ય વાયબ્રન્ટ સમિટ પછી શરૂ થશે.

## શબ્દોની સંતાકૂકડી 92

ગુજરાત વંદન gujaratvandan.com



### ઊભી ચાવી


(1) એક કહેવત છે કે ''------- મોઢે મોટી વાત''. [2]
(2) હદ, મર્યાદા (અંગ્રેજીમાં) [3]
(4) યાત્રા કરનારું [3]
(5) ગાંધીનગરનું જોવાલાયક મોટામાં મોટું મંદિર [5]
(6) જીત, સફળતા [3]
(7) ઘઉંના લોટની પાતળી વણીને થતી ગોળ વાની [3]
(10) એક રૂઢિપ્રયોગ છે કે ''----- -- તેવી અસર'' [3]
(12) પીડા [3]
(14) અહીં 'નાક' શબ્દ આડાઅવળો થયો છે [2]

### આડી ચાવી

(1) મોરી, નીક [2]
(3) ટાઢની ઋતુ [3]
(5) ટચલી આંગળી પાસેની આંગળી [4]
(6) પૅરેગ્રાફ શબ્દનું ગુજરાતી [3]
(8) લોહી [2]
(9) છેવટે, આખરે [2]
(11) મોટું ને સુંદર બાંધણીનું મકાન [3]
(13) કબરસ્તાન, રોજો [4]
(15) જ્ઞાતિ, જાત, એક કુળ [2]
(16) નામના વગરનું [3]

શબ્દોની સંતાકૂકડી-92 નો ઉકેલ બાજુમાં...

શબ્દોની સંતાકૂકડી-92નો ઉકેલ



## સુડોકુ કોયડો નં. 93

ગુજરાત વંદન gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 6 | | | | | | | 1 |
| | | 2 | 1 | | 6 | 3 | | |
| 1 | | 3 | | 8 | | | 4 | |
| | 7 | | | | 5 | 2 | 1 | |
| 2 | 4 | 5 | | | | | | |
| | | | 9 | 7 | 2 | 4 | | 3 |
| | 9 | | | | | | 8 | 2 |
| 4 | | 8 | 5 | | 1 | | 7 | 9 |
| 6 | | | 8 | 9 | | 5 | 3 | 4 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-93નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 6 | 4 | 7 | 5 | 3 | 8 | 2 | 1 |
| 7 | 8 | 2 | 1 | 4 | 6 | 3 | 9 | 5 |
| 1 | 5 | 3 | 2 | 8 | 9 | 7 | 4 | 6 |
| 3 | 7 | 9 | 4 | 6 | 5 | 2 | 1 | 8 |
| 2 | 4 | 5 | 3 | 1 | 8 | 9 | 6 | 7 |
| 8 | 1 | 6 | 9 | 7 | 2 | 4 | 5 | 3 |
| 5 | 9 | 7 | 6 | 3 | 4 | 1 | 8 | 2 |
| 4 | 3 | 8 | 5 | 2 | 1 | 6 | 7 | 9 |
| 6 | 2 | 1 | 8 | 9 | 7 | 5 | 3 | 4 |

વડોદરા ગ્રાહક ફરિયાદ નિવારણ કમિશનનો શકવર્તી ચુકાદો

## બ્લેકલિસ્ટેડ હોસ્પિટલમાં સારવાર લીધી હોય તો પણ વીમો મંજૂર કરવો જ પડે...

ગુજરાત | વંદન

વીમા કંપનીઓ અને ગ્રાહકો વચ્ચે જુદા જુદા કારણોથી વારંવાર તકરાર થતી હોય છે અને પછી મામલો કોર્ટમાં જાય છે. આવા એક કેસમાં ગ્રાહક ફોરમે જણાવ્યું છે કે પેશન્ટે બ્લેકલિસ્ટેડ હોસ્પિટલમાં સારવાર કરાવી હોય તો પણ તેનો વીમાનો ક્લેમ મંજૂર કરવો પડે. વીમા કંપનીની દલીલ હતી કે બ્લેકલિસ્ટેડ હોસ્પિટલમાં દર્દી સારવાર કરાવે તો તેનો ક્લેમ મંજૂર નહીં થાય. જોકે, આ દલીલ ફગાવી દેવામાં આવી છે. ગ્રાહક ફોરમે કહ્યું કે દર્દી જ્યારે બીમાર હોય ત્યારે તે પોતાના ભરોસાની હોસ્પિટલમાં સારવાર કરાવે છે.



તેથી દર્દી ગમે તે હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ કરાવે તો પણ વીમા કંપનીએ ક્લેમ મંજૂર કરવો પડે.

વડોદરાના એક રહેવાસી દિગ્વિજય સિંહ જાદવે પોતાના માટે તથા પત્ની માટે સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્શ્યોરન્સ કંપનીનો વીમો ઉતરાવ્યો હતો. જાદવના પત્ની બીમાર પડવાથી તેમને ઓગસ્ટ 2022માં વાઘોડિયા રોડ પરની એક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. મેડિકલ સારવાર માટે 28,350 રૂપિયાનો ખર્ચ થયો હતો. ત્યાર પછી જાદવે આ રકમ માટે સ્ટાર હેલ્થમાં ક્લેમ મૂક્યો હતો.

જોકે, વીમા કંપનીએ આ ક્લેમ મંજૂર કરવાનો ઈનકાર કરી દેતા કહ્યું કે પેશન્ટે એવી હોસ્પિટલમાં સારવાર કરાવી છે જેનું નામ તેના લિસ્ટમાં નથી. ત્યાર પછી જાદવે વડોદરા ગ્રાહક ફરિયાદ નિવારણ કમિશનમાં એપ્રિલ 2023માં ફરિયાદ કરી હતી. વીમા કંપનીએ દલીલ કરી કે વીમા પોલિસીમાં એવી શરત મૂકવામાં આવી હતી જેના હેઠળ તેનો આ ક્લેમ પાસ થઈ ન શકે.

ગ્રાહક ફોરમે જણાવ્યું કે વીમા કંપનીએ એક્સક્લુડેડ હોસ્પિટલોની યાદી આપી હોય અને ગ્રાહક તેના વિશે જાણતો ન હોય તો તે ગમે ત્યાં સારવાર કરાવી શકે છે. વીમા કંપનીએ પોલિસીની શરતોમાં એક્સક્લુડેડ હોસ્પિટલોનું લિસ્ટ આપ્યું હોય તો પણ આ શરત બહુ ખોટી કહેવાય.

ગ્રાહક ફોરમે જણાવ્યું કે દર્દીઓ મોટા ભાગે પોતાને ભરોસો હોય તેવી હોસ્પિટલમાં સારવાર કરાવવા માટે જતા હોય છે. કોઈ વ્યક્તિ બીમાર હોય અને સારવારની જરૂર હોય ત્યારે એવું નથી જોવામાં આવતું કે તે વીમા કંપનીની ગુડ લિસ્ટમાં છે કે નહીં.

કોકાકોલા પ્લાન્ટ માટે

## રાજકોટ-ગોંડલ-પડધરી તાલુકામાં 75 એકર જમીન શોધવા કલેકટરનો આદેશ

ગુજરાત | વંદન

રાજકોટ વિસ્તારમાં રૂ.3000 કરોડના ખર્ચે કોકાકોલા પ્લાન્ટ સ્થાપવા માટે હિન્દુસ્તાન કોકાકોલા દેવરેજીસ દ્વારા રાજ્ય સરકાર સાથે કરાયેલા એમઓયુ પછી આ જાયન્ટ પ્લાન્ટ માટે 75 એકર જમીન શોધવા માટે રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા પ્રાંત અધિકારીઓ અને મામલતદારોને આદેશ કરી દીધો છે. જેમાં રાજકોટ ઉપરાંત ગોંડલ અને પડધરી તાલુકામાં હાઈવે નજીક હોય અને પાણી વધુ પ્રમાણમાં હોય તેવી જમીન શોધવા માટે કલેકટર દ્વારા તાકીદ કરી દેવામાં આવી છે. અહી એ ઉલ્લેખનીય છે કે હિન્દુસ્તાન કોકાકોલા દેવરેજીસ કંપનીના હિમાંશુ પ્રિયદર્શીય અગાઉ રાજકોટમાં કોકાકોલા કંપની દ્વારા આ જાયન્ટ પ્લાન્ટ સ્થાપવાની જાહેરાત કરી હતી તેમજ તેઓએ આ રોકાણ સંદર્ભે રાજ્ય સરકાર સાથે એમઓયુ પણ કરી દેવાયાનું જાહેર કર્યુ હતું. કોકાકોલા કંપનીનું હાલ ગુજરાતમાં નેટવર્કમાં અંદાજે 285 વિતરકો અને 224000થી વધુ રીટેલર્સ છે. રાજકોટ વિસ્તારમાં કંપનીનો આ પ્લાન્ટ ધમધમતો થઈ જતા શિક્ષિત બેરોજગારોને રોજગારીની તક ઉપલબ્ધ થશે.

## ક્રિસમસ: જ્યારે કરુણામૂર્તિ મધર ટેરેસાએ સૌરાષ્ટ્રના પ્રથમ ચર્ચની લીધી હતી મુલાકાત

ગુજરાત | વંદન

પ્રેમ, કરુણા, ત્યાગ અને સેવાનો સંદેશ આપનાર ભગવાન ઈસુની જન્મ જયંતી નિમિત્તે રાજકોટ શહેરમાં અત્યારે ઝગમગાટ જોવા મળી રહ્યો છે. નાના બાળકોથી લઈને મોટા સૌ કોઈ ક્રિસમસની તૈયારી કરી રહ્યું છે. સૌરાષ્ટ્રમાં સૌથી પહેલા બનેલા ચર્ચમાં જ્યારે એક સમયે મધર ટેરેસા પધાર્યા હતા.

રાજકોટમાં મોટાભાગના લોકો શહેરના કાલાવડ રોડ પર આવેલા પ્રેમ-મંદિર તરીકે જાણીતા ચર્ચથી પરિચિત હશે. પરંતુ આજે અમે તમને માત્ર રાજકોટ જ નહીં પણ સૌરાષ્ટ્રનું સૌપ્રથમ ચર્ચ વિશે જણાવીશું કે, જે મોચીબજારમાં સ્થાપ્યું હતું. આ ચર્ચની સ્થાપના બ્રિટિશકાળથી થયેલી છે. વર્ષ ૧૮૫૪માં બ્રિટિશકાળમાં અહીં ચર્ચની સ્થાપના કરવામાં આવી.

આ સમયે જ અહીં સૌથી પહેલી વખત પ્રાર્થના કરવામાં આવી હતી. આ ૧૬૯ વર્ષ જૂનું ચર્ચ છે, જે રાજકોટ શહેરના મોચીબજારમાં આવેલું છે. આ ચર્ચ



'ઈમેક્યુલેટ કન્સેપ્શાન ચર્ચ'ના નામથી ઓળખાય છે. ઈમેક્યુલેટ કન્સેપ્શાન નામના ચર્ચમાં એક સમયે એટલે કે, વર્ષ ૧૯૮૫થી ૧૯૮૭ દરમિયાન અહીં મધર ટેરેસા પધાર્યા હતા અને તેમણે રાત્રી રોકાણ પણ કર્યું હતું.

કેથોલિક સંપ્રદાયના ખ્રિસ્તીઓ આજે પણ આ ચર્ચમાં આવે છે અને પ્રાર્થનામાં ભાગ લે છે. રાજકોટમાં કુલ ૫ ચર્ચ છે, સૌથી પહેલું ચર્ચ મોચીબજારમાં આવેલું છે જે પછી આઈ.પી.મિશન સ્કૂલમાં ચર્ચ, કાલાવડ રોડ પર આવેલું પ્રેમ મંદિર, શ્રોફ રોડ પર આવેલું ચર્ચ અને જામનગર રોડ પર એક ચર્ચ છે, એમ કુલ ૫ ચર્ચ છે.

વિવિધ ફરસાણ જેવા કે, ખાખરા, ગાંઠિયા, ચકરી, ચેવડાનું વેચાણ કરાશે

## વડોદરા: સખી મંડળો દ્વારા નિર્મિત વિવિધ ફરસાણને રેવા બ્રાન્ડથી વેચાણમાં મુકાશે

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા મહિલાઓને માઈક્રો આન્ત્રપ્રિન્યોર બનાવવા માટે કરવામાં આવેલા આહ્વાનને ઝીલીને વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક આગવી પહેલ શરૂ કરવામાં આવી છે. જેમાં જિલ્લાની સખી મંડળની ઉદ્યમી મહિલાઓ દ્વારા બનાવવામાં આવતી ફૂડ પ્રોડક્ટને 'બ્રાંડ નેમ' આપીને માર્કેટ લિંકેજ કરવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ ફૂડ પ્રોડક્ટને 'રેવા, માંના



રસોડામાંથી' નામ આપી વેચાણના ઉપક્રમનો તા. ૨૨ના રોજ પ્રારંભ કરાવશે. તેઓ આ કાર્યક્રમમાં લોગોનું અનાવરણ કરશે.

કલેક્ટર અતુલ ગોર અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મમતા હિરપરા દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ઉક્ત આહ્વાને નવતર રીતે ઝીલ્યું છે. વડોદરા જિલ્લામાં ખાદ્યપદાર્થોના નિર્માણ સાથે જોડાયેલા સખી મંડળોની પ્રોડક્ટને પ્રોફેશનલ તરીકાથી બજારમાં મૂકવાનું વિચારવામાં આવ્યું છે.

વિશેષ વાત તો એ છે કે, સખી મંડળની બહેનો દ્વારા બનાવવામાં આવતા વિવિધ ફરસાણ જેવા કે, ખાખરા, ગાંઠિયા, ચકરી, ચેવડાનો સ્વાદ અને ગુણવત્તા એટલી સરસ હોય છે કે બસ તેને લોકો સુધી પહોંચાડવાની જરૂરત છે. આ બાબતને ધ્યાને રાખી સખી મંડળ દ્વારા નિર્મિત આ ફરસાણને રેવા નામ આપવામાં આવ્યું છે. રેવા એ રિજુવેનાઈટિંગ એન્ડ એમ્પાવરિંગ વીમેન્સ એસ્પિરેશન્સનું મિતાક્ષર છે.

## સ્ટેટ GST વિભાગનો સપાટો, 67 પેઢી પર દરોડામાં 37 પેઢીઓ બોગસ ઝડપાઈ

ગુજરાત | વંદન

ગુજરાત ડુપ્લીકેટ બાબતોમાં હવે લગભગ ચીનની સમકક્ષ પહોંચી ચુક્યું છે. ઘી હોય કે અધિકારી તમામ વસ્તુંઓ અહીં ડુપ્લીકેટ મોટા પ્રમાણમાં બની રહી છે. તેવામાં બોગસ બિલિંગ બાબતે પણ ગુજરાત કાઠુ કાઢી રહ્યું છે! આ બોગસ બિલિંગને ડામવા માટે સ્ટેટ GST વિભાગ એક્ટિવ થયો છે. આ અંગે હાથ ધરાયેલા એક મેગા ઓપરેશન અંતર્ગત રાજ્યની અલગ અલગ 37 પેઢીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેના પગલે 53 કરોડ રૂપિયાની કરચોરી ઝડપી હતી.

બોગસ GST બિલીંગને ડામવા માટે ગાંધીનગરમાં સ્ટેટ GST વિભાગ દ્વારા 67 પેઢીઓ



પર સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. જે પૈકી 37 પેઢીઓ માત્ર કાગળ પર જ હોવાનું સામે આવ્યું હતું. અમદાવાદમાં 13, વડોદરામાં 8 અને સુરતમાં 7 બોગસ પેઢીઓ ઝડપાઈ હતી. રાજકોટમાં 5, મોરબીમાં 2, જૂનાગઢ અને ગાંધીધામમાંથી 2 બોગસ પેઢીઓ મળી આવી હતી. 37 પેઢીમાંથી 53 કરોડ રૂપિયાનું બોગસ બિલિંગ ઝડપાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, જીએસટી વિભાગ દ્વારા હાલમાં ગુજરાતમાં વિવિધ સ્થળો પર એક પછી એક તબક્કાવાર દરોડા પાડી રહ્યું છે. જેના કારણે કરચોરોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. ભાવનગરમાંથી પણ એક વિશાળ બોગસબિલિંગ કૌભાંડ ઝડપી લીધા બાદ વિવિધ હોટલોમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. ત્યાર બાદ રેસ્ટોરન્ટ અને ફ્રેંચાઈજીઓ પર પણ દરોડા પડાયા હતા.

## ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની મેચમાં સટ્ટો રમાડતા શખ્સની ધરપકડ

ગુજરાત | વંદન

સાઉથ આફ્રિકામાં કેએફસી બ્રિસ્બેનહીટ અને મેલબોર્ન રેંજરો ખાતે ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાતી 20-20 અને વન-ડે ક્રિકેટ મેચમાં ક્રિકેટ સટ્ટો રમાડતા એક શખ્સની પાદરા તાલુકાના ડભાસા ગામેથી ધરપકડ કરવામાં આવી હતી.

જિલ્લા એલસીબીએ ડભાસા ગામે બ્રાહ્મણ ફળિયામાં રહેતા જયેશ ઉર્ફે વિકાસ હસમુખભાઈ શાહની બે મોબાઈલ ફોન સાથે ધરપકડ કરી હતી. તે મોબાઈલ ફોનમાં એક એપ્લિકેશન દ્વારા મોબાઈલ સટ્ટો રમાડતો હતો પોલીસે પાદરા તાજપુરા રોડ પર રહેતો વિષ્ણુ તેમજ રનુંમાં રહેતા વિક્રમ પ્રવીણ ઠાકોરને વોન્ટેડ જાહેર કર્યો છે

અનુસંધાન પેજ 12 પરથી...

### મોરબીમાં...

નાના ટ્રકના 180, બસના 410, મોટા ટ્રકના 595 અને હેવી ટ્રકના 720 લેવામાં આવતા હોવાથી વાહનચાલકો ગેરકાયદે બનાવેલા ટોલનાકામાંથી પસાર થાય છે. એક અહેવાલ બાદ પ્રાંત અધિકારીને તપાસ સોંપવામાં આવી હતી. મોરબીનાં વાંકાનેરમાં બોગસ ટોલનાકા માટે ખુલાસો થવા પામ્યો છે. જેમાં આ સમગ્ર કૌભાંડમાં પાટીદાર સમાજનાં આગેવાનનાં દીકરાનો પણ ફરિયાદમાં સમાવેશ થયો છે. પાટીદાર અગ્રણી જેરામ પટેલનાં દીકરા અમરશી પટેલનાં નામનો ફરિયાદમાં ઉલ્લેખ થયો છે. ફરિયાદમાં અમરશી પટેલ સહિત 5 લોકોનાં નામે ફરિયાદ નોંધાઈ છે. વઘાસીયા ગામનાં સરપંચ ધર્મેન્દ્ર ઝાલા અને તેનાં ભાઈ યુવરાજસિંહ ઝાલાના નામે પણ ફરિયાદ નોંધાઈ છે.

### સરકારી અનાજને...

પુરવઠાની ટીમે રેડ કરી ગરીબો માટે ફાળવાયેલા સરકારી અનાજનો જથ્થો ખાનગી જગ્યાએથી ઝડપી પાડ્યો હતો. જેમાં દાંતા તાલુકાના રતનપુર અને દાંતાના બજારમાં આવેલા કોમ્પલેક્ષમાંથી અનાજ મળી આવ્યું હતું. સરકારી અનાજના 3.98 લાખના જથ્થાને સિઝ કરવામાં આવ્યો હતો.

### શિક્ષણ સમિતિ...

આપવા નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ધોરણ-6માં સ્કૂલમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ તરીકે સાયકલ આપવાનો નિર્ણય કર્યો છે.

### રાજકોટ નજીક...

તેથી જ રાજકોટ નજીક પડધરીમાં આવેલા ન્યારામાં રૂ.100 કરોડના ખર્ચે સૌરાષ્ટ્ર-કચ્છની સૌથી મોટી જેલના નિર્માણ માટેની પ્રપોઝલ રાજ્ય સરકાર સમક્ષ મૂકવામાં આવી છે.

રાજકોટ મધ્યસ્થ જેલના જેલ-અધીક્ષક શિવમ વર્માએ જણાવ્યું હતું કે રાજકોટ મધ્યસ્થ જેલમાં હાલ 1,232 કેદીની ક્ષમતા છે. જોકે હાલ 2,216 કેદી છે, એટલે કે ક્ષમતા કરતાં 1000 કેદી વધારે છે, જેથી ન્યારામાં નવી જેલ બનાવવા માટે રાજ્ય સરકારને પ્રપોઝલ મુકાઈ છે, જેની મંજૂરી હજુ બાકી છે.

રાજ્યની ચાર સેન્ટ્રલ જેલ પૈકીની સૌરાષ્ટ્ર-કચ્છની રાજકોટમાં આવેલી પ્રથમ સેન્ટ્રલ જેલને રૂ.100 કરોડના ખર્ચે અદ્યતન બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ માટે ન્યારા ગામમાં 62 એકર જમીનમાં ટૂંક સમયમાં નવી જેલનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે. હાલ રાજકોટમાં 21 એકરમાં સેન્ટ્રલ જેલ કાર્યરત છે. કેદીની ક્ષમતા મુજબ 60 એકર જમીન હોવી જોઈએ. નિયમ મુજબ એક કેદીદીઠ 100 સ્ક્વેર યાર્ડ જમીન જોઈએ, જેથી કલેક્ટર પાસે જમીનની માગણી કરવામાં આવી હતી.

સરકારના નિયમ મુજબ જેલ કોર્ટ અને હોસ્પિટલની નજીક હોવી જરૂરી છે. હાલ જે જગ્યાની પંસદગી કરવામાં આવી છે ત્યાંથી એઈમ્સ નજીક છે. જ્યારે નવી જેલ બની જશે ત્યારે જેલના કેદીઓને એઈમ્સમાં સારવાર મળશે, જેલ પ્રશાસને જમીન માગતાં કલેક્ટર દ્વારા જમીનનો કબજો આપવા તજવીજ કરવામા આવશે. અત્યારે જેલમાં 52 બેરેક છે. કેદીઓ બેરેકમાંથી જ ઉદ્યોગની પ્રવૃત્તિ કરી રહ્યા છે, ગીચતામાં કેદીઓ કામ કરી રહ્યા છે.

નવી જેલ બનાવવા માટે પડધરીના ન્યારા ગામની સર્વે નં. 200 પૈકીની 70 એકર જમીન આપવાની દરખાસ્ત કરવામાં આવી હતી, પરતું 70 એકરમાંથી 8 એકરમાં મહાપાલિકાને પાણીના સંપ માટે જમીન આપવાની હોવાથી 62 એકર જમીનમાં નવી જેલ બનાવવામાં આવશે.

પડધરી મામલતદારે જણાવ્યું હતું કે મહિના પહેલાં જેલ પ્રશાસને જમીનની માગણી કરી હતી, આથી ન્યારા ગામમાં મોટો સરકારી ખરાબો હોવાથી આ જગ્યાએ જમીન આપવાની પ્રક્રિયા આરંભવામાં આવી હતી. આ સરકારી ખરાબામાં 3 ખેડૂતે ખેતીવિષયક દબાણ કર્યું હતું, જે દબાણને દૂર કરી જેલ તંત્રને જમીનનો કબજો આપવામાં આવશે.વર્ષ 2010 સુધી રાજકોટ જેલ જિલ્લા જેલ હતી. એમાં જિલ્લાના કેદીઓ જ રહેતા હતા. બાદમાં સરકારે સેન્ટ્રલ જેલનો દરજ્જો આપતાં તેમાં કેદીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો હતો.

## ગિરનાર પર્વત : પ્લાસ્ટિક પર સદંતર પ્રતિબંધ લાદવા હાઈકોર્ટનો નિર્દેશ

### પાણીના જગ-વોટર કિઓસ્ક જેવી વ્યવસ્થા કરો : હાઈકોર્ટ

ગુજરાત | વંદન

જૂનાગઢના સુપ્રસિધ્ધ ગિરનાર પર્વતપર આવેલા અંબાજી માતાજીના મંદિર અને દત્તાત્રેય ભગવાનના મંદિરની આસપાસ ગંદકી અને બિનઆરોગ્યપ્રદ વાતાવરણને લઈ ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની રિટમાં હાઈકોર્ટે રાજય સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓને ગિરનાર પર્વત પર પ્લાસ્ટિકના ઉપયોગ પર સદંતર પ્રતિબંધ લાદવા નિર્દેશ કર્યો હતો. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, માત્ર પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવાથી નહી ચાલે પરંતુ પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા માટે કડક પગલાં લેવા પણ એટલા જ જરૂરી છે. ગિરનાર પર અંબાજી માતાજીના મંદિર અને દત્તાત્રેય ભગવાનના મંદિરની આસપાસની ગંદકી સહિતની તમામ સમસ્યાઓનું નિરાકરણ કરવા સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓને હાઈકોર્ટે કડક તાકીદ કરી હતી.

કેસની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે જૂનાગઢ કલેકટર સહિતના સત્તાવાળાઓની કામગીરી સામે પણ સવાલ ઉઠાવ્યા હતા અને એવી માર્મિક ટકોર પણ કરી હતી કે, સ્વચ્છતા અંગે સરકારની અનેક સ્કીમ છે પરંતુ તેના અમલ માટે ઈચ્છા શક્તિનો અભાવ દેખાઈ રહ્યો છે.

આજે ગુજરાતની નામના સાંભળી લોકો ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે, પરંતુ ગુજરાત આવી તેઓ કહે છે કે અમે સાંભળ્યું એવું ગુજરાત નથી. હાઈકોર્ટે સવાલ કર્યો હતો કે, જૂનાગઢ કલેકટર શું કરી રહ્યા છે. અમારે બહાના કે ખુલાસા નહી પરંતુ પરિણામલક્ષી કામગીરી અને તેની અમલવારી જોઈએ છે. હાઈકોર્ટે સરકાર અને સત્તાવાળાઓને છેલ્લી તક આપી હતી અને ત્યાં સુધીમાં સંબંધિત સમસ્યાઓનું નિવારણ લાવવા માટે કડક તાકીદ કરી હતી.

હાઈકોર્ટે પ્લાસ્ટિકની બોટલો અને અન્ય ડિસ્પોઝેબલ ચીજવસ્તુઓના ઉપયોગને ટાળી શકાય તેવી વૈકલ્પિક વ્યવસ્થા વિચારવા અને તેને અમલી બનાવવા સરકારને જણાવ્યું હતું. જેમાં સ્ટીલની બોટલોનો ઉપયોગ તેમ જ પાણીના જગ કે વોટર કિઓસ્ક ઉભા કરવા બાબતે પણ



હાઈકોર્ટે સત્તાવાળાઓને સૂચન કર્યા હતા. ગિરનાર પર્વત પર ગંદકી અને કચરાના બિનઆરોગ્યપ્રદ વાતાવરણને લઈ એડવોકેટ અમિત પંચાલ દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલમાં અગાઉ હાઈકોર્ટે શબરીમાલા અને વૈષ્ણૌદેવી મંદિરની સ્વચ્છતા પરથી સરકાર કંઈ બોધપાઠ લે તેવી માર્મિક ટકોર કરી સરકારને ફટકાર પણ લગાવી હતી, ત્યારબાદ સરકારી તંત્ર હરકતમાં આવ્યું હતું.

અગાઉ પણ હાઈકોર્ટે સરકારપક્ષને ટકોર કરી હતી કે, જો તમે પ્લાસ્ટિક પર પ્રતિબંધ નહી ફરમાવો તો તમે લોકોને આવી બોટલો યાત્રાધામમાં ફેંકતા રોકી નહી શકો. કારણ કે, સામાન્ય જનતા આ વિષયને લઈ એટલી ગંભીર કે જાગૃત નથી. સરકાર અને સત્તાવાળાઓએ પ્લાસ્ટિકની બોટલોના ઉપયોગના દૂષણને નાથવા કોઈ ચોક્કસ મીકેનીઝમ અખત્યાર કરવુ જોઈએ.

અનુસંધાન પેજ 1 પરથી...

### નવા વર્ષની...

શક્યતા જોવામાં આવી રહી છે.

ગુજરાત સહિત દેશભરમાં ફરી કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. જેના પગલે સરકાર અને લોકોની ચિંતામાં વધારો થયો છે. 22 ડિસેમ્બર સુધી કોરોના JN.1 ના નવા વેરિએન્ટના અત્યાર સુધીમાં 25 કેસ નોંધાયા છે. છેલ્લા 24 કલાકમાં કોરોનાના 300 કરતા વધુ નવા કેસ નોંધાયા છે, જ્યારે એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. JN.1 વેરિઅન્ટનો પહેલો કેસ કેરળમાંથી જ નોંધાયો હતો. હાલમાં દેશમાં દર એક કલાકે ઓછામાં ઓછા 26થી 27 લોકો સંક્રમિત થઈ રહ્યા છે જેના પગલે ડરનો માહોલ સર્જાયો છે. કોરોનાના સબ વેરિયન્ટ JN.1થી સંભવિત સંક્રમણને લઈને દેશમાં ચિંતા વધી છે, જો કો હજુ સુધી ફક્ત એક જ કેસની પુષ્ટિ થઈ છે. WHO દ્વારા પણ વૈશ્વિકસ્તરે સાવચેત રહેવાની સૂચના પણ જાહેર થઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયે ગઈકાલે છેલ્લા 24 કલાકના કોરોના કેસોના આંકડા જાહેર કર્યા હતા જે મુજબ કોવિડના 800 કરતા વધુ કેસ નોંધાયા હતા અને 4ના મોત થયા છે. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને 3,420 પર પહોંચી ગઈ હતી. આ ઉપરાંત કેરળમાં 2, રાજસ્થાન અને કર્ણાટકમાં 1-1 મળી કુલ 4 લોકોના મોત થયા છે. કોરોનાની સૌથી વધુ ચિંતા નવા વેરિયન્ટ JN.1થી વધી રહી છે. એવુ માનવામાં આવી રહ્યું છે કે કોરોના કેસોમાં ઉછાળ એ JN.1 વાયરસના કારણે છે, જે કોવિડ ઓમિક્રોન સંસ્કરણનો વંશ છે. જો કે દેશના અન્ય હિસ્સામાં હજુ સુધી આ વાયરસની સંક્રમણની પુષ્ટિ થઈ નથી. હાલમાં લગભગ 41 દેશોમાં સબ-વેરિયન્ટનું સંક્રમણ જોવા મળ્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ માહિતી આપી છે કે છેલ્લા એક મહિનામાં વિશ્વભરમાં કોરોના વાયરસના કેસોમાં 52 ટકાનો વધારો થયો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન WHO અનુસાર, ચાર અઠવાડિયામાં સમગ્ર વિશ્વમાં કોરોનાને કારણે 3 હજાર લોકોએ જીવ ગુમાવ્યો છે. છેલ્લા 28 દિવસની સરખામણીએ આ ચાર અઠવાડિયામાં મૃત્યુમાં પણ 8%નો વધારો થયો છે. 17 ડિસેમ્બર સુધીમાં વિશ્વભરમાં 77 કરોડથી વધુ કેસ નોંધાયા છે. WHO અનુસાર, છેલ્લા 28 દિવસમાં સમગ્ર વિશ્વમાં 118,000 લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે 1600 ICUમાં છે. હોસ્પિટલમાં દાખલ લોકોની સંખ્યામાં પણ પાછલા દિવસોની સરખામણીએ 23%નો વધારો થયો છે.

### માનવ તસ્કરી...

માહિતી મળી હતી કે એમાં હાજર ભારતીય નાગરિકો માનવ તસ્કરીનો શિકાર બનવાના છે. આ પછી પોલીસે આ વિમાનને રોક્યું હતું. હાલમાં આ વિશે વધુ માહિતી બહાર આવી નથી. બીજી તરફ, ભારતીય દૂતાવાસના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરીને લખ્યું, ફ્રાન્સના અધિકારીઓએ અમને આ મામલાની જાણકારી આપી છે. અમે અમારા નાગરિકો સુધી પહોંચી ગયા છીએ. તેમને સંપૂર્ણ મદદ કરી રહ્યા છે. આ બાબતે તપાસ ચાલુ છે. નિકારાગુઆ ઉત્તર અને દક્ષિણ અમેરિકાને જોડતી સાંકડી દરિયાઈ પટ્ટી પર વસેલો દેશ છે. નિકારાગુઆની ઉત્તર-પશ્ચિમે હોન્ડુરાસ, પૂર્વમાં કેરિબિયન સાગર, દક્ષિણમાં કોસ્ટારિકા અને દક્ષિણ-પશ્ચિમમાં પ્રશાંત મહાસાગર આવેલા છે. નિકારાગુઆની મોટા ભાગની પ્રજા સ્થાનિક અને યુરોપિયન પ્રજાના મિશ્રણથી બનેલી મેસ્ટિઝો પ્રજાની છે આ ઉપરાંત યુરોપીય, આફ્રિકન અને એશિયન મૂળના લોકો પણ અહીં વસે છે. સ્પેનિશ એ અહી સૌથી વધુ બોલાતી ભાષા છે. આ ઉપરાંત અંગ્રેજી અને અન્ય સ્થાનિક ભાષાઓનુ પણ ચલણ છે. કેથલિક અને પ્રોટેસ્ટંટ ખ્રિસ્તી એ દેશની પ્રજાનો મુખ્ય ધર્મ છે. નિકારાગુઆનું અર્થતંત્ર અતિઅલ્પવિકસિત છે. દેશના અર્થતંત્રનો મોટો આધાર ખેતી, પશુમાંસ અને ટૂરિઝમ પર આધાર રાખે છે.

પેરિસ પોલીસે પણ આ વિમાનને રોકવામાં આવ્યું હોવાની પુષ્ટિ કરી છે. આ મુજબ એક ગુપ્ત માહિતી મળી હતી. આ પછી અમે નક્કી કર્યું કે આ વિમાનમાં હાજર 303 લોકો માનવ તસ્કરીનો શિકાર બની શકે છે. અમારી ટીમે સંપૂર્ણ તપાસ ન થાય ત્યાં સુધી એરક્રાફ્ટને ગ્રાઉન્ડ કરવાનું નક્કી કર્યું. પ્લેન દુબઈથી ટેકઓફ થયું હતું અને નિકારાગુઆના અમુક ભાગમાં લેન્ડ થવાનું હતું. હવે ફ્રેન્ચ ઈન્ટેલિજન્સ એજન્સી અને પોલીસ આ મામલે સંયુક્ત રીતે તપાસ કરી રહી છે.

### લેન્ડ ફોર..

બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવ અને તેમના પુત્ર અને રાજ્યના ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવ સામે નોકરી માટે જમીન કૌભાંડમાં મોટી કાર્યવાહી કરી છે. EDએ લાલુ અને તેજસ્વીને સમન્સ મોકલીને પૂછપરછ માટે ED હેડક્વાર્ટરમાં બોલાવ્યા છે. EDએ તેજસ્વી યાદવને શુક્રવારે 22 ડિસેમ્બર પૂછપરછ માટે હાજર થવા જણાવ્યું હતું. બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ યાદવને બુધવારે 27 ડિસેમ્બરે આ કેસમાં પ્રશ્નોના જવાબ આપવા માટે બોલાવવામાં આવ્યા છે. બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ, પૂર્વ સીએમ રાબડી દેવી અને તેજસ્વી યાદવને નોકરી માટે જમીન કૌભાંડમાં આરોપી બનાવવામાં આવ્યા છે.

### જમ્મુ-કાશ્મિરમાં.

થયા હતા. નોંધનીય છે કે આ વર્ષે અત્યાર સુધીમાં રાજૌરી અને પૂંછના સરહદી જિલ્લાઓમાં 16 સુરક્ષા જવાનો શહીદ થયા છે અને સાત નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. જોકે સુરક્ષા દળોએ સરહદી જિલ્લાઓમાં વિવિધ ઓપરેશનમાં 24 આતંકવાદીઓને પણ ઠાર કર્યા છે. ગુરુવારે થયેલા આતંકવાદી હુમલામાં નાયક બિરેન્દ્ર સિંહ (15 ગઢવાલ રાઈફલ), નાયક કરણ કુમાર (ASC), રાઈફલમેન ચંદન કુમાર (89 આર્મ્ડ રેજિમેન્ટ), રાઈફલમેન ગૌતમ કુમાર (89 આર્મ્ડ રેજિમેન્ટ) અને અન્ય એક જવાન શહીદ થયા હતા. સેના દ્વારા હાલમાં પાંચમા શહીદ સૈનિકનું નામ જાહેર કરવામાં આવ્યું નથી.

## ડીસામાંથી નકલી પોલીસ કોન્સ્ટેબલ ઝડપાયો : વીસથી વધુ ગુના કબુલ્યા

ગુજરાત | વંદન

ડીસામાં અસલી પોલીસનું આઈ-કાર્ડ લઈ નકલી પોલીસ કોન્સ્ટેબલ લોકોને ધમકાવી તોડ કરી રહ્યો હોવાની માહિતી ડીસા દક્ષિણ પોલીસને થતાં આ નકલી પોલીસ કોન્ટેબલને ઝડપી પાડ્યો હતો. પુછપરછ દરમિયાન આરોપીએ પોલીસના નામે તેમજ અન્ય રીતે 20 જેટલા ગુના કર્યાની કબૂલાત કરી હતી. ગુજરાત રાજ્યમાં અત્યારે નકલીની બોલબાલા ચાલી રહી છે હોય તેમ નકલી ટોલનાકા, નકલી સરકારી કચેરી, એમપી અને ધારાસભ્યના નકલી પીએ બાદ હવે નકલી પોલીસ પણ નજરમાં આવ્યો છે. બનાસકાંઠાના વેપારી મથક ડીસામાં નકલી ઘી બાદ હવે નકલી પોલીસ કોન્સ્ટેબલ ઝડપાયો છે. ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકના પીઆઈને બાતમી મળી હતી કે અશોક ભેમાભાઈ ચૌધરી નામનો આરોપી પંચમહાલના સાચા પોલીસકર્મીનું આઈકાર્ડ બતાવી લોકો સાથે છેતરપિંડી કરી રહ્યો છે. બાતમી મળતાં દક્ષિણ પોલીસની ટીમે તપાસ કરી અશોક ભેમાભાઈ ચૌધરી (રહે, ટેભા, તા.વાવ)ને ઝડપી લીધો હતો. તેની પૂછપરછ અને તલાસી લેતાં તેમની પાસેથી પંચમહાલના એક પોલીસ કર્મીનું આઈકાર્ડ મળી આવ્યું હતું. ઝડપાયેલો અશોક ચૌધરી પોલીસના આઈકાર્ડનો દુરુપયોગ કરી લોકો પાસેથી તોડ કરી, છેતરપિંડી કરવાની સાથે ધમકાવી રહ્યો હતો. જેથી પોલીસે પૂછપરછ કરતાં આ અશોક ચૌધરી અગાઉ પણ અમદાવાદમાં પીએસઆઈ બની ઠગાઈ કરતાં અમદાવાદમાં ગુનો નોંધાયો હતો.ત્યારે પોલીસનું આઈકાર્ડ બતાવી કેટલાય લોકો પાસે નાણા પડાવ્યા હોવાનુ તેમજ પોલીસનો રોફ બતાવી વાહનો ચોરી કર્યા હોવાનું પણ પૂછપરછમાં કબુલ્યું હતું. પોલીસે ગુના ઉકેલવાના પ્રયાસો હાથ ધરી કેટલાક વાહનો પણ કબજે કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

# વર્ષ 2023માં શેરબજારે રચ્યો ઈતિહાસ, નિફ્ટીએ રોકાણકારોને 18% રિટર્ન આપ્યું

ગુજરાત | વંદન

વર્ષ 2023નો છેલ્લો મહિનો એટલે કે ડિસેમ્બર સતત ઈતિહાસ રચી રહ્યો છે. મંગળવારે 19 ડિસેમ્બરના રોજ અસ્થિર દિવસમાં પણ સેન્સેક્સ-નિફ્ટી નવી સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયા હતા. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ 71623.71ની નવી ટોચે પહોંચ્યો હતો અને નિફ્ટી 21,505.05ની સર્વોચ્ચ સપાટી બતાવી હતી. નિફ્ટીએ આ વર્ષે અત્યાર સુધીમાં 18 ટકાનું વળતર આપ્યું છે.

નિફ્ટીએ મજબૂત રેકોર્ડ બનાવ્યો છે. આ વર્ષે નિફ્ટીએ નવો રેકોર્ડ બનાવ્યો છે. 8 ડિસેમ્બરે જ તે 21000 પોઈન્ટનું સ્તર વટાવી ગયું હતું અને હવે તે 22000 હજાર તરફ આગળ વધી રહ્યું છે. ચાલુ વર્ષમાં નિફ્ટીમાં 2900 પોઈન્ટનો જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે. 30 ડિસેમ્બર 2022ના રોજ તે 18,105ના સ્તરે હતો. આ સમયગાળા દરમિયાન ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છતાં નિફ્ટીએ આ સમયગાળા દરમિયાન રોકાણકારોને 18 ટકાનો સારો નફો આપ્યો છે. છેલ્લા મહિનામાં જ નવ ટકાનો નફો થયો છે. એટલું જ નહીં નિફ્ટીની માર્કેટ મૂડી પણ 4.28 ટ્રિલિયન ડૉલર પર પહોંચી ગઈ છે. નિફ્ટીની સાથે સેન્સેક્સે પણ રોકાણકારો માટે બમ્પર કમાણી કરી છે. આ વર્ષે BSEની માર્કેટ મૂડીમાં પણ જબરદસ્ત ઉછાળો આવ્યો છે, જે 350 લાખ કરોડ રૂપિયાની નજીક પહોંચી



ગયો છે. 30 ડિસેમ્બર, 2022ના રોજ તે રૂ. 282.38 લાખ કરોડ હતો, જે 8 ડિસેમ્બર, 2023ના રોજ વધીને રૂ. 348.84 લાખ કરોડ થઈ ગયો. આ વર્ષે માર્કેટ મૂડીમાં રૂ. 66,46,363.67 કરોડનો વધારો થયો છે.

ભારતના બંને સૂચકાંકો વૈશ્વિક બજાર પર વર્ચસ્વ જાળવી રાખે છે અને નિફ્ટી ચોથા સ્થાને પહોંચી ગયો છે અને વળતરની દ્રષ્ટિએ સેન્સેક્સ પાંચમા સ્થાને પહોંચી ગયો છે. પ્રથમ સ્થાને અમેરિકન નાસ્ડેક છે જેણે આ વર્ષે લગભગ 38.06 ટકા વળતર આપ્યું છે. તે જ સમયે જાપાનના નેક્કાઈએ 25.63 ટકાનું વળતર આપ્યું છે. વર્ષ 2024માં ભારતીય શેરબજાર 10 ટકા વધશે. એક નિષ્ણાંત અનુસાર વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની શાનદાર જીત બાદ રોકાણકારોએ કેન્દ્રમાં પણ ભારતીય જનતા પાર્ટી યથાવત રહેવાની ધારણા રાખી છે. સ્થિર સરકારના કારણે વેપારમાં તેજીના અનુમાન છે.

### વિશ્વની દિગ્ગજ એરલાઈન્સમાં ઈન્ડિગો સામેલ

# 1 વર્ષમાં 10 કરોડ યાત્રીઓની મુસાફરી સાથે ઈતિહાસ રચ્યો

ગુજરાત | વંદન

ઉડ્ડયન ક્ષેત્રે દેશને મોટી સફળતા મળી છે. જેમાં દેશની સૌથી મોટી પ્રાઈવેટ ઉડ્ડયન કંપની ઈન્ડિગો એરલાઈનએ ઈતિહાસ રચ્યો છે. તેણે 1 વર્ષમાં 10 કરોડ યાત્રીઓનો આંકડો પાર કરી અભૂતપૂર્વ રેકોર્ડ બનાવનારી તે પ્રથમ ભારતીય એરલાઈન બની ગઈ છે. અને તેની સાથે જ વિશ્વની દિગ્ગજ એરલાઈન્સમાં પણ તેની સમાવેશ થઈ ગયો છે.

આ અવસર પર કંપનીએ કહ્યું કે, આજ સુધીમાં કોઈ પણ ઈન્ડિયન એરલાઈન્સ કંપનીને આ સિદ્ધિ પ્રાપ્ત નથી કરી. અમને 1 વર્ષમાં 10 કરોડ લોકોની સેવા કરવાની તક મળી. આજ સુધી કોઈ ભારતીય




એરલાઈન આ મુકામ સુધી નથી પહોંચી શકી. હવે અમે વિશ્વની ટોપ-10 એરલાઈન્સમાં સામેલ થઈ ગયા છીએ. આ દરમિયાન ઈન્ડિગોએ સૌથી વધુ ઉડાન ભરવા મામલે વિશ્વની 10 સૌથી પ્રમુખ એરલાઈન્સ વચ્ચે સફળતાપૂર્વક પોતાનું સ્થાન બનાવ્યું છે.

ઈન્ડિગોના CEO પીટર એલ્બર્સે કહ્યું કે, અમે આ સિદ્ધિ હાંસલ કરીને ખૂબ જ ખુશી અનુભવી રહ્યા છીએ. તે ઈન્ડિગો માટે લોકોનો પ્રેમ અને વિશ્વાસ દર્શાવે છે. આ આંકડા સુધી પહોંચવા માટે અમારા કર્મચારીઓએ જ સખત મહેનત કરી તેના માટે અમે તેમનો આભાર માનીએ છીએ. આગળ પણ ઈન્ડિગો લોકોની સેવા માટે સમર્પિત રહેશે. ઈન્ડિગોએ છેલ્લા છ મહિનામાં 20 નવા આંતરરાષ્ટ્રીય રૂટ પર તેની ફ્લાઈટ્સ શરૂ કરી છે. આ સાથે કંપનીએ ડોમેસ્ટિક રૂટ પર પણ તેની પહોંચ વધારી છે. ઈન્ડિગો ટૂંક સમયમાં જ ઈન્ડોનેશિયાના બાલી અને સાઉદી અરેબિયાના મદીના માટે તેની ફ્લાઈટ શરૂ કરવા જઈ રહી છે. આંકડા પ્રમાણે નવેમ્બર સુધી ડોમેસ્ટિક બજારમાં ઈન્ડિગોની હિસ્સેદારી 61.8 ટકા હતી. તેની પાછળ એર ઈન્ડિયા છે જેની બજાર હિસ્સેદારી ઈન્ડિગો કરતા છ ગણી પાછળ છે. ભારતીય બજારમાં કોઈપણ કંપની ઈન્ડિગોને ટક્કર આપી શકે તેવી સ્થિતિમાં નથી. તાજેતરમાં કંપનીએ 500 એરબસ A320 ખરીદવાનો ઓર્ડર આપ્યો હતો.

## પ્રીમિયમ આયાતી ચોકલેટની માંગ વધી

ગુજરાત | વંદન

લક્ઝરી અને પ્રીમિયમ આયાતી ચોકલેટની માંગ ઝડપથી વધી રહી છે. ભારતે નાણાકીય વર્ષ 2023માં 27.84 મિલિયન ડોલરની ચોકલેટની આયાત કરી છે. આ આંકડો વાર્ષિક ધોરણે 45%ની વૃદ્ધિ દર્શાવે છે. ભારતમાં આયાતી ચોકલેટના વિતરક કેટલાક લોકો ડાર્ક ચોકલેટને સુપરફૂડ માનતા હોવાથી, બજાર આ વર્ષે ભારતે 27.84 મિલિયન ડોલરની ચોકલેટની આયાત કરી હતી. કિલોગ્રામ મિક્સ્ડ ચોકલેટ સિગારની કિંમત 64,995 રૂપિયા છે. કોકોકાર્ટ 2024માં બટલર, લિયોનીડાસ, ગુલિયન અને કાર્ટરાઈટ અને બટલર જેવા બ્રાન્ડ્સ પણ રજૂ કરવાનું વિચારી રહી છે, જે બેલ્જિયમ અને યુકેથી આયાત કરવામાં આવે છે. સૂત્રોને ટાંકીને જણાવાયું છે કે આગામી દિવસોમાં વધુ આયાતી પ્રીમિયમ બ્રાન્ડ ભારતમાં પ્રવેશવાનું આયોજન કરી રહી છે. ભારતમાં સ્વિસ લક્ઝરી ચોકલેટ સ્વિસ ચોકલેટ બ્રેડ, જેણે ભારતમાં લોન્ચ કર્યા પછી નોંધપાત્ર લોકપ્રિયતા મેળવી છે.

### બેંકમાં જમા 42,270 કરોડના દાવેદાર કોણ...

# બેંકે કરી જાહેરાત: આ પૈસાના માલિક કોણ છે, સંપર્ક કરો...

ગુજરાત | વંદન

સંસદમાં માહિતી આપવામાં આવી હતી કે દેશની બેંકોમાં માર્ચ ૨૦૨૩ના અંતે રૂ ૪૨૨૭૦ કરોડની દાવા વગરની થાપણો છે, જેમાંથી જાહેર ક્ષેત્રની બેંકો પાસે 36,185 કરોડ રૂપિયાની દાવા વગરની થાપણો હતી અને 6,087 કરોડ રૂપિયા ખાનગી ક્ષેત્રની બેંકો પાસે નોંધાઈ હતી. નાણાકીય વર્ષ 2021-2022માં જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકોમાં 32,934 કરોડ રૂપિયાની દાવા વગરની થાપણોની સરખામણીમાં માર્ચ 2023ના અંતે આ રકમ 28 ટકા વધીને રૂપિયા 42,272 કરોડ થઈ છે. આ રકમમાં ઘણો મોટો વધારો થયો છે.

માર્ચ 2023 ના અંતે જાહેર ક્ષેત્રની બેંકોમાં 36,185 કરોડ રૂપિયાની દાવા વગરની થાપણો હતી જ્યારે 6,087 કરોડ રૂપિયા ખાનગી ક્ષેત્રની બેંકો પાસે હતી. જે બેંકો તેમના ખાતામાં 10 કે તેથી વધુ વર્ષોથી પડેલી ખાતાધારકોની દાવા વગરની થાપણોને રિઝર્વ બેંકના ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડમાં મોકલે છે. નાણા રાજ્ય મંત્રી ભગવત કે કરડે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે રિઝર્વ બેંકે દાવો ન કરેલી થાપણોનું પ્રમાણ ઘટાડવા અને યોગ્ય દાવેદારોને આવી થાપણો પરત કરવા માટે ઘણા પગલાં આ અગાઉ પણ લેવામાં આવ્યા છે. પરંતુ તેનો કોઈ ખાસ ફાયદો થયેલો જોવા મળ્યો નથી.

દાવો ન કરેલી રકમ વિશે માહિતી અને દાવાઓ માટે, RBI ગવર્નર શક્તિકાંત દાસે ઓગસ્ટ મહિનામાં પોર્ટલ - RBI UDGAM લોન્ચ કર્યું હતું. સેન્ટ્રલ બેંક દ્વારા લોકોને એક જ જગ્યાએ એકથી વધુ બેંકોમાં તેમની દાવા વગરની થાપણો શોધવા અને તેનો દાવો કરવાનું સરળ બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. પ્રારંભિક તબક્કામાં, 7 બેંકો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ધનલક્ષ્મી બેંક, સાઉથ ઈન્ડિયન બેંક, ડીબીએસ બેંક ઈન્ડિયા અને સિટી બેંકમાં દાવા વગરની થાપણો વિશેની માહિતી પોર્ટલ પર ઉપલબ્ધ હતી. જ્યારે 6 એપ્રિલ, 2023ના રોજ દ્વિ-માસિક નાણાકીય નીતિ સમીક્ષામાં, રિઝર્વ બેંકે દાવો ન કરેલી થાપણોને ટ્રેસ કરવા માટે કેન્દ્રિય વેબ પોર્ટલ બનાવવાની જાહેરાત કરી હતી.

# દેશના જીડીપીમાં જનરેટિવ AIના યોગદાનમાં વધારો થવાની સંભાવના

ગુજરાત | વંદન

જનરેટિવ એઆઈ આગામી સાત વર્ષમાં ભારતના કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)માં સંભવિતપણે ૧.૨ ટ્રિલિયન ડોલરથી ૧.૫ ટ્રિલિયન ડોલરનો ઉમેરો કરી શકે છે. આ અંદાજ ઈવાયના તાજેતરના અહેવાલમાં વ્યક્ત કરવામાં આવ્યો છે. ભારતના ડિજિટલ પરિવર્તનને વેગ આપવા માટે જનરેટિવ એઆઈની સંભાવના શીર્ષક ધરાવતા અહેવાલમાં જણાવાયું છે કે જનરેટિવ એઆઈ માત્ર નાણાકીય વર્ષ ૨૦૨૯-૩૦માં જ ભારતના જીડીપીમાં ૩૫૯ બિલિયન ડોલરથી ૪૩૮ બિલિયન ડોલરનું યોગદાન આપશે. તે વધારાના યોગદાન કરવાની ક્ષમતા ધરાવે છે.

ભારતના જીડીપી પર જનરેટિવ




એઆઈની કુલ અસરમાંથી લગભગ ૬૯ ટકા બિઝનેસ સેવાઓ (આઈટી, કાનૂની, કન્સલ્ટિંગ, આઉટસોર્સિંગ, મશીનરી અને સાધનો ભાડા વગેરે સહિત), નાણાકીય સેવાઓ, શિક્ષણ, છૂટક અને આરોગ્ય સંભાળ ક્ષેત્રે આપે છે.

ઈરૂ ઈન્ડિયાના ટેક્નોલોજી એડવાઈઝરીના વડા મહેશ ઈવાય અને એઆઈ -ફર્સ્ટ સોલ્યુશન્સનો ઉપયોગ કરીને ગ્રાહકોની સંલગ્નતા વધારવા, ઉત્પાદકતા વધારવા અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ચલાવવાના ઉદ્દેશ્ય સાથે સંસ્થાઓ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન માટે ઝડપી એઆઈ -ફર્સ્ટ અભિગમ અપનાવી રહી છે. ક્ષમતા પ્રદાન કરવામાં વધુ સક્રિયતા પ્રાપ્ત કરો. ભારતમાં અંદાજે ૭૫ ટકા વ્યવસાયો જનરલ એઆઈના લાભોનો ઉપયોગ કરવા માટે નીચાથી મધ્યમ સ્તરની તૈયારી દર્શાવે છે.

### યમનના હુમલાખોરોએ સંકટ વધાર્યું

# ભારતના 200 બિલિયન ડૉલરની નિકાસને અસર

ગુજરાત | વંદન

માત્ર ભારત જ નહીં વિશ્વભરના વેપાર માટે સુએઝ નહેર ખુબ મહત્વ ધરાવે છે. આ નહેર પરથી કોમર્શિયલ જહાજોની હંમેશા અવર-જવર રહેતી હોય છે. જોકે આ કેનાલ ફરી સંકટની ઝટેપમાં આવી ગયું છે. ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે યમનના હૂતી ગ્રૂપ નહેર પરથી પસાર થતા જહાજો પર હુમલો કરી રહી છે, જેના કારણે વૈશ્વિક વેપાર માટે ગંભીર ચિંતાનો વિષય બની ગયું છે. હાલ ભારત પણ આ અસરનો સામનો કરી રહ્યું છે. યમનનો હૂતી ગ્રૂપ સ્વેઝ નહેર પરથી પસાર થતા જહાજોને નિશાન બનાવી રહ્યું છે. આ ગ્રૂપના હુમલાખોરો કેટલાક જહાજો પર મિસાઈલ હુમલાઓ કરતા રહે છે, જેના કારણે વૈશ્વિક વેપાર માટે કહેવાતો મુખ્ય માર્ગ પ્રભાવિત થયો છે અને શિપિંગ કંપનીઓ આ માર્ગ પરથી જવાનું ટાળી રહ્યા છે.


સ્વેઝ નહેરની વાત કરીએ તો તેની ભૌગોલિક સ્થિતિ ખુબ વ્યૂહાત્મક છે. એશિયા અને યુરોપ વચ્ચે આવેલી 192 કિલોમીટરની સુએઝ નહેર પરથી એક સ્થાનેથી બીજા સ્થાને જવા ખુબ ઓછા સમયે પહોચી શકાય છે. વોર્ટિક્સાના ડેટા મુજબ 2023ના પ્રથમ છ મહિનામાં સ્વેઝ નહેર પરથી લગભગ 92 લાખ બેરલ ક્રુડ ઓઈલનો કુલ જથ્થાનો વેપાર થયો હતો, જે કુલ વૈશ્વિક માંગનો 9 ટકા બરાબર છે. આ નહેર પરથી વિશ્વની જરૂરીયાતનો લગભગ 4 ટકા એલએનજીનો વેપાર થાય છે.

# શાકભાજી-ફળોનો બગાડ અટકાવવા ખાસ હાઈટેક મોનેટરીંગ સીસ્ટમ અપનાવાશે

ગુજરાત | વંદન

વિશ્વમાં ફળ તથા શાકભાજી ઉત્પાદનમાં ભારત પ્રથમ હરોળના દેશોમાં સ્થાન ધરાવતો હોવા છતાં 40% શાકભાજી-ફળો ઉપયોગમાં લેવાય તે પુર્વે જ ફાર્મથી લઈને કિચન સુધીમાં બગડી જાય છે. જેના કારણે દર વર્ષે મળશે. રૂપિયાનું નુકશાન થાય છે. અનાજમાં પણ આ પ્રકારની સ્થિતિ છે. ખાસ કરીને ફળો તથા શાકભાજીની સાચવણી, ટ્રાન્સપોર્ટેશન તથા વેચાણમાં કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિ- ટેકનોલોજીનો સૌથી મોટો અભાવ ભારતમાં જોવા મળે છે

તે સમયે કેન્દ્ર સરકારે હવે જાણીતી ઈ-કોમર્સ કંપની એમેઝોન દ્વારા તૈયાર કરાયેલ જોહરી ટુલ્સના ઉપયોગ મારફત આ પ્રકારના



ઝડપી નાશવંત શાકભાજી- ફળોનું સ્ટોરેજથી લઈને રીટેલ સ્ટોરમાં મોનેટરીંગ થાય અને તેના આધારે તેને વેચાણ કે નિકાસની વ્યવસ્થા થાય તે જોવા નિર્ણય લીધો છે. આ માટેનો એક પાઈલોટ પ્રોજેક્ટ અમર ડેરીના સફલ સ્ટોર્સ જે દિલ્હી તથા બેંગ્લોરમાં ત્યાં શરૂ કરાયો હતો અને તેના ફાયદા જોવા મળ્યા છે. આ માટે વાઈફાઈ આધારીત ઈન્ટરનેટ ઓફ થિંગ્સ-કેમેરાનો ઉપયોગ કરવામાં આવશે જે મારફત અગાઉથી સડેલા કે બગડેલા અથવા નુકશાન થયેલા શાકભાજી-ફળોને પારખી તેને દુર કરવાનું એલર્ટ આપશે.

ખાસ કરીને મોટા સ્ટોરેજથી લઈને શાકભાજી-મોલમાં આ પદ્ધતિ ખૂબ જ અસરકારક સાબીત થઈ રહી છે. જેના કારણે અન્ય શાકભાજી કે ફળોને બગડતા પણ અટકાવી શકાય છે. સરકાર મુખ્યત્વે અનાજની ખરીદી કરે છે પણ હવેના સમયમાં ડુંગળી જેવા ઉત્પાદનો પણ બફર સ્ટોક રાખવો પડે છે. અમર ડેરી તેના સફળ પ્રોજેક્ટ મારફત શાકભાજી- ફળો પણ ખરીદે છે.

### વોડાફોન-આઈડિયાને TDSAT તરફથી મોટી રાહત

# કંપનીને રૂ.755 કરોડ પરત કરવા સરકારને આદેશ અપાયો

ગુજરાત | વંદન

ટેલિકોમ સેક્ટરમાં સમસ્યાનો સામનો કરી રહેલી વોડાફોન-આઈડિયાને સરકાર પાસેથી લગભગ 755 કરોડ રૂપિયા પાછા મળવા જઈ રહ્યા છે. ટેલિકોમ ડિસ્પ્યુટ્સ સેટલમેન્ટ એન્ડ એપેલેટ ટ્રિબ્યુનલ (TDSAT)એ કંપની અને સરકાર વચ્ચેના કેસમાં પોતાનો ચુકાદો આપતાં સરકારને




વોડાફોન-આઈડિયાને રૂ. 755 કરોડ પરત કરવાનો નિર્દેશ આપ્યો હતો. વોડાફોન-આઈડિયા માટે TDSAT તરફથી આને મોટી રાહત માનવામાં આવી રહી છે. આ રકમ વોડાફોન-આઈડિયા દ્વારા બંને કંપનીઓના મર્જર સમયે ચૂકવવામાં આવી હતી. પરંતુ હવે TDSAT એ પોતાનો ચુકાદો આપતાં સરકારને આ રકમ 15 દિવસમાં પરત કરવાનો આદેશ આપ્યો છે.

આ સમાચારની વિગતો આપતા સીએનબીસી-આવાઝના અસીમ મનચંદાએ કહ્યું કે જ્યારે બંને કંપનીઓનું વિલીનીકરણ થયું ત્યારે સરકારે કંપનીને કહ્યું કે તેમને 3,226 કરોડ રૂપિયા ચૂકવવાના છે. પરંતુ જ્યારે તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું ત્યારે જાણવા મળ્યું કે માત્ર 3,170 રૂપિયા ચૂકવવાના હતા.

# દરેક ચારમાંથી એક કર્મચારી એક વર્ષમાં નોકરી બદલવા માટે તૈયાર

**■ એક રિપોર્ટ અનુસાર ભારતમાં દર ચોથો કર્મચારી એક વર્ષમાં નોકરી બદલવાનું વિચારી રહ્યો છે**

ગુજરાત | વંદન

કર્મચારીઓ તેની વર્તમાન નોકરીથી ખુશ નથી, આબાબતનો સર્વે કરતા વૈશ્વિક સ્તરે 28 કર્મચારીઓ એક જ વર્ષમાં નોકરી બદલવાનું વિચારી રહ્યા છે. એક રિપોર્ટમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે કર્મચારીઓ નવી તકની શોધમાં વ્યસ્ત રહે છે. તેમજ તેમાંથી કેટલાક નવી જોબમાં સ્વિચ કરવાનું પણ વિચારી રહ્યા છે. ભારતમાં પણ દર ચોથો કર્મચારી એક વર્ષમાં નોકરી બદલવા માંગે છે. આથી કહી શકાય કે ભારતમાં નોકરી બદલતા લોકોનો દર 26 ટકા છે. આવી સ્થિતિમાં કંપનીઓ માટે સ્થિતિ પડકારજનક બની રહે છે. જે માત્ર ભારત પુરતી જ મર્યાદિત નથી પરંતુ વૈશ્વિક લેવલે આ પરિસ્થિતિ છે.

કામ કરવાના લાંબા કલાકો અને સામે મળતા ઓછા લાભ અને ભાવનાત્મક લાગણીઓ પણ નોકરી બદલવા પાછળના જવાબદાર કારણોમાં સ્થાન ધરાવે છે. જેથી કંપનીએ એ ખાસ જોવું જોઈએ કે તેમના કર્મચારીઓ માટે શું મહત્વનું છે, તેને પ્રાથમિકતા આપવી જોઈએ અને તેના પર કાર્ય કરવું જોઈએ. સર્વેના રિપોર્ટ અનુસાર, કર્મચારીઓને સીધું પૂછવામાં આવ્યું કે તેમના માટે સૌથી મહત્વપૂર્ણ શું છે, ત્યારે તેમની પ્રાથમિકતા પગારધોરણ હતી. અન્ય લાભ, સુવિધાઓ, જીવનશૈલી, શીખવાની તક, કામની પસંદગી જેવી અન્ય બાબતોનો સમાવેશ કર્યો હતો.

### રોકાણકારો બન્યા સાંતાક્લોઝ!

# ઈક્વીટીમાં IPO સહિતના રોકાણમાં ડિસેમ્બર 'હિટ'

ગુજરાત | વંદન

ભારતીય શેરબજાર અને ખાસ કરીને પ્રાઈમરી માર્કેટ હવે વૈશ્વિક પ્રવાહથી અલગ ચાલ અપનાવી રહ્યું છે? સામાન્ય રીતે ડિસેમ્બર માસમાં આઈપીઓ સહિતના નવા ભંડોળ મેળવવા કે પછી રાઈટ ઈસ્યુથી કંપનીઓ નાણા મેળવવામાં આવતી નથી. ખાસ કરીને વિદેશમાં ક્રિસમસ-માસ તરીકે ડિસેમ્બરના છેલ્લા પખવાડીયુ ઠંડુ રહે છે પણ ભારતમાં આ વર્ષે ડિસેમ્બર માસમાં આઈપીઓ મારફત ભંડોળ મેળવવામાં આ પરંપરા તૂટશે અને હજું અનેક કંપનીઓ કતારમાં છે.

સેબીએ જો કે આઈપીઓ સહિતના માર્ગ ભંડોળ મેળવવા આવતી કંપનીઓ માટે નિયમો વધુ કડક બનાવે છે પણ 2024ની લોકસભા ચૂંટણીમાં ફરી 'આવશે તો મોદી જ' તે રાજકીય ધારણા વધુ મજબૂત બની રહી છે. અમેરિકા ફેડ એ પણ હવે વ્યાજદરમાં હળવાશના સંકેત આપી દીધા છે. આ વર્ષના પ્રારંભે જે રીતે યુક્રેન પર રશિયાના આક્રમણ તથા વર્ષના અંતે ઈઝરાયેલ, હમાસ વચ્ચેના સંઘર્ષને હવે માર્કેટ ડિસ્કાઉન્ટ કરી નાખ્યુ છે તેથી હવે વૈશ્વિક ઈકોનોમી પણ કોઈ મોટા આંચકા વગર જ આગળ વધશે તેવા સંકેત છે અને તેથી જ ભારતીય શેરબજારમાં જબરી તેજી છે તથા સેન્સેક્સ-નિફ્ટી નવી ઉંચાઈ એ છે તે વચ્ચે આઈપીઓ તથા ક્યુઆઈપી મારફત ડિસેમ્બર માસમાંજ અત્યાર સુધીમાં રૂા.20909 કરોડ મેળવાયા છે અને તેણે 2017ના ડિસેમ્બરના રૂા.13758 કરોડના રેકોર્ડને તોડયો છે. ડિસેમ્બર માસમાં 11 જાણીતી કંપનીઓ મારફત મેળવ્યા હતા જ્યારે ક્યુઆઈપી મારફત પાંચ કંપનીઓએ રૂા.11400 કરોડ વેચાયા છે. જે ગત વર્ષે ડિસેમ્બરમાં રૂા.11247 કરોડ હતા. 2021માં તે રકમ રૂા.10238 કરોડ અને 2020માં રૂા.9155 કરોડ હતા અને આ વર્ષે 20 ડિસેમ્બરથી 28 ડિસેમ્બર સુધીમાંજ આઠ કંપનીઓ આઈપીઓ મારફત આવી રહી છે.

ક્રિસમસ- હોલીડેના કારણે વિદેશી સંસ્થાકીય રોકાણકારો તો પુરી રીતે 'રજા' પર જ હશે તેમ છતાં આ કંપનીઓ રૂા.4480 કરોડ ઉઘરાવશે. વાસ્તવમાં હવે ઘરઆંગણાના રોકાણકારો મારફત ભંડોળનો મોટો પ્રવાહ મળી રહ્યો છે તેથી માર્કેટનો વિશ્વાસ પણ વધ્યો છે. ઉપરાંત સેકન્ડરી માર્કેટ ઓલટાઈમ હાઈ છે.

આ માસના પ્રારંભે બેન્ક ઓફ ઈન્ડીયા અને ઈન્ડીયન બેન્કે પણ ક્યુઆરપી મારફત અનુક્રમે રૂા.4500 કરોડ અને રૂા.4000 કરોડ મેળવ્યા હતા. સ્ટર્લિંગ એન્ડ વિલ્સન રીન્યુએબલ એનર્જીએ રૂા.1500 કરોડ ટીટાઘર રેલ્વે સિસ્ટમ એ રૂા.700 કરોડ અને જમ્મુ એન્ડ કાશ્મીર બેન્કે રૂા.750 કરોડ મેળવ્યા હતા.

### અદાણી જૂથની કંપનીના શેરો હવે રિકવરી પર, 2024ના નવા વર્ષમાં વધી શકે છે ભાવ...

# વર્ષ 2023માં ગૌતમ અદાણીને ખુબ પડકારોનો સામનો કરવો પડ્યો!

**■ અબજોપતિની યાદીમાં ટોચ પર આવ્યા બાદ એક રિપોર્ટના કારણે ભારે નુકશાન**

ગુજરાત | વંદન

અબજોપતિ ગૌતમ અદાણી માટે વર્ષ 2023 પડકારોથી ભરેલું રહ્યું છે. આ વર્ષના પહેલા મહિનામાં જ ગૌતમ અદાણી ગ્રુપને અમેરિકન શોર્ટ સેલર ફર્મ હિંડનબર્ગ તરફથી આરોપોનો સામનો કરવો પડ્યો હતો. તેની અસર આખા વર્ષ દરમિયાન જોવા મળી અને અદાણી ગ્રૂપના શેર્સ કે માર્કેટ કેપિટલમાં જ ઘટાડો થયો નહીં પરંતુ ગૌતમ અદાણીની અંગત સંપત્તિને પણ ભારે નુકસાન થયું હતું. હિન્ડેનબર્ગના આરોપોને કારણે અદાણીને વ્યક્તિગત સંપત્તિમાં લગભગ 35 બિલિયનનો ઘટાડો થયો છે.


બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ ડેટા દર્શાવે છે કે 61 વર્ષીય બિઝનેસ ટાયકૂન ગૌતમ અદાણીએ 2023 માં વૈશ્વિક સ્તરે વ્યક્તિગત સંપત્તિમાં સૌથી મોટો ઘટાડો જોયો હતો. આ ઘટાડો $35 બિલિયનનો હતો. હાલમાં, ગૌતમ અદાણીની સંપત્તિ 85 બિલિયન ડોલર છે અને તેઓ વિશ્વના 15મા સૌથી ધનિક અબજોપતિ છે. જોકે, ભારતના અબજોપતિઓની યાદીમાં ગૌતમ અદાણી બીજા સ્થાને છે. અદાણીથી આગળ રિલાયન્સના વડા મુકેશ અંબાણી છે. અંબાણીની સંપત્તિ 92 બિલિયન ડોલરથી વધુ છે અને તેઓ વિશ્વના 13મા સૌથી ધનિક અબજોપતિ છે.

તમને જણાવી દઈએ કે જાન્યુઆરીના છેલ્લા દિવસોમાં હિંડનબર્ગે અદાણી ગ્રુપને લઈને એક રિપોર્ટ જાહેર કર્યો હતો. આ રિપોર્ટમાં અદાણી ગ્રુપ પર ઘણા ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા. આ આક્ષેપો એવા સમયે થયા છે જ્યારે અદાણી ગ્રૂપની અગ્રણી કંપની અદાણી



એન્ટરપ્રાઈઝ તેનો એફપીઓ લોન્ચ કરવાની તૈયારીમાં છે. આ આરોપો પછી, જ્યારે જૂથે સ્પષ્ટતા આપી, ત્યારે તેણે તેનો FPO પણ પાછો ખેંચી લીધો. જો કે તેના કારણે શેરબજારમાં ગભરાટ જોવા મળ્યો હતો અને અદાણી ગ્રુપના શેરમાં ઐતિહાસિક ઘટાડો જોવા મળ્યો હતો. એક સમયે, અદાણી ગ્રૂપના શેરના સતત વેચાણ પછી અદાણીની લગભગ 60% સંપત્તિ ગુમાવી હતી.

જો કે, માર્ચ મહિનામાં અદાણી ગ્રૂપ માટે એક સારા સમાચાર આવ્યા જ્યારે રાજીવ જૈનના યુએસ સ્થિત GQG પાર્ટનર્સે રૂ. 5,460 કરોડના મૂલ્યના 4 અદાણી શેરમાં હિસ્સો ખરીદ્યો. ત્યારથી આ ફંડ હાઉસ અદાણીના શેરમાં હિસ્સો વધારી રહ્યું છે. તે જ સમયે, અદાણી જૂથ વિવિધ રીતે ભંડોળ એકત્ર કરી રહ્યું છે અને તેનું દેવું ચૂકવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ગ્રુપ દ્વારા કરવામાં આવેલા તમામ પ્રયાસો બાદ હવે ફરી એકવાર અદાણીની કંપની અને તેમની અંગત સંપત્તિમાં રિકવરી જોવા મળી રહી છે.



# ચામડી સહિત વિવિધ રોગ માટે અસરકારક છે આ વૃક્ષ, જાણો આ ઝાડના ફાયદા અને તેનો ઉપયોગ

ભારતમાં મોટાભાગના ગામડાઓમાં વડનું ઝાડ હોય છે. કેટલીક જગ્યાએ તો તે વિશાળકાય પથરાયેલું જોવા મળે છે. શહેરોમાં ઓછા જોવા મળતુ હોય છે. આ વૃક્ષ અનેક રીતે ઉપયોગી છે. વડના ઝાડમાં એન્ટિમાઈક્રોબાયલ, એન્ટીઓક્સીડેન્ટ, કેમિકલ, હેન્સન, બ્યુટેનોલ, એજીન આલ્બ્યુમિન, મેલીનિક એસિડ, હાઈપોગ્લાયકેમિક જેવા અનેક પદાર્થો રહેલા છે, જે માનવ શરીરમાં થતી અનેક ગંભીર બીમારીઓને જડમાંથી ખત્મ કરવામાં મદદ કરે છે.

ખીલ કે ચામડીમાં ખંજવાળ આવતી હોય ત્યાં લગાવવાથી તરત જ રાહત મળે છે. નિષ્ણાતોના કહેવા પ્રમાણે વડમાં ચામડીના રોગો માટે ઔષધિયો ગુણો રહેલા છે જે એક સંજીવની તરીકેનું કામ કરે છે. ચામડીના રોગમાં વડના પાંદડાનો લેપ લગાવવાથી રાહત થાય છે તેમજ જો ખીલ થયા હોય કે ચામડીમાં ખંજવાળ આવતી હોય તેવી જગ્યાઓ પર લગાવવામાં આવે તો તરત જ રાહત મળે છે. આ ઉપરાંત ઝાડના નાની નાની કુંપળો પાંદડા, વડના મૂળ અને છાલને ભેગુ કરીને ઉકાળો બનાવી, તેનું સેવન કરવાથી પેટના રોગોમાં રાહત થાય છે જેમકે, ઝાડા અને મરડોમાં તરત રાહત થાય છે. આ સિવાય તે કોલેસ્ટ્રોલ નિયંત્રિત કરવામાં પણ ફાયદાકારક રહે છે.

## ઘણા રોગોમાં ફાયદાકારક છે વડ

- વડની ડાળીનો ટુથ બ્રસ તરીકે તેનો ઉપયોગ કરવાથી દાંત અને પેઢા મજબૂત બને છે.
- જ્યારે તેનું સેવન કરવાથી ડાયાબિટીસની સમસ્યામાં રાહત મળે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારો થાય છે.
- શરીરમાં સાંધાના દુખાવાથી પીડાતા દર્દીઓ જો વડના પાંદડાનું સેવન કરે તો તેમને દુખાવામાં રાહત થાય છે.
- વડની ડાળીઓ કે પાંદડામાંથી નીકળતા દૂધનો મલમ તરીકે ઉપયોગ કરી શકાય છે.

નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે આ વૃક્ષ એન્ટીઓક્સિડન્ટ છે. વડ ઔષધીય છોડ છે અને તે સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારોમાં વધારે જોવા મળે છે. વડની છાલ, પાંદડા અને મૂળની પેસ્ટ બનાવીને ચામડી પર લગાવવાથી ચામડીના રોગ થોડા દિવસોમાં જ ગાયબ થઈ જશે.

# સિટી લાઇફથી બોર થઈ ગયા છો? તો પ્રકૃતિનો આનંદ ઉઠાવવા ફરવા જાવો ભારતના આ 6 ગામડાં, થશે શાંતિનો અહેસાસ

ભારત વિશ્વનો એક માત્ર એવો દેશ છે જયાં તમને ભાષાની સાથે સંસ્કૃતિ અને રીતરિવાજમાં પણ વિવિધતા જોવા મળશે. તમને અહિયાં પર્વત, સમુદ્ર, મેદાન અને રણ જોવા મળશે. એવામાં પણ જો તમે શહેરમાં રહેતાં હોય અને 9થી 5ની નોકરી અને રસ્તા પર થતાં ટ્રાફિકથી થાકી ગયા હોય તો તમારે જરૂરથી આ ગ્રામીણ ભારતને એક્સપ્લોર કરવું જોઈએ. જાણો ભારતનાં આ ગામો વિશે જયાં તમારે ચોક્કસ ફરવાં જવું જોઈએ. આ ગામ એટલાં સરસ છે કે ત્યાં તમે શહેરની ભીડ અને ઘોંઘાટને જરૂર ભૂલી જશો. જાણીએ ભારતનાં આ સરસ અને શાંત ગામો વિશે.



આ ગામ પાર્વતી નદીનાં કિનારે આવેલું છે. ત્યાં આગળ તમે ટ્રેકિંગ અને કેપિંગનો આનંદ માળી શકશો.



મુન્નાર કેરળનું એક ખૂબજ સુંદર હિલ સ્ટેશન છે. ત્યાં તમને ચારે બાજુ ચાનાં બગીચા જોવા મળશે. ત્યાં ખૂબજ શાંતિ હોય છે. તમે શહેરની ભીડને ભૂલી જશો.



જીરો ઘાટી અરુણાચલ પ્રદેશમાં આવેલી એક ખૂબજ સુંદર જગ્યા છે. ત્યાં દરવર્ષે જીરો મ્યુઝિક ફેસ્ટિવલનું આયોજન પણ કરવામાં આવે છે.



ખજ્જિયારને ભારતનું નાનું સ્વિટ્ઝર્લૅન્ડ કહેવામાં આવે છે. જો તમે શાંતિ અને પ્રાકૃતિક સુંદરતા એક જ જગ્યાએ જોવા માગતા હોય તો, ખજ્જિયારથી સારી બીજી કોઈ જગ્યા જોવા નહીં મળે.



આ જગ્યા નૈનીતાલથી માત્ર 45 કિલોમીટર જ દૂર છે. અહીંયા તમને નૈનીતાલથી પણ વધુ શાંતિ જોવા મળશે. આ જગ્યા તેની પ્રાકૃતિક સુંદરતા સાથે પક્ષીઓ માટે પણ જાણીતી છે.



નુબ્રા વેલી લદ્દાખમાં આવેલી એક ઘાટી છે. આ વેલી કારગિલ અને લેહની વચ્ચે આવેલી છે. નુબ્રા વેલી તેની પ્રાકૃતિક સુંદરતા અને બરફનાં પર્વતો માટે જાણીતી છે. અહીં અનેક પ્રકારના મઠો અને ધાર્મિક સ્થળો આવેલા છે.

# શરીરને પ્રવૃતિમય રાખવાથી ઢળતી ઉંમરે નબળી નહિં પડે યાદશકિત



વધતી ઉંમરની સાથે ક્રિયાકલાપો અને જવાબદારીઓનાં બોજથી મુકત થવાને બદલે તેને યથાવત રાખવુ બહેતર છે. ખરેખર તો જ્યુરીચ યુનિવર્સીટીનાં સંશોધનમાં મગજના સ્વાસ્થ્યની સુરક્ષા માટે સક્રિય જીવન શૈલીના મહત્વની ચર્ચા કરાઈ છે.સંશોધકોએ વધુ વયના વરિષ્ઠોનાં મગજનાં સ્વાસ્થ્ય પર શારીરીક અને સામાજીક ક્રિયા કલાપોનાં સુરક્ષાત્મક પ્રભાવો પર ખુલાસો કર્યો છે. લોકો શારીરીક વ્યાયાપ અને સક્રિય જીવન શૈલીથી વધતી વયનો આનંદ ઉઠાવી શકે છે.

અલ્ઝાઈમરથી બચાવ: વ્યાયામ મગજના એ ભાગનો ઉપચાર કરે છે જયાં અલ્ઝાઈમરની શરૂઆત થાય છે નવી ચીજો શીખવા માટે એથોરહાઈનલ કોર્ટેકસ જવાબદાર છે. 12 વર્ષનાં લાંબા અધ્યયનથી એ નિષ્કર્ષ નીકળ્યો છે કે એટલે વધુ શારીરીક ગતિવિધી પર જોર આપવામાં આવ્યુ છે.

સકારાત્મક જીવન જીવો : સ્મરણ શકિત માટે મગજનો મહત્વનો ભાગ એથોર હાઈનલ કોર્ટેકસને પોતાનો થતો શારીરીક અને સામાજીક ગતિવિધીઓ બચાવે છે. જેની વાસ્તવિક પહોળાઈ 3.5 મીલીમીટર હોય છે. વય વધવાની સાથે એથોરહાઈનલ કોર્ટેકસ જેટલો પાતળો હશે તેને અનુરૂપ સ્મરણ શકિત ધીમી થવાની પ્રક્રિયા ચાલશે.

# શિયાળામાં ખાવા જ જોઈએ આ 5 શાકભાજી, ગજબ ચમત્કારી ફાયદા

શિયાળામાં લોકો પોતાની તબિયતનો ખાસ ખ્યાલ રાખે છે. કારણે સતત વધતી ઠંડીના પગલે આ ઋતુમાં ઠંડી લાગવી, સ્કીન ફાટવીથી લઈને શરીરને સ્વસ્થ રાખવાની જવાબદારી આવી જાય છે. ઠંડીથી બચવા લોકો ગરમ વસ્ત્રો પહેરે છે અને વિવિધ ઉપાયો કરે છે. પરંતુ આપને જણાવી દઈએ કે, આપણા ખોરાકની સીધી અસર પણ આપણા શરીર પર પડે છે અને સ્વસ્થ આહાર આપણને રોગોથી બચાવવામાં મદદ કરે છે.

શિયાળામાં લોકો પોતાની તબિયતનો ખાસ ખ્યાલ રાખે છે. કારણે સતત વધતી ઠંડીના પગલે આ ઋતુમાં ઠંડી લાગવી, સ્કીન ફાટવીથી લઈને શરીરને સ્વસ્થ રાખવાની જવાબદારી આવી જાય છે. ઠંડીથી બચવા લોકો ગરમ વસ્ત્રો પહેરે છે અને વિવિધ ઉપાયો કરે છે. પરંતુ આપને જણાવી દઈએ કે, આપણા ખોરાકની સીધી અસર પણ આપણા શરીર પર પડે છે અને સ્વસ્થ આહાર આપણને રોગોથી બચાવવામાં મદદ કરે છે.

આ સિઝનમાં ફળો અને શાકભાજીની કોઈ કમી હોતી નથી અને લોકોને આ બધું પુષ્કળ પ્રમાણમાં ખાવાની સલાહ આપવામાં આવે છે. સામાન્ય રીતે ઠંડા વાતાવરણમાં ઠંડા ખોરાકને ટાળવાની સલાહ આપવામાં આવે છે. શિયાળામાં ઘણી એવી શાકભાજી હોય છે જેનું યોગ્ય રીતે અને પર્યાપ્ત માત્રામાં સેવન કરવામાં આવે તો શરીરને શરદી અને સિઝનલ ફ્લૂથી બચાવી શકાય છે. તોચાલો આવા શાકભાજી વિશે ડાયટિશિયન પાસેથી જાણીએ.

લીલા શાકભાજી અને મોસમી ફળોનું પુષ્કળ પ્રમાણમાં સેવન કરવું જોઈએ. આ સિવાય આદુ, લસણ, મધ, લીંબુ જેવી વસ્તુઓને આહારમાં સામેલ કરવી જોઈએ, જેથી શરદી કે ઉધરસ જેવી સમસ્યાઓથી બચી શકાય. તમે દૂધમાં એક ચપટી હળદર ઉમેરીને રાત્રે પણ પી શકો છો. આનાથી શરદી અને ઉધરસથી રાહત મળશે અને રોગપ્રતિકારક શક્તિ મજબૂત થશે.



**પાલક** | ડાયેટિશિયન જણાવે છે કે, શિયાળામાં પાલક સુપરફૂડ છે. પાલકમાં વિટામિન, મિનરલ્સ, આયર્ન અને કેલ્શિયમ ભરપૂર માત્રામાં હોય છે. તમે પાલકનો રસ અથવા સૂપ પણ બનાવીને પી શકો છો. પાલક એન્ટીઑક્સિડન્ટ પ્રદાન કરે છે, જે રોગો સામે રક્ષણ આપે છે.

**ગાજર** | ગાજર બીટા-કેરોટીનનો સારો સ્ત્રોત છે અને તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. તેથી શિયાળામાં ગાજર ખાવાથી સિઝનલ ફ્લૂનો ખતરો નહીં રહે. તે આંખો માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. ગાજર મગજને સ્વસ્થ રાખે છે અને લોહીને શુદ્ધ કરે છે.

**લીલા વટાણા** | લીલા વટાણામાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે અને તે પાચન તંત્ર માટે ફાયદાકારક માનવામાં આવે છે. શિયાળામાં લીલા વટાણા પુષ્કળ પ્રમાણમાં મળે છે અને તે સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે. લીલા વટાણા પ્રોટીન, પોટેશિયમ, ફાઈબર અને ઝિંકનો ખૂબ જ સારો સ્ત્રોત છે. તેમાં ઘણા વિટામિન્સ અને મિનરલ્સ મળી આવે છે. તે શરીરને બળતરા અને ફ્રી રેડિકલને કારણે થતા નુકસાનથી બચાવી શકે છે.

**મૂળો** | સલાડમાં મૂળાનો ઉપયોગ સુપરફૂડ તરીકે કામ કરે છે. મૂળામાં વિટામિન બી અને વિટામિન સી તેમજ પોટેશિયમનો સારો સ્ત્રોત છે. જો તમે ડાયાબિટીસ અથવા પ્રી-ડાયાબિટીક છો, તો મૂળાનું સેવન કરવું જોઈએ. તે કિડની અને લીવરને પણ સાફ કરે છે.

**કેલ** | લીલા શાકભાજીની વાત કરીએ તો, કેલ શિયાળા માટે સારી ગણી શકાય. કેલ વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર, એન્ટીઑકિસડન્ટ્સ અને પ્લાન્ટ કંપાઉંડથી ભરપૂર છે. આ શાકભાજીમાં બળતરા વિરોધી ગુણો છે, જે તમને ઠંડા હવામાનમાં રોગોથી બચાવે છે. કેલ વિટામિન A ભરપૂર માત્રામાં હોય છે જે આંખો, હાડકાના સ્વાસ્થ્ય અને રોગપ્રતિકારક શક્તિ માટે મહત્વપૂર્ણ છે.

# હૃદયની બ્લૉક નસોને ખોલી દે છે આ યોગાસન, હાર્ટ એટેકના દર્દીઓ જરૂર કરે આ એક્સરસાઈઝ



આજકાલની ઝડપી બિનઆરોગ્યપ્રદ જીવનશૈલી સ્વાસ્થ્ય પર ખરાબ અસર કરે છે. જંક અને ફાસ્ટ ફૂડના જમાનામાં લોકો ઘરનું રાંધેલું ભોજન ઓછું પસંદ કરે છે અને તેને કારણે શરીરમાં પોષક તત્વોની ઉણપ ઉભી થાય છે. પરિણામે લોકો ડાયાબિટીસ, થાઈરોઈડ અને હૃદય સંબંધિત રોગોનો શિકાર બને છે. હાર્ટને સંલગ્ન સમસ્યાઓ દિવસે ને દિવસે વધી રહી છે. હૃદયની નસો જામ થવાના કિસ્સાઓ વધી રહ્યાં છે તેથી આજે અમે તમને આ આર્ટિકલમાં જણાવીશું એવા 4 આસન વિશે જે હૃદયની નસોને ખોલશે.

## હાર્ટ બ્લૉકેજ માટે બેસ્ટ યોગાસન

- **અનુલોમ-વિલોમ** | હાર્ટ બ્લૉકેજમાં અનુલોમ-વિલોમ યોગાસન કરવાથી ફાયદો મળશે. તેનાથી કોલેસ્ટ્રોલ કંટ્રોલમાં રહે છે. પેટ મજબૂત બને છે અને કબજિયાતની સમસ્યા રહેતી નથી.
- **ધનુરાસન** | આ આસન કરવાથી તમારા હૃદયની બ્લૉક નસો પણ ઢીલી થઈ જશે. તેનાથી તમારું કોલેસ્ટ્રોલ લેવલ પણ જળવાઈ રહેશે. તેનાથી હાર્ટ એટેકનો ખતરો ઘટે છે.
- **પશ્ચિમોત્તનાસન** | આ એક્સરસાઈઝ તમારા પાચનતંત્રને સુધારે છે. તેની નિયમિત પ્રેક્ટિસ કરવાથી વજન નિયંત્રણમાં રહે છે. હૃદયની અવરોધિત નસો ખોલવામાં પણ પશ્ચિમોત્તનાસન મદદ કરે છે.
- **ભુજંગાસન** | આ આસન તમારા હૃદયના સ્વાસ્થ્ય માટે પણ સારું છે. આના નિયમિત અભ્યાસથી પેટ સંબંધિત રોગો પણ દૂર થાય છે.

# માતા-પિતાની 3 ભૂલોના કારણે સંતાનો થાય છે દુ:ખી, પેરેન્ટ્સને આ વાત જાણવી જરૂરી

બાળકના સારા ઉછેર માટે તેમજ બાળક ભવિષ્યમાં સમજદાર અને સફળ વ્યક્તિ બને તે માટે દરેક માતા-પિતા પ્રયાસ કરે છે. પરંતુ ઘણીવાર એવું થાય છે કે, બાળકો મોટા થઈને એકલા, ગુમસુમ કે દુઃખી રહેવા લાગે છે. શું તમે જાણો છો કે, આવું શા માટે થાય છે? આવું માતા-પિતા એ કરેલી ભૂલના કારણે થાય છે. આવી સ્થિતિમાં તે ભૂલો વિશે જાણી લો જે માતા-પિતા એ ટાળવી જોઈએ.



- **ફિલિંગ્સ વિશે વાત કરવાને બદલે ચૂપ રહેવું** | ઘણીવાર બાળકો પોતાની લાગણી સમજી શકતા નથી. આવી સ્થિતિમાં તેમના ઈમોશન્સને સાંભળવા તેમના માટે મુશ્કેલ હોય છે. ત્યારે તેમને સમજાવો કે ઈમોશન્સ શું હોય છે, અને કોની સાથે પોતાના મનની વાતો કરવી યોગ્ય છે. તેમજ એ પણ સમજાવો કે કોને પોતાના જીવનમાં ન રાખવા સારા છે. જયારે બાળકો નેગેટિવ અને પોઝીટીવ લોકોના તફાવત વિશે જાણી લેશે ત્યારે તેઓ વધુ પડતા ઈમોશનલ નહીં થાય.
- **ખૂબ દબાણ** | માતાપિતા ઘણીવાર બાળકો પર ઘણું દબાણ કરે છે. આ દબાણ અભ્યાસથી લઈને રમતગમત સુધીના વિષયો પર હોઈ શકે છે. આવી સ્થિતિમાં બાળક પોતાનું જીવન જીવવા કરતાં તેના માતા-પિતાની અપેક્ષાઓ પૂર્ણ કરવાની વધુ ચિંતા કરે છે. ઘણી વખત આવા બાળકો મિત્રો પણ બનાવી શકતા નથી.
- **ખૂબ પ્રેમ** | દરેક માતા-પિતા તેમના બાળકોને પ્રેમ અને પ્રેમથી ઉછેરે છે. જો કે વધુ પડતાં લાડથી બાળકો બગડી જાય છે. જે બાળકો વધુ પડતા લાડ લડાવતા હોય છે તેઓ મોટા થઈને બીજાઓ પાસેથી અપેક્ષા રાખે છે અને જ્યારે એવું થતું નથી, ત્યારે તેઓ દુઃખી થવા લાગે છે.

# ન્યૂઝપેપરમાં લપેટીને ખાનારા લોકો સાવધાન, અનેક મોટી બિમારીઓને આપી રહ્યાં છો આમંત્રણ!

ઘણીવખત આપણે જોઈએ છીએ કે લોકો રસ્તાના કિનારે, ટ્રેનો અને બસમાં બેસીને પોતાનુ ભોજન ન્યૂઝપેપરમાં લપેટીને ખાઈ રહ્યા હોય છે કે પછી બહારનું સ્ટ્રીટ ફૂડ જેમ કે ચણા મસાલા, ભેળપૂરી વગેરે છાપા પર મૂકેલુ મળે છે પરંતુ શું તમે ક્યારેય વિચાર્યુ છે કે આ સરળતાથી તમારા આરોગ્ય પર કેટલુ ભારે પડી શકે છે. ન્યૂઝપેપરના કાગળમાં એવા ઘણા હાનિકારક રસાયણ અને શાહી હોય છે, જે ખાવાની સાથે ભળીને તમારા શરીરની અંદર જાય છે અને આપણા આરોગ્યને નુકસાન પહોંચાડે છે.

- **કેન્સર થઈ શકે છે** | ન્યૂઝ પેપરની શાહીમાં ઘણા જોખમી કેમિકલ પદાર્થ હોય છે જેમ કે આઈસોબ્યૂટાઈલ ફેટેલેટ, ડાઈએન આઈસોબ્યૂટાઈલેટ વગેરે. જ્યારે આપણે ન્યૂઝપેપરમાં ગરમ ભોજન રાખીએ છીએ તો આ શાહી ભોજનમાં ચોંટી જાય છે. આ શાહી આપણા શરીરને ખૂબ નુકસાન પહોંચાડે છે. આ કેમિકલ આપણને કેન્સર જેવી જોખમી બીમારી પણ આપી શકે છે. તેથી આપણે ક્યારેય પણ ન્યૂઝપેપરમાં ગરમ ભોજન રાખવુ જોઈએ નહીં.
- **પાચન પ્રક્રિયા ખરાબ કરે છે** | ન્યૂઝ પેપરમાં ભોજન લપેટીને ખાવાથી પાચન સંબંધી ઘણી સમસ્યાઓ થઈ શકે છે. ન્યૂઝ પેપરનું કાગળ પાચન તંત્ર માટે યોગ્ય હોતુ નથી. ન્યૂઝ પેપરની શાહી અને અન્ય રસાયણ પેટમાં જઈને પાચન ક્રિયાને ખરાબ કરી શકે છે.
- **હોર્મોન અસંતુલિત થાય છે** | ન્યૂઝ પેપરના કાગળની શાહી ઘણા જોખમી કેમિકલથી બનેલી હોય છે. ન્યૂઝ પેપરની શાહીમાં સામાન્ય રીતે આઈસોપ્રોપાઈલ આલ્કોહોલ, પોલીએથિલીન ગ્લાઈકોલ, ડાઈએથિલીન ગ્લાઈકોલ જેવા કેમિકલ્સનો ઉપયોગ કરવામાં આવે છે. ન્યૂઝ પેપરની શાહીમાં હાજર ઝેરી પદાર્થ ખાવામાં મળીને શરીરની અંદર જાય છે અને હોર્મોન્સને અસંતુલિત કરી શકે છે. આનાથી શરીરના વિભિન્ન હોર્મોન જેમ કે થાઈરોઈડ, ઈન્સ્યુલિન, એસ્ટ્રોજન વગેરેનું સંતુલન બગડી શકે છે.
- **આંખોની રોશની જઈ શકે છે** | જો કોઈ વ્યક્તિ દરરોજ ન્યૂઝ પેપરમાં ભોજન લપેટીને ખાય છે તો તેની આંખોની રોશની ઓછી થવાનું જોખમ થઈ શકે છે. ન્યૂઝ પેપરની શાહીમાં હાજર ઝેરીલા પદાર્થ આંખોને નુકસાન પહોંચાડે છે. ખાસ કરીને વૃદ્ધ લોકો અને બાળકોની આંખો તેનાથી વધુ પ્રભાવિત થાય છે.





નોંધ: આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

# IPL 2024ની હરાજીમાં ખરીદાયા 72 ખેલાડીઓ, ટીમોના ખેલાડીઓની સંપૂર્ણ યાદી

ગુજરાત | વંદન | ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની મીની હરાજી દુબઇમાં પૂર્ણ થઇ હતી. આ હરાજીમાં ૩૩૨ ખેલાડીઓ પર બોલી લગાવવાની હતી, પરંતુ તમામ ૧૦ ટીમોએ માત્ર ૭૨ ખેલાડીઓ જ ખરીદ્યા હતા જેમાંથી ૩૦ વિદેશી ખેલાડીઓ હતા. તમામ ૧૦ ટીમોએ આ ૭૨ ખેલાડીઓ પર ૨૩૦ કરોડ અને ૪૫ લાખ રૂપિયા ખર્ચ્યા હતા. હરાજીમાં ચેન્નઈએ છ, દિલ્હીએ નવ, ગુજરાતે આઠ, કોલકાતાએ ૧૦, લખનઊએ છ, મુંબઈએ આઠ, પંજાબે આઠ, રાજસ્થાને પાંચ, બેંગલુરુએ છ અને હૈદરાબાદે છ ખેલાડીઓ ખરીદ્યા હતા.

## ચેન્નઇની ટીમ

એમએસ ધોની (કેપ્ટન/વિકેટકીપર), મોઈન અલી, દીપક ચહર, ડેવોન કોનવે (વિકેટકીપર), તુષાર દેશપાંડે, શિવમ દુબે, ઋતુરાજ ગાયકવાડ, રાજવર્ધન હંગરગેકર, રવિન્દ્ર જાડેજા, અજય મંડલ, મુકેશ ચૌધરી, મથીશા પથિરાના, અજિંક્ય રહાણે, શેખ રશીદ, મિશેલ સેન્ટનર, સિમરજીત સિંહ, નિશાંત સિંધુ, પ્રશાંત સોલંકી, મહેશ તિક્ષ્ણા. રચિન રવિન્દ્ર, શાર્દુલ ઠાકુર, ડેરીલ મિશેલ, સમીર રિઝવી, મુસ્તફિઝુર રહમાન, અરાવેલી અવનિશ.

## મુંબઇની ટીમ

હાર્દિક પંડ્યા (કેપ્ટન), રોહિત શર્મા, ડેવાલ્ડ બ્રેવિસ, સૂર્યકુમાર યાદવ, ઈશાન કિશન, તિલક વર્મા, ટિમ ડેવિડ, વિષ્ણુ વિનોદ, અર્જુન તેંડુલકર, શમ્સ મુલાની, નેહલ વઢેરા, જસપ્રીત બુમરાહ, કુમાર કાર્તિકેય, પીયૂષ ચાવલા, આકાશ વધવાલ, જેસન બેહરેનડોર્ફ, રોમારિયો શેફર્ડ. ગેરાલ્ડ કોએત્ઝી, દિલશાન મદુશંકા, નુવાન તુષારા, મોહમ્મદ નબી , શ્રેયસ ગોપાલ, શિવાલિક શર્મા, અંશુલ કંબોજ, નમન ધીર.

## RCBની આખી ટીમ

ફાફ ડુ પ્લેસિસ (કેપ્ટન), ગ્લેન મેક્સવેલ, વિરાટ કોહલી, રજત પાટીદાર, અનુજ રાવત, દિનેશ કાર્તિક, સુયશ પ્રભુદેસાઈ, વિલ જેક્સ, મહિપાલ લોમરોર, કર્ણ શર્મા, મનોજ ભંડાગે, મયંક ડાગર, વિશક વિજય કુમાર, આકાશ દીપ, મોહમ્મદ સિરાજ, રીસ ટોપલી, હિમાંશુ શર્મા, રાજન કુમાર, કેમરુન ગ્રીન, અલ્ઝારી જોસે, યશ દયાલ, ટોમ કુરન, લોકી ફર્ગ્યુસન, સ્વપ્નિલ સિંઘ, સૌરવ ચૌહાણ.

## પંજાબ કિંગ્સની ટીમ

શિખર ધવન (કેપ્ટન), મેથ્યુ શોર્ટ, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), જીતેશ શર્મા (વિકેટકીપર), સિકંદર રઝા, ઋષિ ધવન, લિયામ લિવિંગસ્ટોન, અથર્વ તાઈડે, અર્શદીપ સિંહ, નાથન એલિસ, સેમ કુરન, કગીસો રબાડા, હરપ્રીત બ્રાર, રાહુલ ચહર , હરપ્રીત ભાટિયા, વિદ્વાથ કવેરપ્પા, શિવમ સિંહ, હર્ષલ પટેલ, ક્રિસ વોક્સ, આશુતોષ શર્મા, વિશ્વનાથ પ્રતાપ સિંહ, શશાંક સિંહ, તનય ત્યાગરાજન, પ્રિન્સ ચૌધરી, રિલે રુસો.

## રાજસ્થાનની આખી ટીમ

સંજુ સેમસન (કેપ્ટન/વિકેટકીપર), જોસ બટલર, શિમરોન હેટમાયર, યશસ્વી જયસ્વાલ, ધ્રુવ જુરેલ, રિયાન પરાગ, ડોનોવન ફરેરા, કુણાલ રાઠોડ, રવિચંદ્રન અશ્વિન, કુલદીપ સેન, નવદીપ સૈની, પ્રસિદ્ધ કૃષ્ણા, સંદીપ શર્મા, ટ્રેન્ટ બોલ્ટ, યુઝવેન્દ્ર ચહલ, એડમ જમ્પા, અવેશ ખાન, રોવમેન પોવેલ, શુભમ દુબે, ટોમ કોલ્હર કેડમોર, આબિદ મુશ્તાક, નાન્દ્રે બર્જર.

## દિલ્હીની આખી ટીમ

રિષભ પંત, પ્રવીણ દુબે, ડેવિડ વોર્નર, વિકી ઓસ્તવાલ, પૃથ્વી શો, એનરિચ નોર્ટજે, અભિષેક પોરેલ, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, લુંગી એનગિડી, લલિત યાદવ, ખલીલ અહેમદ, મિશેલ માર્શ, ઈશાંત શર્મા, યશ ઢુલ અને મુકેશ કુમાર. હેરી બ્રુક, ટ્રિસ્ટન સ્ટબ્સ, રિકી ભુઇ, કુમાર કુશાગ્ર, રસિક દાર સલામ, જ્યે રિચર્ડસન, સુમિત કુમાર, શાઈ હોપ અને સ્વસ્તિક ચિકારા.

## સનરાઇઝર્સની સંપૂર્ણ ટીમ

અબ્દુલ સમદ, અભિષેક શર્મા, એડન માર્કરામ (કેપ્ટન), માર્કો યાનસેન, રાહુલ ત્રિપાઠી, વોશિંગ્ટન સુંદર, ગ્લેન ફિલિપ્સ, સનવીર સિંહ, હેનરિક ક્લાસેન, ભુવનેશ્વર કુમાર, મયંક અગ્રવાલ, ટી. નટરાજન, અનમોલપ્રીત સિંહ, મયંક માર્કન્ડે, ઉપેન્દ્ર સિંહ યાદવ, ઉમરાન મલિક, નીતિશ કુમાર રેડ્ડી, ફઝલહક ફારુકી અને શાહબાઝ અહેમદ. ટ્રેવિસ હેડ, વાનિન્દુ હસરંગા, પેટ કમિન્સ, જયદેવ ઉનડકટ, આકાશ મહારાજ સિંહ અને જે. સુબ્રમણ્યમ

## ગુજરાતની ટીમ

શુભમન ગિલ (કેપ્ટન), ડેવિડ મિલર, મેથ્યુ વેડ, રિદ્ધિમાન સહા, કેન વિલિયમ્સન, અભિનવ મનોહર, સાઈ સુદર્શન, દર્શન નલકંડે, વિજય શંકર, જયંત યાદવ, રાહુલ તેવટિયા, મોહમ્મદ શમી, નૂર અહેમદ, આર. સાઈ કિશોર, રાશિદ ખાન, જોશુઆ લિટલ અને મોહિત શર્મા. અઝમતુલ્લા ઓમરઝાઈ, ઉમેશ યાદવ, શાહરુખ ખાન, સુશાંત મિશ્રા, કાર્તિક ત્યાગી, માનવ સુથર, સ્પેન્સર જોન્સન, રોબિન મિન્ઝ

## લખનઊની સંપૂર્ણ ટીમ

કેએલ રાહુલ (કેપ્ટન), ક્વિન્ટન ડી કોક, નિકોલસ પૂરન, આયુષ બદોની, કાયલ મેયર્સ, માર્કસ સ્ટોઈનિસ, દીપક હુડા, રવિ બિશ્નોઈ, નવીન-ઉલ-હક, કૃણાલ પંડ્યા, યુદ્ધવીર સિંહ, પ્રેરક માંકડ, યશ ઠાકુર, અમિત મિશ્રા, માર્ક વુડ, મયંક યાદવ, મોહસીન ખાન અને દેવદત્ત પડિકલ, શિવમ માવી, અર્શિન કુલકર્ણી, મણિમરણ સિદ્ધાર્થ એશ્ટન ટર્નર, ડેવિડ વિલી અને મોહમ્મદ અરશદ ખાન

## કોલકાતાની આખી ટીમ


નીતિશ રાણા, રિંકુ સિંહ, રહમનુલ્લાહ ગુરબાઝ, શ્રેયસ ઐયર, જેસન રોય, સુનીલ નારાયણ, સુયશ શર્મા, અનુકુલ રોય, આન્દ્રે રસેલ, વેંકટેશ ઐયર, હર્ષિત રાણા, વૈભવ અરોરા અને વરુણ ચક્રવર્તી, કેએસ ભરત, ચેતન સાકરિયા, મિશેલ સ્ટાર્ક, અંગકૃષ રઘુવંશી, શ્રીકર ભરત, રમનદીપ સિંહ, શેરફેન રધરફોર્ડ, મનીષ પાંડે, મુજીબ ઉર રહેમાન, ગુસ એટક્ધિસન અને સાકિબ હુસૈન.

બહુમુખી હાર્દિકનો વિકલ્પ શોધવો મુશ્કેલ..!

# શુભ ગિલ ગુજરાત ટાઈટન્સના કેપ્ટન તરીકે યોગ્ય: આશિષ નેહરા

ગુજરાત | વંદન

ગુજરાત ટાઈટન્સના હેડ કોચ આશિષ નેહરાએ કબૂલ્યું છે કે હાર્દિક પંડ્યા જેવા બહુમુખી પ્રતિભા ધરાવતા ખેલાડીનો વિકલ્પ શોધવો મુશ્કેલ છે પરંતુ આગામી આઈપીએલમાં ગુજરાતના સુકાની તરીકે ગિલ યોગ્ય વ્યક્તિ છે. હાર્દિક પંડ્યાને ટ્રેડ વિન્ડો મારફતે ગુજરાત પાસેથી મુંબઈ ઈન્ડિયન્સે રૂ. 15 કરોડમાં મેળવ્યો હતો. ત્યારબાદ મુંબઈની ટીમે હાર્દિકને ટીમનો સુકાની જાહેર કર્યો હતો. નેહરાએ આઈપીએલની હરાજી બાદ એક વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, હાર્દિકની પ્રતિભા અને તેના અનુભવને જોતા તેનો વિકલ્પ મળવો મુશ્કેલ છે. છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં ગિલને પણ ટીમમાં રમતો જોયો છે. તે 24-25 વર્ષનો જ છે પરંતુ તેના ખભે મોટી જવાબદારી છે. આગામી આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સ માટે જે કંઈ પરિણામ આવશે પરંતુ ટીમ ગિલનું સમર્થન કરશે. અમને વિશ્વાસ છે કે ગિલ કપ્તાન બનવા માટે યોગ્ય વ્યક્તિ છે. કેપ્ટન્સીની બાબતમાં અન્ય બાબતોને પણ ધ્યાનમાં લેવી પડે છે તેમ પૂર્વ ભારતીય બોલરે જણાવ્યું હતું.




ભારતે સાઉથ આફ્રિકાને 78 રને હરાવીને વનડે સિરીઝ 2-1થી જીતી

# સંજુ સેમસનની સદી તેના કરિયરને બદલી નાખશે: સુનીલ ગાવસ્કર

ગુજરાત | વંદન

ભારતે સાઉથ આફ્રિકાને 78 રને હરાવીને વનડે સિરીઝ 2-1થી જીતી લીધી છે, આ મેચમાં સંજુ સેમસન મેચનો હીરો રહ્યો હતો જેણે સદી ફટકારી હતી, જેને લઈને ભારતના મહાન બેટર સુનીલ ગાવસકરે કહ્યું હતું કે તેમનું કરિયર બદલવાનું છે.

સાઉથ આફ્રિકા સામે ગઈકાલે રમાયેલી ત્રીજી અને છેલ્લી મેચમાં ભારતે શાનદાર વિજય પ્રાપ્ત કરતા સિરીઝ પર કબજો કર્યો હતો. આ મેચમાં સંજુ સેમસને આંતરરાષ્ટ્રીય કરિયરની પ્રથમ સદી ફટકારી હતી. તેણે 114 બોલમાં 6 ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી 108 રન બનાવ્યા હતા. ભારતીય વિકેટ કીપર બેટરની આ સદીથી પૂર્વ મહાન ક્રિકેટર સુનીલ ગાવસકરે વખાણ કરીને કહ્યું કે આ સદી બાદ તે પોતાના પર વધુ વિશ્વાસ કરવા લાગશે અને મારા માટે આ ઈનિંગમાં સૌથી વધારે ખાસ વાત તેમની શોટ સિલેક્શન હતી. પહેલા તે સારી શરુઆત કર્યા બાદ પણ આઉટ થતો જ્યારે આજે તમે તેને દોષ ન આપી શકો કે તે પોતાનો સમય બરબાદ કરી રહ્યો હતો, તે ખરાબ બોલની રાહ જોઈ રહ્યો હતો અને બાદમાં તેણે સદી ફટકારી હતી. મને લાગે છે કે આ સદીથી તેનું કરિયર બદલી નાખશે અને આ સદીના કારણે તેને વધુ તક મળશે.




સંજુ સેમસને તેની કારકિર્દીમાં અત્યાર સુધી 16 વનડે અને 24 T20 મેચ રમી છે જેમાં વનડેની 14 ઈનિંગમાં 510 રન બનાવ્યા છે અને T20ની 21 ઈનિંગમાં 374 રન બનાવ્યા છે. તેણે વનડેમાં એક સદી અને ત્રણ ફિફ્ટી ફટકારી છે જ્યારે T20માં એક ફિફ્ટી ફટકારી છે.અડધી સદી સામેલ છે. ગઈકાલે રમાયેલી મેચમાં સાઉથ આફ્રિકાના કેપ્ટને એઈડન માર્કરામે ટોસ જીતીને બોલિંગ લેવાનો નિર્ણય લેતા ભારતે પહેલા બેટિંગ કરતા નિર્ધારિત 50 ઓવરમાં 8 વિકેટે 296 રન બનાવ્યા હતા, જેના જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ 45.5 ઓવરમાં 218 રન બનાવીને સમેટાઈ ગઈ હતી. ભારત સાઉથ આફ્રિકામાં પાંચ વર્ષ બાદ વનડે સિરીઝ જીતી છે.

# IPL ઓક્શનમાં હાજર થનાર પહેલો કેપ્ટન બન્યો ઋષભ પંત

- પંતે આઈપીએલની હરાજીમાં ભાગ લઈને અનોખી સિદ્ધિ મેળવી

ગુજરાત | વંદન




દિલ્હી ડેયરડેવિલ્સના કેપ્ટન રિષભ પંતે એક અનોખો ઈતિહાસ રચ્યો છે. IPLની હરાજીમાં સક્રિયપણે ભાગ લેનાર તે પ્રથમ કેપ્ટન છે. પંતે આઈપીએલની હરાજીમાં ભાગ લઈને આ અનોખી સિદ્ધિ મેળવી હતી.

વિકેટકીપર બેટ્સમેન અને દિલ્હી કેપિટલ્સના કેપ્ટન રિષભ પંત ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024ની હરાજીમાં ભાગ લેવા માટે દુબઈ પહોંચ્યા હતા. ગયા વર્ષે ડિસેમ્બર 2022માં તેનો કાર અકસ્માત થયો હતો, જેના કારણે તે વર્ષ 2023માં ક્રિકેટથી દૂર રહ્યો હતો અને ક્રિકેટ રમી શક્યો ન હતો. આ અકસ્માતમાં તેને ઘણી ગંભીર ઈજાઓ થઈ હતી, જે બાદ તે હજુ પણ સ્વસ્થ થઈ રહ્યો છે.

એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, પંત આવતા વર્ષે IPL 2024માં ભાગ લેશે અને ટીમનું નેતૃત્વ પણ કરશે. ફેબ્રુઆરીના અંત સુધીમાં પંત સંપૂર્ણપણે ફિટ થઈ જશે તેવી અપેક્ષા છે.

આઈપીએલ માર્ચ મહિનાના અંતિમ સપ્તાહમાં યોજવામાં આવશે. પંતની ગેરહાજરીને કારણે દિલ્હી કેપિટલ્સનું સુકાનીપદ ડેવિડ વોર્નરને મળ્યું હતું. પંત નહીં રમવાને કારણે દિલ્હીનું પ્રદર્શન પણ ખરાબ રહ્યું હતું.

ઋષભ પંત IPLની લાઈવ ઓક્શનમાં ભાગ લેનારો પહેલો કેપ્ટન બન્યો હતો. ઓક્શન દરમિયાન ઋષભ પંત, સૌરવ ગાંગુલી, રિકી પોન્ટિંગ સાથે ઓક્શન ટેબલ પર જોવા મળ્યો હતો, જ્યારે બોલી પણ લગાવી હતી.

પંત ઓક્શન માટે ટીમના પ્લાનિંગમાં સામેલ રહ્યો હતો. ફ્રેન્ચાઈઝી સૂત્રોએ કહ્યું હતું કે તેને કોચ પોન્ટિંગની સાથે બેઠકમાં સક્રિય ભાગ લીધો હતો.

# રાષ્ટ્રીય ખેલ પુરસ્કારો જાહેર, શમી સહિત 26ને અર્જુન એવોર્ડ, બે ખેલાડીને ખેલરત્ન

- ખેલ રત્ન એવોર્ડ બેડમિન્ટન જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિક રેન્કીરેડ્ડીને મળ્યું...

ગુજરાત | વંદન

આ વર્ષે આપવામાં આવનાર ખેલ પુરસ્કાર માટે ખેલાડીઓના નામની જાહેરાત કરવામાં આવી છે. જેમાં સૌથી મોટો સન્માન ખેલ રત્ન એવોર્ડ બેડમિન્ટન સ્ટાર જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડીને આપવામાં આવશે. જ્યારે અર્જુન એવોર્ડ માટે સ્ટાર ક્રિકેટર મોહમ્મદ શમીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ખેલ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ વખતે મોહમ્મદ શમી સહિત 26 ખેલાડીઓને અર્જુન એવોર્ડ આપવામાં આવશે. જ્યારે ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડીને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ 2023થી સન્માનિત કરવામાં આવશે. આ તમામ પુરસ્કારો આ ખેલાડીઓને તેમની રમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે આપવામાં આવશે. ખેલ મંત્રાલયે કહ્યું છે કે સમિતિઓની ભલામણોના આધારે અને યોગ્ય તપાસ




બાદ સરકારે આ તમામ ખેલાડીઓ, કોચ અને સંસ્થાઓને એવોર્ડ માટે પસંદ કર્યા છે. મંત્રાલયે તમામ પુરસ્કારો મેળવનાર ખેલાડીઓ, કોચ અને સંસ્થાઓની યાદી પણ જાહેર કરી છે.

આ તમામ રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર 9 જાન્યુઆરી 2024 ના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત એક મોટા કાર્યક્રમ દરમિયાન આપવામાં આવશે. ખેલ મંત્રાલય દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. આ તમામ એવોર્ડ ખેલાડીઓને રાષ્ટ્રપતિ દ્વારા એનાયત કરવામાં આવશે.



# રેસલિંગ ફેડરેશનની કમાન્ડ સંજય સિંહના હાથમાં, અનિતા શિયોરાન સામે થઈ 40 વોટથી જીત

ગુજરાત | વંદન

દેશના દિગ્ગજ રેસલરો એ પૂર્વ અધ્યક્ષ બ્રિજભૂષણસિંહ ભૂષણસિંહ સામે કરેલા યૌન ઉત્પીડનના આરોપો બાદ તેમણે રાજીનામું આપ્યું હતું ત્યારબાદ થયેલી ચુંટણીમાં રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના નવા અધ્યક્ષ તરીકે સંજય સિંહની નિમણૂક થઈ હતી હશે. તે ગોંડાના ભાજપ સાંસદ અને પૂર્વ અધ્યક્ષ બ્રિજભૂષણ શરણ સિંહના નજીકના મિત્ર છે. સંજય સિંહે આજે ચુંટણીમાં પૂર્વ રેસલર અનિતા શિયોરાનને હરાવી હતી. કુલ 47 લોકોએ વોટિંગ કર્યું હતું. જેમાંથી સંજય સિંહને 40 વોટ મળ્યા હતા. અનિતાને માત્ર 7 વોટ જ મળ્યા હત. સંજય સિંહ WFIની અગાઉની એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો પણ એક ભાગ હતા. તેઓ 2019માં રાષ્ટ્રીય મહાસંઘના સંયુક્ત સચિવ પણ હતા.


અનિતા શિયોરાનને બજરંગ પૂનિયા, સાક્ષી મલિક અને વિનેશ ફોગાટ સહિત દેશના દિગ્ગજ રેસલરનું સમર્થન મળ્યું હતું. તેઓએ બ્રિજભૂષણ શરણ સિંહ પર મહિલા રેસલરનું યૌન ઉત્પીડન કરવાનો આરોપ લગાવ્યો હતો. આ દિગ્ગજ રેસલરોએ દિલ્હીના જંતરમંતર પર બ્રિજભૂષણ શરણનો વિરોધ પણ કર્યો હતો. તેમણે માંગણી કરી હતી કે બ્રિજભૂષણના પરિવાર કે તેમના કોઈ સહયોગીને ચૂંટણી લડવા દેવી જોઈએ નહીં.

બ્રિજભૂષણના પુત્ર પ્રતીક અને તેના જમાઈ વિશાલ સિંહે આ ચુંટણીમાં ભાગ લીધો ન હતો. WFIના પૂર્વ અધ્યક્ષ બ્રિજભૂષણ શરણ સિંહને તેમના વફાદાર સંજય સિંહની જીતનો પહેલેથી જ વિશ્વાસ હતો. ચૂંટણી પહેલા તેમણે નવા અધિકારીઓને રમતગમત માટે અનુકૂળ વાતાવરણ બનાવવા અને કોઈપણ નુકસાનની ભરપાઈ કરવા વિનંતી કરી હતી. અધ્યક્ષઃ સંજય કુમાર સિંહ, વરિષ્ઠ ઉપાધ્યક્ષઃ દેવેન્દ્ર કાર્તિયાન, ઉપાધ્યક્ષઃ જય પ્રકાશ, કરતાર સિંહ, અસિત કુમાર સાહ, ફોની, જનરલ સેક્રેટરી - પ્રેમચંદ લોચાબ, ખજાનચીઃ સત્યપાલ સિંહ દેશવાલ, સંયુક્ત સચિવઃ શેટ્ટી, આરકે પુરુષોત્તમ, કારોબારી સભ્યોઃ નેવીકુઓલી ખત્સી, પ્રશાંત રાય, રજનીશ કુમાર, ઉમેદ સિંહની નિયુક્તિ થઈ છે.

# ભારત સામે ટેસ્ટ સીરિઝ શરૂ થાય તે પહેલા એલ્ગરે સંન્યાસની કરી જાહેરાત

ગુજરાત | વંદન

દક્ષિણ આફ્રિકાના પૂર્વ ટેસ્ટ કેપ્ટન ડીન એલ્ગર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે. ભારત સામેની આગામી ટેસ્ટ સીરિઝ બાદ તે ક્રિકેટને અલવિદા કહી દેશે. 36 વર્ષીય એલ્ગરે ક્રિકેટ દક્ષિણ આફ્રિકાને પાતાના નિર્ણયની માહિતી આપી છે. એલ્ગરે સીરિઝ શરૂ થાય તે પહેલા જ ઝટકો આપ્યો છે. જોકે, તે ભારત વિરુદ્ધ બંને ટેસ્ટ મેચ રમતો જોવા મળશે.



પ્રથમ ટેસ્ટ મેચ 26 ડિસેમ્બરથી સેન્ચુરિયનમાં અને બીજી ટેસ્ટ 3 જાન્યુઆરીથી કેપટાઉનમાં રમાશે. બીજી ટેસ્ટ બાદ ડીન એલ્ગરની 12 વર્ષની લાંબી કારકિર્દીનો અંત આવશે. એલ્ગરે ટેસ્ટ ક્રિકેટમાં 17 મેચમાં દક્ષિણ આફ્રિકાની કેપ્ટનશિપ પણ કરી છે. ડીન એલ્ગરે એક ભાવુક પોસ્ટમાં લખ્યું કે, જેમ કે દરેક કહે છે કે બધી સારી વસ્તુઓનો અંત આવે છે અને ભારત સામેની ઘરેલું ટેસ્ટ સીરિઝ મારી છેલ્લી સીરિઝ હશે.

# ગિલને પછાડી બાબર બન્યો ODI નંબર 1, T20Iમાં બિશ્નોઈનું છીનવાયુ ટોચનું સ્થાન

ગુજરાત | વંદન

ICCએ બુધવારે ખેલાડીઓની તાજેતરની રેન્કિંગ જાહેર કરી છે. જેમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. પાકિસ્તાનનો બાબર આઝમ ફરી એકવાર નંબર વન વનડે બેટ્સમેન બની ગયો છે. તે ભારતના સ્ટાર ઓપનર શુભમન ગિલને પાછળ છોડીને ટોચ પર પહોંચી ગયો છે. બાબરના 824 રેટિંગ પોઈન્ટ છે. જ્યારે, ગિલ 810 પોઈન્ટ સાથે બીજા સ્થાને સરકી ગયો છે. વિરાટ કોહલી (775) ત્રીજા સ્થાને અને રોહિત શર્મા (775) ચોથા સ્થાને છે. ગયા મહિને પૂરા થયેલા વર્લ્ડ કપ 2023 બાદ આ ત્રણેય ભારતીય ખેલાડીઓએ એક પણ વનડે મેચ રમી નથી.

ગિલે વર્લ્ડ કપ દરમિયાન બાબરને પાછળ છોડીને ટોચનું સ્થાન હાંસલ કર્યું હતું. ટીમ ઈન્ડિયા હાલમાં દક્ષિણ આફ્રિકામાં ત્રણ મેચની વનડે શ્રેણી રમી રહી છે. પરંતુ ગિલ, કોહલી અને રોહિત ટીમનો ભાગ નથી. દક્ષિણ આફ્રિકાના રાસી વેન ડેર ડ્યુસેન (એક સ્થાન નીચે આઠમા ક્રમે) અને હેનરિક ક્લાસેન (એક સ્થાન નીચે 10મા ક્રમે)ને નુકસાન થયું છે. આયર્લેન્ડનો હેરી ટેક્ટર વનડે બેટ્સમેનોની રેન્કિંગમાં એક સ્થાન




આગળ વધીને સાતમા સ્થાને પહોંચી ગયો છે.

T20 આંતરરાષ્ટ્રીય બોલરોની રેન્કિંગની વાત કરીએ તો, ભારતીય સ્પિનર રવિ બિશ્નોઈ પાસેથી 1 નંબરનું સ્થાન છીનવાય ગયું છે. ઈંગ્લેન્ડનો આદિલ રાશિદ હવે ત્રણ સ્થાનની છલાંગ લગાવીને ટોચના સ્થાને પહોંચી ગયો છે. તેને 715 પોઈન્ટ છે. રાશિદે વેસ્ટ ઈન્ડિઝ સામેની ટી-20 સિરીઝમાં 6 વિકેટ લીધી હતી. બિશ્નોઈને બે સ્થાનનું નુકસાન થયું છે. તે 685 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને આવી ગયો છે. નંબર વન બોલર બન્યા બાદ તેણે એકપણ મેચ રમી નથી. અફઘાનિસ્તાનનો સ્પિનર રાશિદ ખાન (692) બીજા સ્થાને યથાવત છે. શ્રીલંકાના સ્પિનર વાનિન્દુ હસરાંગા (679) ચોથા અને મહેશ થીકશાના (670) પાંચમા ક્રમે છે.

T20 બેટ્સમેનોની રેન્કિંગમાં સૂર્યકુમાર યાદવ(887) યાદીમાં ટોચ પર છે. સૂર્યાએ દક્ષિણ આફ્રિકા સામેની ત્રીજી T20માં તોફાની સદી ફટકારી હતી. પાકિસ્તાનનો અનુભવી વિકેટકીપર બેટ્સમેન મોહમ્મદ રિઝવાન (787) બીજા સ્થાને અને દક્ષિણ આફ્રિકાનો એડન માર્કરામ (755) ત્રીજા સ્થાને છે.


પર્થમાં પાકિસ્તાન સામે ઓસ્ટ્રેલિયાની જોરદાર જીત બાદ ટેસ્ટ રેન્કિંગમાં થોડો ફેરફાર થયો છે. ઓસ્ટ્રેલિયન ઓપનર ઉસ્માન ખ્વાજા (ત્રણ સ્થાન ઉપરથી ચોથા સ્થાને) બાબરને પાછળ છોડી ગયો છે. બાબર પાંચમા નંબરે છે. ડેવિડ વોર્નર (નવ સ્થાન ઉપર 27મા ક્રમે) અને મિશેલ માર્શ (12 સ્થાન ઉપર)નો પણ ફાયદો થયો છે. કેન વિલિયમસન ટોપ પર છે.

# કાવ્યા મારનની ટીમ હૈદરાબાદે ડેવિડ વોર્નરને બ્લોક કરી નાખ્યો?

- ડેવિડ વોર્નરે સોશિયલ મીડિયા સ્ક્રીન શોર્ટ વાયરલ કરી

ગુજરાત | વંદન

ઈન્ડિયન પ્રીમિયર લીગ2024ની હરાજી દરમિયાન ડેવિડ વોર્નર ચર્ચામાં આવી ગયો છે. વોર્નરે સોશિયલ મીડિયા પર કેટલાક સ્ક્રીનશોટ શેર કર્યા છે. આ સ્ક્રીનશૉટ તેની જૂની IPL ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદના સોશિયલ મીડિયાનો છે. વાસ્તવમાં, વોર્નર તેની નેશનલ ટીમના સાથી ખેલાડીઓ ટ્રેવિસ હેડ અને પેટ કમિન્સ માટે પોસ્ટ શેર કરી રહ્યો હતો. સનરાઈઝર્સે હરાજીમાં ટ્રેવિસ હેડને રૂ. 6.80 કરોડમાં અને પેટ કમિન્સને રૂ. 20.50 કરોડમાં ખરીદ્યો હતો. આવી સ્થિતિમાં વોર્નર ટ્રેવિડ હેડ અને પેટ કમિન્સને અભિનંદન




આપવા માંગતો હતો. તેના અભિનંદનમાં વોર્નર સોશિયલ મીડિયા પર સનરાઈઝર્સ હૈદરાબાદને ટેગ કરવા પણ ઈચ્છતો હતો, પરંતુ તે તેમ કરી શક્યો નહીં.

વાસ્તવમાં, સનરાઈઝર્સની સોશિયલ મીડિયા ટીમે વોર્નરને બ્લોક કરી દીધો છે. તે ન તો ટ્વિટર પર સનરાઈઝર્સ પોસ્ટ કરી શક્યો ન તો ઈન્સ્ટાગ્રામ પર. આવી સ્થિતિમાં, તેણે તેનો સ્ક્રીનશોટ લીધો અને તેને સોશિયલ મીડિયા પર શેર કર્યો. ડેવિડ વોર્નરે સનરાઈઝર્સ હૈદરાબાદ માટે શાનદાર કારકિર્દી બનાવી હતી. તેની કેપ્ટન્સીમાં 2016માં સનરાઈઝર્સે ખિતાબ જીત્યો હતો, પરંતુ આ પછી ડેવિડ વોર્નરની કારકિર્દીમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા. આ દરમિયાન, તેને એક વર્ષના પ્રતિબંધનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે તે પાછો ફર્યો ત્યારે તેની રમત ફ્રેન્ચાઈઝી માટે અસરકારક ન હતી.

2021 IPL સુધીમાં, ડેવિડ વોર્નર અને સનરાઈઝર્સ વચ્ચેના સંબંધો ખૂબ જ તંગ બની ગયા હતા. આવી સ્થિતિમાં, ટીમે તેને સીઝનની મધ્યમાં સુકાની પદ પરથી હટાવી દીધો અને કેન વિલિયમસનને કમાન સોંપી. એટલું જ નહીં તેને પ્લેઈંગ ઈલેવનમાંથી પણ બહાર બેસવું પડ્યું હતું.

ટીમે તેને 2022 IPL પહેલા છોડી દીધો. આ પછી તેણે સોશિયલ મીડિયા પર ટીમ માટે ઘણા રહસ્યમય સંદેશા લખ્યા. આ કારણે સનરાઈઝર્સે તેને સોશિયલ મીડિયાથી બ્લોક કરી દીધો હતો. જો કે, સનરાઈઝર્સમાંથી મુક્ત થયા બાદ ડેવિડ વોર્નરને દિલ્હીએ તેની ટીમમાં સામેલ કર્યો અને તે ટીમ માટે રમી ચૂક્યો છે.


# સ્મોક એટેક કાંડ બાદ સંસદની સુરક્ષા હવે CISFના હવાલે

■ કેન્દ્ર સરકારે સંસદની સુરક્ષામાં તેનાત દિલ્હી પોલીસને ખસેડી

ગુજરાત | વંદન

સ્મોક એટેક બાદ કેન્દ્ર સરકારે સંસદની સુરક્ષા અતિ કડક બનાવી દીધી છે. સંસદ ભવનની સુરક્ષા હવે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ અથવા CISF કરશે. બુધવારે જારી કરાયેલ એક સૂચનામાં, ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે હવેથી દિલ્હી પોલીસને બદલે સીઆઈએસએફ સંસદ ભવનની સુરક્ષા સંભાળશે જે બહારથી આવતાં લોકોની પણ તપાસ કરશે.

બિલ્ડિંગની અંદરની સુરક્ષા લોકસભા સચિવાલયની જવાબદારી તરીકે ચાલુ રહેશે, જ્યારે પોલીસ બહારના પરિમિતિની સુરક્ષા કરવાનું ચાલુ રાખશે. આ ફેરફાર



- વિવિધ એજન્સીઓ એકબીજાના માર્ગે આવવાને બદલે પ્રોટોકોલને સુવ્યવસ્થિત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે - ગૃહ મંત્રાલય દ્વારા આદેશ કરાયેલ વિગતવાર સુરક્ષા સ્વીપ પછી લાગુ કરવામાં આવશે.

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ અથવા CISF એ કેન્દ્રીય સુરક્ષા દળ છે જે એરપોર્ટ, દરિયાઈ બંદરો અને પરમાણુ સુવિધાઓ સહિત આવા 350 થી વધુ સ્થાનોની સુરક્ષા કરે છે જે હવે સંસદની પણ સુરક્ષા કરશે.

# રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના સમયે વિદેશમાં પણ ગૂંજશે 'જય શ્રી રામ'

■ અમેરિકામાં હજારો હિંદુઓ ઉદ્ઘાટન સમારોહ નિહાળે તેવી શક્યતા

ગુજરાત | વંદન



આવતા મહિને 22 જાન્યુઆરીએ અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન સાત સમંદર પાર અમેરિકાના મંદિરોમાં એક સપ્તાહ સુધી આવી જ ધામધૂમ જોવા મળશે. અમેરિકામાં હિંદુ મંદિરોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાના એક ટોચના અધિકારીએ જણાવ્યું કે, ઉત્તર અમેરિકાના મંદિરો પણ આવતા વર્ષે 22 જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરના ઉદ્ઘાટન માટે એક અઠવાડિયા સુધી ચાલનારા ઉત્સવની તૈયારી કરી રહ્યા છે.

હિન્દુ ટેમ્પલ એમ્પાવરમેન્ટ કાઉન્સિલના તેજલ શાહે જણાવ્યું હતું કે, "તે અમારું સૌભાગ્ય અને અમારા માટે આશીર્વાદ છે કે અમે આ ઈવેન્ટનો ભાગ છીએ અને અમારું સ્વપ્ન મંદિર સદીઓની રાહ અને સંઘર્ષ પછી સાકાર થઈ રહ્યું છે." તેમણે કહ્યું, "અમેરિકા અને કેનેડામાં દરેક લોકો તેમના મંદિરમાં ભગવાન શ્રી રામને પ્રાપ્ત કરવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. દરેક વ્યક્તિ ભક્તિ અને આદરથી અભિભૂત છે."

હિંદુ ટેમ્પલ એમ્પાવરમેન્ટ કાઉન્સિલ યુનાઈટેડ સ્ટેટ્સમાં 1,100 થી વધુ હિંદુ મંદિરોની સર્વોચ્ચ સંસ્થા છે. ઉત્તર અમેરિકામાં નાના-મોટા મંદિરોમાં એક અઠવાડિયા સુધી ચાલનારો ઉત્સવ 15 જાન્યુઆરીથી શરૂ થશે અને 20 જાન્યુઆરીની રાત્રે અયોધ્યાથી રામ મંદિરના ઉદ્ઘાટનના જીવંત પ્રસારણ સાથે સમાપ્ત થશે. અમેરિકામાં હજારો હિંદુઓ ઉદ્ઘાટન સમારોહ નિહાળે તેવી શક્યતા છે. તેમણે કહ્યું, "અમારા માટે, તે 21 જાન્યુઆરી, પૂર્વીય સમય અનુસાર રાત્રે 11 વાગ્યાનો હશે. તેથી અમે બધા ભગવાન શ્રી રામના અભિષેકની ઉજવણી માટે તે રાત્રે વર્ચ્યુઅલ રીતે જોડાઈશું." "અમે કાર્યક્રમના અંતે એક સંકલ્પ લઈશું ".

# યુકેમાં વિદ્યાર્થીઓને નવા વર્ષથી પોતાના ડિપેન્ડન્ટને લાવવાની હવે છૂટ નહીં મળે

■ બ્રિટનમાં ઈમિગ્રેશનના નવા નિયમોના કારણે ભારતીયોની તકલીફમાં વધારો

ગુજરાત | વંદન



યુકે સરકાર છેલ્લા કેટલાક સમયથી ઈમિગ્રેશન વિરોધી પગલાં લઈ રહી છે. તેના કારણે યુકેમાં કામ કરવા આવતા માઈગ્રન્ટ વર્કર્સ તથા વિદ્યાર્થીઓ માટે જાતજાતની મુશ્કેલી પેદા થઈ છે. ખાસ કરીને ભારતીય સ્ટુડન્ટ યુકેની નવી પોલિસીના કારણે ચિંતિત છે. આગામી દિવસોમાં યુકેની યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી જવાની શક્યતા છે. જાન્યુઆરી 2024થી યુનાઈટેડ કિંગ્ડમમાં Student visa પ્રોગ્રામમાં કેટલાક ફેરફારો અમલમાં આવવાના છે. બ્રિટનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ કરવા આવતા સ્ટુડન્ટને વિઝા રેગ્યુલેશનથી ખાસ્સી અસર થઈ શકે છે. યુકે સરકારે વિઝાના નિયમોમાં બે મુખ્ય ફેરફાર કર્યા છે.

એક, યુકેમાં ભણવા આવતા વિદ્યાર્થીઓને જાન્યુઆરી 2024થી પોતાના ડિપેન્ડન્ટને યુકે લાવવાની છૂટ નહીં મળે. બીજું, અહીં આવ્યા પછી વિદેશી વિદ્યાર્થીઓ 17 જુલાઈથી વર્ક રુટ વિઝામાં ચેન્જ નહીં કરાવી શકે, સિવાય કે તેમણે પોતાનો અભ્યાસ પૂરો કરી દીધો હોય. જોકે, જે ઈન્ટરનેશનલ વિદ્યાર્થીઓએ સપ્ટેમ્બરમાં પોતાનો કોર્સ શરૂ કર્યો હોય તેમને પોતાના આશ્રિતો (ડિપેન્ડન્ટ)ને યુકે લાવવાની છૂટ છે.

એજ્યુકેશન અને વિઝા એક્સપર્ટનું માનવું છે કે યુકેમાં જે ફેરફાર થવા જઈ રહ્યા છે તેનાથી ઈન્ટરનેશનલ સ્ટુડન્ટના અનુભવને અસર થશે. યુકેમાં અભ્યાસ પૂરો કર્યા પછી જ જોબ રૂટમાં કન્વર્ટ થવાના નિયંત્રણો વધારે પડતા છે. આ ઉપરાંત પોસ્ટ ગ્રેજ્યુએટ રિસર્ચનું કામ કરતા સ્ટુડન્ટ જ પોતાના આશ્રિતોને યુકે લાવી શકશે. તેથી આ એક વધારાની ચિંતા છે. આના કારણે ઘણા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો યુકે જવાનો વિચાર પડતો મૂકે તેવી શક્યતા છે.

જોકે, યુકે સરકારને પણ પોતાને ત્યાં સ્ટુડન્ટની સંખ્યા ઘટી ન જાય તેની ચિંતા છે. યુકે પોતાને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ માટે એક આકર્ષક દેશ તરીકે જાળવી રાખવા માંગે છે. યુકેના ગ્રેજ્યુએટ રૂટ અને યંગ પ્રોફેશનલ સ્કીમ વગેરે પ્રોગ્રામ આખી દુનિયામાં લોકપ્રિય છે. તેનાથી યુકેને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટની ટેલેન્ટનો ફાયદો મળે છે અને એજ્યુકેશન સેક્ટરને વેગ મળે છે. ગ્રેજ્યુએટ વિઝા હેઠળ તમે યુકેમાં કોર્સ પૂરો કર્યા પછી ઓછામાં ઓછા 2 વર્ષ સુધી રહી શકો છો. તમે પીએચડી અથવા બીજી કોઈ ડોક્ટરેટ ડિગ્રી મેળવી હોય તો ત્રણ વર્ષ સુધી યુકેમાં રોકાઈ શકાય છે.

# તાનાશાહ કિમ જોંગ ઉનની ધમકીથી વૈશ્વિક ચિંતા વધી

ગુજરાત | વંદન


દુનિયા હાલમાં બે મહાયુદ્ધ જોઈ રહી છે. આશરે બે વર્ષથી યુક્રેન અને રશિયા વચ્ચે



તો બીજી બાજુ ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લા બે મહિના કરતાં વધુ સમયથી યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. દરમિયાન ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગની ધમકીએ દુનિયાના ઘણાં દેશો ખાસ કરીને અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયાની ચિંતા વધારી દીધી છે. એક અહેવાલોમાં દાવો કરાયો હતો કે કિમ જોંગ ઉને ચેતવણી ઉચ્ચારી હતી કે જો કોઈ શત્રુ દેશ પરમાણુ બોમ્બથી ઉશ્કેરણી કરશે તો અમે પરમાણુ હુમલો કરવામાં જરાય ખચકાઈશું નહીં. ઉલ્લેખનીય છે કે અમેરિકા અને દ.કોરિયા એકસાથે પરમાણુ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા હોવાથી કિમ જોંગ ભડક્યાં છે. જોકે કિમની ચેતવણી પણ અમેરિકા, દ.કોરિયા અને જાપાન જેવા દેશો ચિંતિત દેખાઈ રહ્યા છે. કિમ જોંગે પણ આ ધમકી ત્યારે આપી હતી જ્યારે તેઓ ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ પરીક્ષણ દરમિયાન સૈનિકો સાથે મુલાકાત કરવા પહોંચ્યા હતા.

# હમાસના વિનાશ સુધી યુદ્ધ ચાલુ રહેશે- નેતન્યાહૂનો હુંકાર

ગુજરાત | વંદન



ઈઝરાયલના વડાપ્રધાન બેનજામીન નેતન્યાહૂ ફરી એકવાર યુદ્ધવિરામ માટે વધતા દબાણ વચ્ચે ના ઝૂકવાનો સંકેત આપ્યો છે. મીડિયાને જારી નિવેદનમાં નેતન્યાહૂએ કહ્યું- હમાસના વિનાશ સુધી યુદ્ધ ચાલુ રહેશે. હમાસ પાસે બે જ વિકલ્પ છે. તેના આતંકવાદીઓ આત્મસમર્પણ કરશે અથવા માર્યા જશે.

બીજી તરફ હમાસની રાજકીય પાંખના ચીફ ઈસ્માઈલ હાનિયા બુધવારે ઈજિપ્તની રાજધાની કૈરો પહોંચ્યા હતા. અહીં હમાસ અને ઈજિપ્તની નેતાગીરી વચ્ચે હમાસ કેદમાં બંધકોને છોડાવવા પર વાતચીત ચાલી રહી છે.

મીડિયામાં જારી કરાયેલા નેતન્યાહૂના નિવેદનથી ફરી એકવાર સ્પષ્ટ થઈ ગયું છે કે ઈઝરાયેલ યુદ્ધવિરામ માટે તૈયાર નથી, ઓછામાં ઓછું હજી તો નથી. નિવેદનમાં નેતન્યાહૂએ કહ્યું- અમે આ યુદ્ધને અંત સુધી લઈ જઈને જ ખતમ કરીશું. જ્યાં સુધી હમાસનો નાશ ન થાય, જ્યાં સુધી આપણને વિજય ન મળે, જ્યાં સુધી આપણા તમામ લક્ષ્યો પૂરા ન થાય ત્યાં સુધી... આ યુદ્ધ ચાલુ રહેશે. આતંકવાદીઓ આત્મસમર્પણ કરશે અથવા માર્યા જશે. બંધકોને પણ મુક્ત કરવામાં આવશે. ઈઝરાયલના વડાપ્રધાને આગળ કહ્યું- જે લોકો વિચારી રહ્યા છે કે અમે યુદ્ધ બંધ કરીશું, તેઓ જમીની વાસ્તવિકતાથી વાકેફ નથી. હમાસને નરકમાં મોકલીને જ આપણે મરીશું.

# વિશ્વના ઠંડા શહેર યાકુત્સ્કમાં ઠંડી છે માઈનસ 40 ડિગ્રી..!



■ જો કોઈ વ્યક્તિ યોગ્ય ગરમ કપડા વગર ઘરની બહાર નીકળે તો તેનું લોહી જામી જાય

ગુજરાત | વંદન

ડિસેમ્બરનો અડધો મહિનો વીતી ગયા બાદ કડકડતી ઠંડીએ લોકોને પરેશાન કરવાનું શરૂ કર્યું છે. માત્ર રાત્રે જ નહીં, હવે કડકડતી ઠંડી દિવસ દરમિયાન પણ લોકોને પરેશાન કરી રહી છે. દિવસના સમયે મોટાભાગે તાપમાનનો પારો 20 ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહે છે ત્યારે આ સ્થિતિ છે. હવે ફક્ત વિશ્વના સૌથી ઠંડા શહેર વિશે વિચારો, જ્યાં શિયાળામાં હવામાન સામાન્ય રીતે માઈનસ 40 ડિગ્રીની આસપાસ રહે છે.

વિશ્વના આ સૌથી ઠંડા શહેરનું નામ યાકુત્સ્ક છે. રશિયાની રાજધાની મોસ્કોથી આ શહેરનું અંતર લગભગ 5 હજાર કિમી છે. આ શહેર આખું વર્ષ બરફથી ઢંકાયેલું રહે છે અને અહીં સૂર્ય ભાગ્યે જ દેખાતો હોય છે. શિયાળામાં સતત હિમવર્ષાને કારણે આ શહેરનું તાપમાન સામાન્ય રીતે 40 ડિગ્રીની આસપાસ રહે છે.

શિયાળામાં યાકુત્સ્કમાં જીવન જીવવુંએ સંઘર્ષથી ભરેલું હોય છે. હિમવર્ષાના કારણે ત્યાંના રસ્તાઓ હંમેશા બરફથી ઢંકાયેલા રહે છે. ઠંડા પવનો અને ધુમ્મસભર્યા વાતાવરણને કારણે લોકો એક ક્ષણ માટે પણ બહાર જઈ શકતા નથી. શિયાળાના દિવસોમાં અહીંનું હવામાન ક્યારેક માઈનસ 50 ડિગ્રી સુધી પહોંચી જાય છે. આવા હવામાનમાં જો કોઈ વ્યક્તિ યોગ્ય ગરમ કપડા વગર ઘરની બહાર નીકળે તો તેનું લોહી જામી શકે છે અને હૃદય હુમલાથી મૃત્યુ નિશ્ચિત થઈ શકે છે. વિશ્વના આ સૌથી ઠંડા શહેરના લોકો માટે શિયાળો ઘણા મોટા પડકારો ઉભો કરે છે. હિમવર્ષાના કારણે ત્યાં કોઈ ખેતી કે શાકભાજી ઉપલબ્ધ નથી. માંસના નામે પણ ફ્રોઝન માછલી જ મળે છે. આવી સ્થિતિમાં, ઠંડીના મહિનાઓમાં ટકી રહેવા માટે, તેઓ શિયાળાની શરૂઆત સાથે ખોરાક એકત્રિત કરવાનું શરૂ કરે છે.

# કાશ્મીર ફરવા જતાં હોવ તો ધ્યાન રાખજો, કાતિલ ઠંડી શરૂ થઈ ગઈ

■ ખીણ પ્રદેશમાં ૪૦ દિવસનો ચિલ્લાઈ કલાન સમયગાળો શરૂ

ગુજરાત | વંદન

કાશ્મીર ખીણમાં ૪૦ દિવસનો ચિલ્લાઇ કલાનનો સમયગાળો શરૂ થઇ ગયો છે. જે ૩૧ જાન્યુઆરીએ સમાપ્ત થશે. જો કે ચિલ્લાઇ કલાન શરૂ થાય પહેલા જ કાશ્મીર ખીણના મોટા ભાગના વિસ્તારોમાં લઘુતમ તાપમાન શૂન્યથી નીચે જતું રહ્યું છે.



જમ્મુ-કાશ્મીરના ઉનાળા માટેનું પાટનગર શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઇનસ ૪.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. એક દિવસ પહેલા લઘુતમ તાપમાન માઇનસ ૩.૭ ડિગ્રી સેલ્સિયસ હતું. દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આવેલ પહેલગામમાં લઘુતમ તાપમાન માઇનસ ૬.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે પહલગામ અમરનાથ યાત્રા બેઝ કેમ્પ પૈકીનું એક છે.

ઉલ્લેખનીય છે કે ૩૧ જાન્યુઆરીએ ૪૦ દિવસની ચિલ્લાઇ કલાન પૂર્ણ થશે. ત્યારબાદ ૨૦ દિવસની ચિલ્લાઇ ખુર્દ શરૂ થશે અને ત્યારબાદ ૧૦ દિવસની ચિલ્લાઇ બચ્ચા શરૂ થશે.

# AAP સાંસદ સંજયસિંહને મોટો ફટકો, નવું વર્ષ જેલમાં મનાવશે, 10મી સુધી અંદર

ગુજરાત | વંદન


દિલ્હી આબકારી નીતિમાં કૌભાંડ મામલે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આમ આદમી પાર્ટીના નેતા સંજય સિંહની ન્યાયિક કસ્ટડી 10 જાન્યુઆરી સુધી લંબાવી છે. AAP નેતાના ઘરમાં ED દ્વારા તેમના સરકારી નિવાસસ્થાને દરોડા પાડી કલાકો સુધી પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

AAP નેતા સંજય સિંહની EDએ ગત 4 ઓક્ટોબરે ધરપકડ કરી હતી. EDએ દાવો કર્યો હતો કે આબકારી નીતિમાં દારૂનો વેપાર કરતા અનેક ધંધાર્થીઓને તેમણે આર્થિક ફાયદો કરાવવા માટે લાંચ લીધી હતી.

આ જ કૌભાંડમાં અગાઉ દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ અને AAP નેતા મનીષ સિસોદિયા પણ જેલમાં છે. તેમના સિવાય મુખ્યપ્રધાન તથા AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને પણ EDએ પૂછપરછ માટે સમન્સ મોકલ્યું છે, જો કે હાલ કેજરીવાલ વિપશ્યના માટે નીકળી ગયા હોવાથી તેમણે કહેવડાવ્યું હતું કે તેઓ સમન્સમાં હાજર રહી શકે તેમ નથી.

કેજરીવાલે EDને સમન્સનો જવાબ આપતા જણાવ્યું હતું કે, "હું દરેક કાયદાકીય સમન્સનું પાલન કરવા તૈયાર છું. પરંતુ EDનું આ સમન્સ પણ અગાઉના સમન્સની જેમ ગેરકાયદેસર છે. સીએમ કેજરીવાલે એમ પણ કહ્યું છે કે EDનું આ સમન્સ સંપૂર્ણપણે રાજકારણથી પ્રેરિત છે. આ સમન્સ પાછું ખેંચી લેવું જોઈએ. હું મારું જીવન ઈમાનદારી અને પારદર્શિતા સાથે જીવ્યો છું, મારી પાસે છુપાવવા માટે કંઈ નથી." તેમ કેજરીવાલે ઉમેર્યું હતું. એવી પણ ચર્ચા છે કે કેજરીવાલની પણ પૂછપરછ બાદ તરત જ ધરપકડ કરવામાં આવી શકે છે.

# ભારતની જેલો બની ભરચક, ઓક્યુપન્સી રેટ 131.4%; ખર્ચ પણ 42% વધ્યો



ગુજરાત | વંદન

ભારતમાં છેલ્લા એકાદ દાયકામાં ક્રિમિનલો કેસો વધી રહ્યાં છે. જીવનમાં શાંતિ અને લોકોની ધીરજમાં ઘટાડાની સાથે ઈન્ટરનેટનો વ્યાપ વધવાની સાથે દેશ-દુનિયામાંથી ચોરી, લૂંટફાટ, મારઝૂડ, હત્યાના અવનવા રસ્તાઓ શીખીને લોકો ગેરમાર્ગે આગળ વધે છે. આ પ્રકારના ગુનાહિત બનાવોને કારણે દેશની જેલમાં પણ નોંધપાત્ર ભરાવો થઈ રહ્યો છે. કેપેસિટીમાં કોઈ ખાસ વધારો થયો નથી અને સામે પક્ષે કેદીઓની સંખ્યા વધતી જ જઈ રહી છે.

વીતેલા એક-દોઢ દાયકા પહેલાં પણ ભારતીય જેલો હંમેશાથી ભીડ ભરેલી હોવાનું જાણીતું છે. જોકે હવે સ્થિતિ વધુ પડતી જ વણસી રહી છે. કેટલીક જેલોમાં હવે તેમની ક્ષમતા કરતા બમણા કેદીઓને રાખવામાં આવી રહ્યા છે. પ્રિઝન સ્ટેટિસ્ટિક્સ ઈન્ડિયા રિપોર્ટના તાજેતરના ડેટા દર્શાવે છે કે છેલ્લા પાંચ વર્ષમાં જેલોનો ઓક્યુપન્સી રેટ વધ્યો છે. પરિણામે જેલના કેદીઓ પરનો ખર્ચ પણ 42 ટકા વધીને 2018-19માં રૂ. 1776 કરોડથી વધીને 2022-23માં રૂ. 2528 કરોડ થયો છે. આ દરમિયાન સરકારનો કેદીદીઠ સરેરાશ ખર્ચ 2018-19માં રૂ. 38,000થી વધીને રૂ. 44,129 (દિવસ દીઠ રૂ. 120) થયો છે.

એકંદરે, કેલેન્ડર વર્ષ 2018માં જેલોમાં સરેરાશ ઓક્યુપન્સી રેટ 117.6 ટકાથી વધીને 2022માં 131.4 ટકા થયો છે. જિલ્લા કક્ષાની જેલોની સ્થિતિ વધુ ખરાબ છે, જ્યાં આ સમયગાળા દરમિયાન ઓક્યુપન્સી રેટ 133 ટકાથી વધીને 156.5 ટકા થયો છે.

## વૈશ્વિક સ્તરે ગેજેટ્સની દુનિયામાં 2023ના વર્ષમાં ઘણા ટ્રેન્ડ જોવા મળ્યા...


# ખિસ્સામાં ફોલ્ડેબલ ફોન અને ફોનમાં ચેટ બોટ્સ..અને હવે...

ગુજરાત | વંદન

એક ઋત આયે..એક ઋત જાયે... મોસમ બદલે ના બદલે નશીબા.... એવુ એક ગીતમાં ભલે નિરાશવાદી લાગણી રહેલી હોય પણ 21મા સદીમાં વર્ષો આવે છે અને જાય છે અને અંતે કંઈક એવું બને છે જે આવનારા સમય માટે વલણ નક્કી કરે છે....! આજના ટેક્નોલોજી સેક્ટરમાં પણ આવો જ ટ્રેન્ડ સર્જાયો હતો, જેમાં સૌથી ગરમ વિષય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ છે. ટેકની દુનિયામાં વર્ષ 2023ની મોટી ઘટનાઓ પર એક ઉડતી નજર.....:

AI ચેટ બોટ્સ રોજિંદા સાથી બની જાય છે: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના મોરચે આ વર્ષે ઘણા ચમત્કારો થયા. જ્યારે ચેટ GPT સામાન્ય મોબાઈલ ઉપકરણો પર સાર્વત્રિક રીતે સુલભ બન્યું, ત્યારે લોકોએ ડેલ જેવા AI મોડલ્સની મદદથી તેમની કલ્પનાને નવી ફ્લાઈટ આપી. જ્યારે Chat GPTએ લોકોને મુસાફરીની ટિપ્સથી લઈને રસોડાની વાનગીઓ સુધીની દરેક વસ્તુ શોધવામાં મદદ કરી, ત્યારે ડેલ E એ લોકોના આદેશો પર વિવિધ પ્રકારની પેઈન્ટિંગ્સ બનાવીને AI આર્ટની નવી દુનિયા બનાવી છે.

5G દરેક શહેરમાં પહોંચી ગયું છે: ગયા વર્ષે 1 ઓક્ટોબરે ભારતમાં 5G સેવા શરૂ થયા પછી, આ એક વર્ષમાં અત્યાર સુધીમાં, 5G સેવાઓ દિલ્હી સહિત દેશના દસ હજારથી વધુ શહેરોમાં પહોંચી ગઈ છે. આ સાથે સ્માર્ટફોન કંપનીઓ હવે 5G ફોન લોન્ચ કરવા પર ભાર આપી રહી છે. દરેક આગામી હેન્ડસેટ જે લોન્ચ થાય છે તે 5G સાથે આવે છે. એટલું જ નહીં, સરકારે 6G પર પણ કામ શરૂ કરી દીધું છે.



ટૂંક સમયમાં સેટેલાઇટ દ્વારા ઇન્ટરનેટ કનેક્શન આધારિત ઉપકરણો જોવા મળશે

ફોલ્ડેબલ ફોન ધારક:

ગયા વર્ષ સુધી ફોલ્ડેબલ ફોન માત્ર સમાચારોમાં હતા પરંતુ આ વર્ષે તે લોકોના હાથમાં આવ્યા છે. પ્રતિસ્પર્ધામાં વૃદ્ધિ પહેલા, જ્યાં સેમસંગ આ સેગમેન્ટ પર રાજ કરતી હતી, હવે ગૂગલ, વનપ્લસ અને મોટોરોલા પણ તેને લાવ્યા છે. મોટોરોલા ઘણા ફોલ્ડેબલ ઉપકરણો બનાવી રહી છે. આના કારણે ફોલ્ડેબલ ફોનની કિંમતો ઘટી ગઈ અને તે પહેલા કરતા વધુ લોકો માટે સસ્તા બની ગયા છે.

એક લેપટોપ જે ત્વરિતમાં પર્સનલ કોમ્પ્યુટર બની શકે છે અને ત્વરિતમાં ટેબમાં મિનિચરાઈઝ થઈ શકે છે તે આ વર્ષના હોટ ટ્રેન્ડમાં છે. ફોલ્ડેબલ લેપટોપ ફ્રન્ટ પર ThinkPad X1 રજૂ કરનાર Lenovo પ્રથમ કંપની હતી.

આ પછી, ઘણા એચપી સ્પેક્ટર ફોલ્ડ અને આવા ઘણા ખેલાડીઓ મેદાનમાં આવ્યા. જો કે ઘણા ખેલાડીઓ હવે આ સેગમેન્ટમાં પ્રવેશી ચૂક્યા છે, તેમ છતાં ભાવમાં ઘટાડો થવાની રાહ જોવાઈ રહી છે. મોટાભાગના ફોલ્ડેબલ લેપટોપની કિંમત 1 લાખ રૂપિયાથી વધુ છે અને તે સામાન્ય ગ્રાહકની પહોંચની બહાર છે.

ડીપફેક મજા કરતાં સજા વધુ છે: આ વર્ષે લોકોનું ધ્યાન ડીપફેક તરફ પણ આવ્યું કારણ કે ડીપફેક એપ્સનો ઉપયોગ કરીને બનાવેલા સેલિબ્રિટીઝના વીડિયો ચર્ચામાં આવ્યા હતા. આ એક એવું ક્ષેત્ર છે જેમાં એક નહીં, બે નહીં, પરંતુ ઘણા એપ સ્ટોર્સ પર એપ્સની ભરમાર છે, જે દર્શાવે છે કે લોકો તેને આગળ ધપાવી રહ્યા છે. આનાથી સરકારોની ચિંતા વધી છે અને ભારતમાં ડીપફેકને રોકવા માટે નિયમો અને નિયમોને કડક બનાવવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે

જે ઝડપે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લોકોના જીવનમાં પ્રવેશ્યું છે, સરકારો પણ તેના વિશે ચિંતિત થવા લાગી છે. આ વર્ષે યુરોપિયન યુનિયન, બ્રિટન અને અમેરિકાએ AIની મર્યાદા નક્કી કરવા માટેના પ્રયાસો તેજ કર્યા છે.

યુરોપિયન યુનિયનની સંસદે AI નિયમોને લઈને પહેલો કાયદો પસાર કર્યો હતો જેમાં AI ની શ્રેણીઓ જોખમ અનુસાર નક્કી કરવામાં આવી હતી, જેમાં ડેટા ગોપનીયતા જેવા મુદ્દાઓને પણ મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું હતું. તે જ સમયે, યુએનએ પણ એક માળખું બનાવવાનું કામ શરૂ કર્યું છે જેથી AI રોજગાર અથવા સુરક્ષા જેવા મુદ્દાઓ પર સંકટ ન વધે. બ્રિટને ગયા મહિને વૈશ્વિક સમિટ યોજીને AI માટે નીતિશાસ્ત્રની માર્ગદર્શિકા પણ બનાવી હતી.

સેટેલાઈટ આધારિત ઈન્ટરનેટ: ભારતની વાત કરીએ તો Jio અને Airtel પછી હવે એલોન મસ્કની કંપની Starlinkએ પણ સેટેલાઈટ શ્રેષ્ઠ ઈન્ટરનેટ પ્રદાન કરવા માટે ભારત સરકાર પાસે લાયસન્સ માટે અરજી કરી છે. આ વર્ષે અત્યાર સુધીમાં, આ મોરચે લાયસન્સ આપવાની કામગીરી ઝડપી ગતિએ કરવામાં આવી છે. આવી સ્થિતિમાં, આશા છે કે ટૂંક સમયમાં સેટેલાઈટ દ્વારા ઈન્ટરનેટ કનેક્શન પણ લોકોના ઉપકરણો પર આવવાનું શરૂ થઈ જશે.



# શરાબ-પાનની જાહેરખબરની ઓફર અલ્લુ અર્જુને ઠુકરાવી

દર્શકો સ્ટાઈલિશ સ્ટાર અલ્લુ અર્જુનને ખૂબ જ પસંદ કરી રહી છે. સાઉથ સ્ટાર અલ્લુ અર્જુનના ફેન ફોલોઈંગ ઉત્તર ભારતમાં પણ છે. અલ્લુ અર્જુને હાલમાં એક એવું કામ કર્યું છે, જેથી તે અન્ય એક્ટર્સ માટે ઉદાહરણ બની ગયા છે.

ફેન્સ અલ્લુ અર્જુનની ફિલ્મ ‘પુષ્પા 2’ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ 15 ઓગસ્ટ 2024ના રોજ રિલીઝ થશે. માનવામાં આવી રહ્યું છે કે, ફિલ્મ ‘પુષ્પા 2’ તગડી કમાણી કરનાર ફિલ્મ સાબિત થશે. અલ્લુ અર્જુને ફિલ્મ ‘પુષ્પા 2’ માટેની ખૂબ જ મોટી બ્રાન્ડ ડીલ રિજેક્ટ કરી દીધી છે.

રિપોર્ટ્સ અનુસાર અલ્લુ અર્જુને ફિલ્મ ‘પુષ્પા 2’ માટેની ખૂબ જ મોટી બ્રાન્ડની ડીલ રિજેક્ટ કરી દીધી છે. અલ્લુ અર્જુન ફિલ્મ ‘પુષ્પા 2’માંથી કોઈપણ ખોટી આદત એંડોર્સ કરવા માંગતા નથી. આ ફિલ્મમાં અલ્લુ અર્જુને રાઉડી પાત્ર ભજવ્યું છે, પરંતુ કેટલીક લાઈન્સ એવી છે, જે તોએ પાર કરવા માંગતા નથી. અલ્લુ અર્જુને ક્યારેય પણ તમાકુ, ગુટખા અને શરાબની બ્રાન્ડ એંડોર્સ કરી નથી. રિપોર્ટ્સ અનુસાર ફેમસ શરાબ અને પાન બ્રાન્ડ મેકર્સે એડ પ્લેસમેંટ માટે અલ્લુ અર્જુનનો સંપર્ક કર્યો હતો. ફિલ્મમાં જ્યારે પણ પુષ્પા શરાબ અને ગુટખાનું સેવન કરતો તે સમયે આ બ્રાન્ડનો લોગો ફ્રેમમાં આવ્યો હોત.

આ ડીલ માટે બ્રાન્ડ તરફથી 10 કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. અલ્લુ અર્જુને આ ઓફર રિજેક્ટ કરી દીધી હતી. કહેવામાં આવી રહ્યું છે કેસ અલ્લુ અર્જુન આ પ્રકારની ખોટી આદત એંડોર્સ કરવા માંગતા નથી.

## અલ્લુ અર્જુને અગાઉ પણ કહ્યું હતું - સોરી નો...

ફિલ્મ ‘પુષ્પા’ની સફળતા પછી ટીવી કોમર્શિયલ માટે આ પ્રકારની પ્રોડક્ટનું એંડોર્સમેંટ કરવા માટે ઓફર કરવામાં આવી હતી. અલ્લુ અર્જુને આ ઓફર પણ રિજેક્ટ કરી દીધી હતી. અલ્લુ અર્જુનની ટીમે જણાવ્યું કે, તેઓ ક્યારેય પણ તમાકુ ખાતા નથી અને ફેન્સમાં પણ આ આદત એંડોર્સ કરવા માંગતા નથી.

# ફિલ્મની શૂટિંગ દરમિયાન વરુણ ધવન થયો ઘાયલ, બેડ રેસ્ટ પર



વરુણ ધવને પોતાની કેરિયરને ઉગારવા માટે સાઉથની ટેલેન્ટ સાથે હાથ મિલાવ્યા છે. શાહરૂખની બ્લોકબસ્ટર ફિલ્મ જવાનના ડાયરેકટર એટલીએ પ્રોડયુસર તરીકે એક પ્રોજેકટ શરૂ કર્યો છે. વરુણ ધવનના લીડ રોલ સાથે ફિલ્મનું શુટિંગ શરૂ થઈ ગયું છે. ફિલ્મના સેટ પર લોખંડનો સળિયો વાગતા વરુણ ધવનને ઈજા પહોંચી છે.

વરુણ ધવને ઈન્સ્ટાગ્રામ સ્ટોરી સેકશનમાં સૂજેલા પગનો ફોટોગ્રાફ શેર કર્યો છે. પગ પર લાલ ચકામા પણ દેખાયા છે. ખુરશી પર પોતાનો પગ રાખીને વરુણે ફોટોગ્રાફ કિલક કર્યો છે. કેપ્શનમાં લખ્યું છે, લોખંડના સળિયા સાથે પગ અથડાયો હતો.

વરુણ ધવનની આ પોસ્ટ બાદ સોશિયલ મીડીયા પર ‘ગેટ વેલ સુન’ના મેસેજ શરુ થઈ ગયા હતા. વરુણ ધવનની આ ફિલ્મ સુપરહિટ તમિલ ફિલ્મ થેરીની રીમેક કહેવાય છે. હાલ તેને વીડી 18 તરીકે ઓળખવામાં આવે છે.


એકશન થ્રિલર ફિલ્મના પ્રોડયુસર જવાનના ડાયરેકટર એટલી કુમાર કરી રહ્યા છે. જયારે ડાયરેકશનની જવાબદારી કલીસને સોંપાઈ છે. 2024માં વરુણ ધવનની આ ફિલ્મ રિલીઝ થઈ શકે છે. વરુણ ધવનના પિતા અને દિગ્ગજ ફિલ્મ મેકર ડેવિડ ધવન પણ એક ફિલ્મ બનાવી રહ્યા છે, જેમાં વરુણનો લીડ રોલ છે.

# 2023માં ગૂગલ સર્ચમાં છવાઈ ‘બાર્બી’ અને ‘જવાન’ ફિલ્મ



ગુગલ 52 વર્ષ 2023માં સર્ચના મામલે ભારતીય ફિલ્મ ‘જવાન’ અને ભારતીય એક્ટ્રેસ કિયારા અડવાણી છવાઈ ગયા છે. ગુગલ પર સૌથી વધુ સર્ચના મામલે હોલીવુડની ફિલ્મ ‘બાર્બી’ અવ્વલ રહી છે જયારે બીજા ક્રમે ક્રિસ્ટાફેર નોલનની ફિલ્મ ‘ઓપન હાઈમર’ રહી છે અને ત્રીજા ક્રમે ભારતીય બ્લોક બસ્ટર શાહરુખખાન સ્ટારર ફિલ્મ ‘જવાન’ રહી છે. આમ ગ્લોબલી સુપર હિટ બોલીવુડની ફિલ્મ ‘જવાને’ ગુગલ સર્ચમાં હોલીવુડની ફિલ્મોને પણ ટકકર મારી છે.

ગુગલમાં સૌથી વધુ સર્ચ થયેલી ભારતીય સેલિબ્રિટીઓમાં બોલીવુડની એક્ટ્રેસ કિયારા અડવાણીએ પ્રથમ સ્થાન મેળવ્યું



છે, જયારે આ મામલે બીજા ક્રમે ક્રિકેટર શુભમન ગીલનો સમાવેશ થાય છે. આ ગ્લોબલ લિસ્ટમાં ફિલ્મોમાં ભારતની ‘જવાન’ ત્રીજા ક્રમે ઉપરાંત અન્ય બે બોલીવુડની ફિલ્મો ‘ગદર-2’ 8માં નંબરે અને ‘પઠાન’ 10માં ક્રમે છે. રસપ્રદ વાત એ છે કે ભારતીય સેલિબ્રિટીઓની યાદીમાં પ્રથમ ક્રમે કિયારા અડવાણીની સાથે સાથે તેનો પતિ અને એકટર સિદ્ધાર્થ મલ્હોત્રા 6ઠ્ઠા ક્રમે છે.

ટોપ ટેન ફિલ્મો ગ્લોબલીઃ ગુગલની આ સૌથી વધુ સર્ચ થયેલા ટોપ-ટેનમાં જોઈએ તો ફિલ્મોમાં 1. બાર્લી, 2. ઓપન હાઈમર, 3. જવાન, 4. સાઉન્ડ ઓફ ફ્રીડમ, 5. જોનવીક ચેપ્ટર-4, 6. અવતારઃ ધી વે ઓફ વોટર, 7. એવરીથીંગ એવરીવેર ઓલ એટ વન્સ, 8. ગદર-2, 9. ગ્રીડ-3, 10. પઠાનનો સમાવેશ થાય છે.

ટોપ ટેન ભારતીય ફિલ્મોઃ ગુગલમાં સૌથી વધુ સર્ચ થયેલી ટોપ ટેન ભારતીય ફિલ્મોમાં 1. જવાન, ગદર-2, 3. ઓપન હાઈમર, 4. આદિપુરુષ, 5. પઠાન, 6. ધી કેરાલા સ્ટોરી, 7. જેલર, 8. લીઓ, 9. ટાઈગર-3, 10. વારીસુનો સમાવેશ થાય છે.

ટોપ ટેન શો ભારતમાંઃ ગુગલમાં સૌથી વધુ સર્ચ થયેલા ભારતીય ટોપ ટેન શોમાં 1. ફર્જી, 2. વેનસ ડે, 3. અસુર, 4. રાણા નાયડુ, 5. ધી લાસ્ટ ઓફ અસ, 6. સ્કેમ 2003, 7. બિગ બોસ 17, 8. ગન્સ એન્ડ ગુલાબ્સ, 9. સેકસ/લાઈફ, 10. તાજા ખબરનો સમાવેશ થાય છે.

ટોપટેન ભારતમાં સેલિબ્રિટીઃ ગુગલ સર્ચમાં ટોપટેનમાં ભારતમાં હસ્તીઓમાં 1. કિયારા અડવાણી, 2. શુભમન ગીલ, 3. રવિન્દ્ર રચિન, 4. મોહમ્મદ શામી, 5. એલિવસ યાદવ, 6. સિદ્ધાર્થ મલ્હોત્રા, 7. ગ્લેન મેકસવેલ, 8. ડેવિડ બેકમ, 9. સૂર્યકુમાર યાદવ, 10. ટ્રેવિસ હેડનો સમાવેશ થાય છે.

દિવંગત થયેલી ટોપટેન હસ્તીઓઃ ગુગલ સર્ચમાં દિવંગત થયેલી ટોપટેન સેલિબ્રિટીઓમાં 1. મેથ્યુ પેરી, 2. ટીના ટર્નર, 3. સાઈનીડ ઓ કોનોટ, 4. કેન બ્લોક, 5. જેરી સ્પ્રીંગર, 6. આંગુસ કલાઉડ નિકોલ બુલ્લે, 8. જેન બિરકીન, 9. જીમી બફેટ, 10. લાન્સ રેડ્ડીકનો સમાવેશ થાય છે.



# દારૂની બંધાણી થઈ ગઈ હતી, પણ હવે 8 વર્ષથી બંધ છેઃ શ્રુતિ હસન

કમલ હાસનની દીકરી શ્રુતિ હસને કબૂલ કર્યું છે કે એક સમયે પોતે દારૂની લતે ચઢી ગઈ હતી. જોકે, હવે આઠ વર્ષથી પોતે દારુનું ટીપું પણ ચાખ્યું નથી. સાઉથ તથા બોલીવૂડની ફિલ્મોમાં કામ કરી ચૂકેલી શ્રુતિએ સ્વીકાર્યું છે કે તેની જિંદગીમાં એક સમય એવો આવ્યો હતો જ્યારે પોતે હંમેશાં નશામાં ધૂત રહેતી હતી. મિત્રો સાથે પાર્ટી કરવી, પુષ્કળ દારૂ પીવો, હેન્ગ ઓવર થઈ જવો આ બધું તેના માટે રોજિંદી વાત હતી. જોકે, તેણે દાવો કર્યો છે કે પોતે ક્યારેય જિંદગીમાં કોઈ માદક દ્રવ્યનું સેવન કર્યું નથી. તેણે એવો પણ દાવો કર્યો છે કે પોતે આઠ વર્ષથી દારૂ પીવાનું બંધ કરી દીધું છે. હવે ઉલ્ટાનું પોતે કોઈ પાર્ટીમાં જાય છે અને ત્યાં કોઈ દારૂ માટે આગ્રહ કરે છે તો તે અસહજતા અનુભવે છે.

# ઓટીટીથી સિનેમા હોલ સુધી છવાયા અનિલ કપૂર

છેલ્લા ચાર દાયકાથી વધુ સમય સુધી બોલિવુડમાં પોતાનું આગવું સ્થાન બનાવનાર અનિલ કપુર આજે પણ એક યુવાન જેવી સ્ફૂર્તિ ધરાવે છે. આ વર્ષ અનિલ કપુર માટે જાણે યશસ્વી રહ્યું છે.

શેલી રૂંગ્ટાની ઓટીટી વેબસીરીઝ ‘ધ નાઈટ મેનેજર’માં હથિયારોના ડીલરનો



વિલનના રોલથી માંડીને તાજેતરમાં બ્લોક બસ્ટર નિવડેલી ‘એનિમલ’ ફિલ્મમાં ઉદ્યોગપતિ બલબીરસિંહના રોલમાં છાકો પાડીને તેણે સાબિત કર્યુ કે તે હજુ બોલીવુડનો ‘બાપ’ જ છે ! આ વર્ષમાં રિલીઝ થયેલી તેની ફિલ્મ અને સીરીઝમાં અનિલ કપુરનું પ્રભુત્વ રહ્યું છે. અનિલ કપુર વેબસીરીઝ ‘ધ નાઈટ મેનેજર’ અને ‘એનિમલ’માં ભજવેલી ભૂમિકામાં દરેક સીનમાં છવાઈ ગયો છે. તેણે દરેક દ્રશ્યોમાં પોતાનો આત્મા રેડી દીધો છે.

આ ભૂમિકાઓમાં એકટરે પોતાની ક્ષમતાનો પરિચય બતાવ્યો છે. અનિલ કપુરની આગામી ફિલ્મ ‘ફાઈટર’ ૨૫મી જાન્યુઆરીએ રીલીઝ થઈ રહી છે. તેમાં અનિલ કપુર વરિષ્ઠ વયે એકશન સ્ટેટ દ્રશ્યો કરતો જોવા મળે છે. તાજેતરમાં જ આ ફિલ્મની એક તસ્વીર શેર થઈ હતી જેમાં તે આકાશમાં ખુબ જ ઉંચેથી એકશન દ્રશ્ય કરતો જોવા મળે છે. આ ફિલ્મમાં તે ગ્રુપ કમાન્ડીંગ ઓફિસરનો રોલ કરે છે. ફિલ્મનું ટીઝર લોકપ્રિય બન્યું છે.



# સની દેઓલની ફિલ્મમાં સલમાન ખાન કરશે કેમિયો, 2024માં રિલિઝ થશે ફિલ્મ

વર્ષ 2023માં ‘ગદર-2’ સાથે બોક્સ ઓફિસના ઘણા મોટા રેકોર્ડ તોડ્યા બાદ સની દેઓલે હવે તેમની આગામી ફિલ્મ ‘સફર’ની તૈયારી શરૂ કરી દીધી છે. સની બાદ સલમાન ખાને પણ આ ફિલ્મમાં એન્ટ્રી કરી છે, જોકે આ ફિલ્મમાં સલમાન માત્ર એક કેમિયો રોલ કરશે. જો રિપોર્ટ્સનું માનીએ તો તે જાન્યુઆરીમાં ફિલ્મ ‘સફર’નું શૂટિંગ કરશે. હાલમાં જ એકમ ખાનગી મીડિયા સાથે ફિલ્મ નિર્માણ સાથે જોડાયેલા એક સ્ત્રોતને ટાંકીને લખ્યું છે કે, ‘સફર’ એક ખૂબ જ હૃદય સ્પર્શી ફિલ્મ બનવા જઈ રહી છે, જે સની દેઓલ અને વિવિધ મુશ્કેલીઓથી ભરેલી બાળ કલાકારની સફરની વાર્તા હશે. સની દેઓલ ઈચ્છતા હતા કે સલમાન આ ફિલ્મમાં કેમિયો કરે. આ માટે તેમણે પોતે તેને ફોન કરીને કેમિયો માટે વિનંતી કરી હતી. સલમાન ખાને ફોન પર જ ફિલ્મ માટે સંમતિ આપી હતી. સની દેઓલની આગામી ફિલ્મ ‘સફર’ વર્ષ 2024માં રિલીઝ થવાની છે. વિશાલ રાણા એકલોન પ્રોડક્શન બેનર હેઠળ આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. આ સિવાય સની દેઓલ ફિલ્મ ‘લાહોર 1947’માં પણ જોવા મળશે. સની દેઓલ પાસે પણ આ દિવસોમાં એક અનટાઈટલ ફિલ્મ છે. થોડા દિવસો પહેલાં એવા અહેવાલ પણ આવ્યા હતા કે 2024ના અંત સુધીમાં સની દેઓલ બ્લોકબસ્ટર ફિલ્મ ‘બોર્ડર’ની સિક્વલ પર કામ શરૂ કરશે.

## સલમાન ખાન જાન્યુઆરીમાં ફિલ્મનું શૂટિંગ કરશે

રિપોર્ટ અનુસાર, સલમાન ખાન જાન્યુઆરી 2024માં ફિલ્મ ‘સફર’નું શૂટિંગ કરશે. તેનું શૂટિંગ શિડ્યુલ માત્ર 1 દિવસનું હશે. ફિલ્મમાં સલમાન રિયલ લાઈફ સુપરસ્ટાર સલમાન ખાન તરીકે જોવા મળશે.

# રશ્મિકાનો દેવરકોંડા માટે ઓપન લવ લેટર

રશ્મિકા મંદાનાએ ‘મારી જિંદગીમાં આવવા માટે ધન્યવાદ’ એવું લખેલો એક મેસેજ સોશિયલ મીડિયા પર શેર કરતાં આ મેસેજ વિજય દેવરકોંડા માટે હોવાનું માનવામાં આવી રહ્યું છે. રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા ડેટ કરી રહ્યા હોવાની અફવા છે. જોકે યુગલે પોતાના સંબંધો વિશે જાહેરમાં કોઈ ઉલ્લેખ કર્યો નથી. રશ્મિકાએ પોતાના સંદેશામાં લખ્યું છે કે, મારા જીવનમાં આવવા બદલ ધન્યવાદ. આ સાથે તેણે પોતાની પોસ્ટમાં એક સફેદ દિલ ધરાવતું ઈમોજી પણ જોડ્યું છે. જોકે રશ્મિકાએ પોતાના આ સંદેશો કોઈને ટેગ કર્યો નથી. પરંતુ સોશયલ મીડિયામાં એવું અર્થઘટન થઈ રહ્યું છે કે આ મેસેજ વિજય માટે છે.




# સ્ટાર કિડ્સ અગસ્ત્ય નંદા ‘ધ આર્ચીઝ’ પછી શ્રીરામ રાઘવનની ‘ઈક્કીસ’ થી મોટા પડદે ડેબ્યૂ કરશે



સ્ટારકિડ અગસ્ત્ય નંદા ટૂંક સમયમાં મોટા પડદા પર ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. અગસ્ત્યએ તેમની અભિનય કારકિર્દીની શરૂઆત ઝોયા અખ્તર દ્વારા નિર્દેશિત ફિલ્મ ધ આર્ચીઝ’થી કરી હતી. જો કે આ ફિલ્મ OTT પ્લેટફોર્મ પર રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં તેમની શાનદાર એક્ટિંગને કારણે તેને હવે શ્રીરામ રાઘવનની ફિલ્મ ‘ઈક્કીસ’ મળી છે. ફિલ્મ સાઈન કર્યા બાદ અગસ્ત્ય ટૂંક સમયમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. તો રિપોર્ટ અનુસાર, આ ફિલ્મમાં વરુણ ધવનની જગ્યાએ અગસ્ત્યને લેવામાં આવ્યો છે. હાલમાં જ ઝૂમ પર વાતચીત દરમિયાન, ફિલ્મના નિર્દેશક શ્રીરામ રાઘવને અગસ્ત્યના કાસ્ટિંગના સમાચારની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે ફિલ્મ ‘ઈક્કીસ’નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. શૂટિંગનું પહેલું શેડ્યૂલ પણ શૂટ થઈ ગયું છે, જોકે અગસ્ત્યનો એ ભાગમાં કોઈ રોલ નહોતો. હવે ફિલ્મનું બીજું શેડ્યૂલ શ્રીરામની આગામી ફિલ્મ ‘મેરી ક્રિસમસ’ની રિલીઝ બાદ શૂટ કરવામાં આવશે. ફિલ્મ ‘મેરી ક્રિસમસ’ 12 જાન્યુઆરીએ રિલીઝ થશે, ત્યારબાદ અગસ્ત્ય નંદા પણ બીજા શેડ્યૂલમાં ટીમ સાથે જોડાશે. આ ફિલ્મ એકવીસમાં પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતા લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલની બાયોપિક બનવા જઈ રહી છે. 2019માં અરુણ ખેત્રપાલના 69માં જન્મદિવસ પર કરવામાં આવી હતી. જાહેરાતની સાથે જ કહેવામાં આવ્યું હતું કે વરુણ ધવન ફિલ્મમાં અરુણની ભૂમિકા ભજવશે. કોરોનાને કારણે ફિલ્મ અટકી પડી હતી અને હવે ધર્મેન્દ્રના જન્મદિવસના અવસર પર નિર્માતાઓએ ફિલ્મની સ્ટારકાસ્ટની જાહેરાત કરી છે. આ જાહેરાતમાં વરુણ ધવનની જગ્યાએ અગસ્ત્ય નંદાનું નામ લેવામાં આવ્યું છે.



# સામંથા રૂથ પ્રભુ 2024માં એક્ટિંગમાં કરશે પુનરાગમન

ઓટો ઈમ્યુન બીમારી માયોસાઈટીસની સારવારના કારણે આશરે એક વર્ષથી એક્ટિંગમાં બ્રેક લેનારી સામંથા રુથ પ્રભુ ૨૦૨૪થી ફરી એક્ટિંગ શરુ કરી શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર અભિનેત્રી આવતા વરસની શરૂઆતથી એકટિંગ શરૂ કરવાની યોજના કરી રહી છે. તે કદાચ વેબ શો ‘સીટાડેલ’નાં પ્રમોશનમાં પણ ભાગ લેશે.

‘સિટાડેલ’ના ભારતીય વર્ઝનનું શૂટિંગ પુરુ કર્યા પછી સામંથાએ એકટિંગમાંથી બ્રેક લીધ ેહતો. ત્યારથી તે પોતાના સ્વાસ્થય પર ધ્યાન આપી રહી છે. સામંથા ઓટિયોમ્યુન બીમારીથી પીડાઈ રહી છે અને અમેરિકામાં તે સારવાર લેવાની સાથેસાથે દુનિયાની સફર કરી રહી છે. અહેવાલો અનુસાર સામંથાની તબિયતમાં ઘણો સુધારો થયો છે. તે માનસિક અને શારિરીક રીતે સ્વસ્થ થઈ રહી છે.તેમાં તાજગીનો પણ સંચાર થયો છે. તેમજ સારવારની સાથેસાથે તેણે દુનિયાની પણ સફરના અનુભવ પછી તે ઘણું બધુ નવું નવું કરવા ઉત્સાહિત છે.

સામંથાએ તાજેરમાં જ પોતાની પ્રોડક્શન કંપની શરુ કરવાની ઘોષણા કરી છે. તે પોતાના પ્રોડક્શન હેઠળની ફિલ્મ કે વેબ શોમાં કામ કરશે કે પછી છેલ્લા કેટલાક સમયથી તેના એક્સ હસબન્ડ નાગા ચૈતન્ય સાથે સંબંધો સુધરી રહ્યા હોવાથી ફરી તેની સાથે કામ કરવાનું પસંદ કરે છે કે કેમ તેના પર સૌની નજર છે. સામંથા અને નાગાની જોડી એક સમયે સાઉથની સૌથી હિટ જોડીમાંની એક મનાતી હતી.

# ફરીને દિવસો આવ્યાં તેજીના: શહેરમાં જૂની સોસાયટીઓના રિડેવલપમેન્ટમાં વધારો

■ અમદાવાદમાં હેલ્મેટ સર્કલ પાસે 10 બંગલાની સોસાયટીને રિડેવલપ કરવામાં આવશે

ગુજરાત | વંદન





અમદાવાદમાં જૂની સોસાયટીઓના રિડેવલપમેન્ટના કામમાં ફરીથી તેજી આવી છે. રાજ્યમાં જંત્રીના નવા દર લાગુ થયા ત્યાર પછી થોડા સમય માટે રિડેવલપમેન્ટ કામકાજ અટકી ગયું હતું, પરંતુ હવે છેલ્લા ચાર મહિનામાં જૂની સોસાયટીને નવેસરથી ડેવલપ કરવા માટે કુલ 25 ડીલ થઈ છે. આ દરમિયાન ઘણી સોસાયટીઓ એવી છે જેમાં તમામ મેમ્બર્સ રિડેવલપમેન્ટ માટે તૈયાર નથી થયા જેના કારણે મામલો કોર્ટમાં ગયો છે.

લગભગ 25 રેસિડેન્શિયલ સોસાયટી એવી છે જ્યાં સભ્યો વચ્ચે કોઈ સર્વાનુમત થયો નથી. તેના કારણે આ ડીલનો ઝડપથી ઉકેલ લાવવા માટે ડેવલપર્સ ગુજરાત હાઈકોર્ટમાં ગયા છે. એક્સપર્ટે જણાવ્યું કે અમુક ડેવલપર્સ આખેઆખું બાયઆઉટ કરવા માટે સોસાયટીના માલિકો સાથે વાતચીત કરી રહ્યા છે. અમદાવાદમાં હેલ્મેટ સર્કલ પાસે 4600 ચોરસ યાર્ડમાં આવેલા 10 બંગલોની સોસાયટીને રિડેવલપ કરવામાં આવશે. એસકેડી ડેવલપર્સ દ્વારા આ બંગલો સોસાયટી 50 કરોડ રૂપિયામાં ખરીદી લેવામાં આવી છે જેમાં દરેક બંગલોને પાંચ કરોડ રૂપિયા મળશે.

SKD ડેવલપર્સના ડિરેક્ટર કે ડી દેસાઈએ આ ડીલ થઈ હોવાની વાતને સમર્થન આપ્યું છે. પરંતુ તેમણે તેની સાઈઝ વિશે કંઈ જણાવ્યું નથી. તેમણે કહ્યું કે અમે અહીં 4 બીએચકેના 48 યુનિટ બનાવવાની યોજના ધરાવીએ છીએ કારણ કે હાલમાં આ એરિયામાં પ્રીમિયમ કેટેગરીના મકાનોની ડિમાન્ડ છે. અમે ત્રણ મહિનામાં જ આ ડીલ કરી છે.

કે ડી દેસાઈએ અમદાવાદમાં AEC ચાર રસ્તા પાસે પૂજન એપાર્ટમેન્ટના રિડેવલપમેન્ટ માટે એક MoU પણ કર્યા છે. આ ઉપરાંત વધુ 15,000 ચોરસ વારની જમીન પણ ડેવલપ કરવામાં આવશે. આ જગ્યા પર હાલમાં રેસિડેન્શિયલ અને કોમર્શિયલ બંને સ્પેસ હાજર છે.

CREDAI, અમદાવાદના પ્રેસિડન્ટ ધ્રુવ પટેલે જણાવ્યું કે અમદાવાદમાં સોસાયટીઓના રિડેવલપમેન્ટની પુષ્કળ સંભાવના રહેલી છે. છેલ્લા ત્રણ મહિનામાં ઈન્ક્વાયરી અને ડીલની સંખ્યામાં મોટો વધારો થયો છે. તાજેતરમાં જંત્રીના દરમાં વધારો થયા પછી ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (એફએસઆઈ)ની પરચેઝ પ્રાઈસ ઘણી વધી ગઈ હતી. તેના કારણે રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ નાણાકીય રીતે નુકસાનકારક બની ગયા હતા. પરિણામે 90 ટકા જેટલી ડીલ રદ કરવામાં આવી હતી.

અર્બન રિડેવલપમેન્ટ હાઉસિંગ સોસાયટી વેલફેર એસોસિયેશનના પ્રેસિડન્ટ જિતેન્દ્ર શાહે જણાવ્યું કે, જંત્રીના નવા દર આવ્યા પછી ઘણી ડીલ અટકી ગઈ હતી. પરંતુ ગયા વર્ષમાં અમદાવાદમાં રિડેવલપમેન્ટની લગભગ 60 ડીલ થઈ હતી. ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં 50 સોદા થયા છે તેમાં રિવાઈઝ્ડ ઓફર કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે, અમદાવાદમાં ઓછામાં ઓછી 500 સોસાયટીઓ રિડેવલપમેન્ટ માટે વાતચીત કરી રહી છે. અમને લાગે છે કે સરકારે સોસાયટીઓના રિડેવલપમેન્ટ માટે નિયમો બહાર પાડવા જોઈએ કારણ કે ઘણી વખત સોસાયટીના તમામ મેમ્બર વચ્ચે સહમતી સાધી શકાતી નથી અને તેના કારણે મામલો કોર્ટમાં જાય છે.

ક્રેડાઈ, અમદાવાદના વાઈસ પ્રેસિડન્ટ વિરલ શાહે જણાવ્યું કે, ચાલુ વર્ષમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના લગભગ 10 રિડેવલપમેન્ટ સોદા થયા છે. અમે એક હાઉસિંગ બોર્ડની સ્કીમને રિડેવલપ કરી રહ્યા છીએ જેમાં 120 યુનિટ છે. રિડેવલપમેન્ટ પછી તેમાં 320 યુનિટ્સ હશે.

### કોર્પોરેશન દ્વારા મુખ્ય કાર્યક્રમ પુષ્પકુંજ ગેટ ખાતે યોજાશે

# શહેરીજનો આનંદો, 25મીથી કાંકરિયા કાર્નિવલની ધૂમ મચશે

■ 31મી સુધી કાંકરિયા લેકફ્રન્ટ ખાતે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત | વંદન



શહેરના સૌથી મોટા કાંકરિયા કાર્નિવલનો ૨૫મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર સુધી કાંકરિયા લેકફ્રન્ટ ખાતે યોજવાનો છે. અંદાજે એક કિલોમીટર જેટલા વિસ્તારમાં ડ્રોનથી સર્વેલન્સ કરી ચાંપતી નજર રાખવામાં આવશે. આખું કાંકરિયા પરિસર રંગેબેરંગી લાઈટિંગથી શણગારવામાં આવશે. કાંકરિયા કાર્નિવલ દરમિયાન રાત્રે ભવ્ય આતશબાજી અને લેસર શો યોજવામાં આવનાર છે. વિવિધ અવનવી પ્રકારની થીમો ઉપર લાઈટિંગ કરવાનું આયોજન મનપા તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. કાંકરિયા કાર્નિવલમાં રોજના એક લાખથી વધુ લોકો આવવાનો અંદાજ છે.

ચાલુ વર્ષે કાંકરિયા કાર્નિવલમાં પ્રખ્યાત ગાયક કલાકાર અને હાસ્ય કલાકારો રમઝટ બોલાવશે. અમદાવાદ શહેર મનપા તંત્ર દ્વારા વર્ષ ૨૦૦૮થી દર વર્ષે ૨૫મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર સુધી કાંકરિયા કાર્નિવલનું આયોજન કરવામાં આવે છે. પુષ્પકુંજ ગેટ નંબર એક, બાલવાટિકા અને વ્યાયામ શાળા ખાતે ત્રણ સ્ટેજ બનાવવામાં આવશે. મુખ્ય કાર્યક્રમ પુષ્પકુંજ ગેટ ખાતે યોજાશે. રોજ સાંજે વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

કાંકરિયા કાર્નિવલમાં સાંજે ૪:૩૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી અલગ-અલગ કાર્યક્રમો ત્રણેય સ્ટેજ ખાતે યોજાશે. જેમાં વિવિધ ગાયક કલાકારો દ્વારા પોતાના સૂર રેલાવશે. રાતે ૧૦ વાગ્યાની આસપાસ ભવ્ય લેસર શો અને આતશબાજી કરવામાં આવશે. રોજ વિવિધ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં લોકો પહોંચશે. કાંકરિયા કાર્નિવલમાં રોજના

...અનુસંધાન પેજ નં. 6 પર

## 30 ડિસેમ્બરથી ફલાવર શો

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૩૦ ડિસેમ્બરથી ૧૫ જાન્યુઆરી-૨૦૨૪ સુધી ઈવેન્ટ ગ્રાઉન્ડ,ટાગોરહોલ પાછળ અમદાવાદ મ્યુનિ.ફલાવર શો યોજશે. સવારના૯ થી રાત્રિના ૯ કલાક સુધી ફલાવર શોની મુલાકાત લોકો લઈ શકશે.સોમથી શુક્રવાર સુધી ૧૨ વર્ષથી વધુની વયના મુલાકાતીઓને ફલાવર શો માણવા રુપિયા પચાસ અને શનિ-રવિ રુપિયા પંચોતેર ખર્ચી ટિકીટ લેવી પડશે.વર્ષ-૨૦૨૨માં ફલાવર શો પાછળ મ્યુનિ.ગાર્ડન વિભાગે ત્રણ કરોડ ખર્ચ કર્યો હતો.આ વર્ષે ૫.૭૫ કરોડનો ખર્ચ ઈન્ટરનેશનલ લેવલનો ફલાવર શો યોજવા કરાશે.વાઈબ્રન્ટ સમિટને ધ્યાનમાં રાખી૬ થી ૧૨ જાન્યુઆરી-૨૦૨૪ સુધી અમદાવાદ મ્યુનિ.ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે પુસ્તકમેળાનુ આયોજન કરશે.આ નવમો પુસ્તકમેળો હશે.

# અયોધ્યા પહોંચશે 108 ફૂટ લાંબી અગરબત્તી, વજન છે 3500 કિલો

ગુજરાત | વંદન





અયોધ્યામાં તારીખ 22 જાન્યુઆરી 2024 ના રોજ ભગવાન શ્રી રામ-લાલ મંદિરમાં બિરાજમાન થશે. આ ક્ષણની વિશ્વભરના કરોડો હિન્દુઓ રાહ જોઈ રહ્યા છે ત્યારે વડોદરાના રામ ભક્ત વિહાભાઈ ભરવાડએ રામ મંદિર માટે 3500 કિલો વજનની 108 ફૂટ લાંબી અગરબત્તી તૈયાર કરી છે. વડોદરામાં તરસાલી વિસ્તારમાં રહેતા વિહાભાઈ ભરવાડ કહે છે કે કરોડો હિન્દુઓ માટે સુવર્ણ અવસર આવ્યો છે. ત્યારે આ ઉત્સવમાં હું મારી પણ ભાગીદારી નોંધાવવા માગું છું. તે માટે મેં આ અગરબત્તી તૈયાર કરી છે આ અગરબત્તી 108 ફૂટ લાંબી છે અને સાડા ત્રણ ફૂટ પહોળી છે.


અગરબત્તીમાં 376 કિલો ગુગળ 376 કિલો કોપરાનું છીણ 280 કિલો જવું 280 કિલો તલ 191 કિલો ગીર ગાયનું શુદ્ધ ઘી 425 કિલો હવન સામગ્રી અને 1475 kg ગીર ગાયના છાણનો પાવડર ઉપયોગ કરવામાં આવ્યો છે. કુલ 3,500 કિલો વજનની આ અગરબત્તી દોઢ મહિનો અખંડ ચાલશે અને અયોધ્યા રામ મંદિરની આસપાસના 50 કિલોમીટરની ત્રિજ્યામાં સુવાસ ફેલાવી અને પોઝિટિવ વાતાવરણ ઊભું કરશે. આ અગરબત્તી તૈયાર કરતા છ મહિનાનો સમય લાગ્યો છે. અગરબત્તી તૈયાર કરવા માટે તમામ પ્રકારની શુદ્ધતા અને પવિત્રતાની જાળવણી કરવામાં આવી છે. અમારી ઈચ્છા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ અગરબત્તીને પ્રજ્વલિત કરે.

## સુરતના ડ્રીમ પ્રોજેક્ટ સમાન ડુમસ સી ફેઈઝનું આજે ખાત મુહુર્ત

ગુજરાત | વંદન

સુરત શહેરના તથા દેશ વિદેશના સહેલાણીઓ માટે અતિપ્રિય મનોરંજન અને આકર્ષિત તેમજ કુદરતનું એકદમ નજીકથી સાનિધ્ય અનુભવી શકાય તેવુ અતિ નયનરમ્ય પ્રાકૃતિક થીમ પાર્ક/ઈકો ટુરિઝમ પાર્ક તૈયાર કરી તેનો બાળકો તેમજ વયસ્કો સુધીના તમામ વયના લોકો મનોરંજનનો લાભ લઈ શકે તે હેતુસર ડુમસ દરિયા કિનારાને અદ્યતન પર્યટન સ્થળ તરીકે ઈકો ટુરિઝમ પાર્કનું આયોજન કરાયું છે. તેનું ખાત મુર્હૂતરવિવારે નવસારીના સાંસદ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના હસ્તે કરવામાં આવશે. આ ઉપરાંત સ્મીમેર હોસ્પીટલના વિસ્તૃતિકરણનું આયોજન કરવામાં આવ્યું છે. તેનું ખાતમુર્હુત પણ રવિવારે કરવામાં આવશે.

# રામ મંદિરના નામે ઉઘરાણી સામે VHPએ લોકોને આપી ચેતવણી



ગુજરાત | વંદન

એક મહિના પછી અયોધ્યાના રામમંદિરમાં રામલલાની પ્રાણપ્રતિષ્ઠા થશે. સમય ઓછો છે, તેથી અયોધ્યાને સુંદર બનાવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. ભગવાન શ્રી રામના મંદિરનું ઉદ્ઘાટન 22 જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા રામ મંદિરના ઉદ્ઘાટન અને રામલલાની પ્રાણપ્રતિષ્ઠાને લઈને તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ વચ્ચે રામ મંદિરના નામે એક મોટો ફ્રોડ પણ સામે આવ્યો છે. કેટલાક લોકો રામ મંદિર નિર્માણના નામે પેમ્ફલેટ છપાવીને લોકો પાસેથી દાન એકત્ર કરી રહ્યા છે.

વિશ્વ હિન્દુ પરિષદ (VHP)એ કહ્યું છે કે, રામ મંદિરના નિર્માણના નામે કોઈ દાન લેવામાં આવી રહ્યું નથી. આ એક ફ્રોડ છે અને લોકોએ તેનાથી સાવધ રહેવું જોઈએ. જો કોઈ રામ મંદિર નિર્માણના નામે દાન લઈ રહ્યું છે, તો તેની જાણ પોલીસને કરો. વિશ્વ હિન્દુ પરિષદના મહામંત્રી મિલિંદ પરાંડેએ એક પ્રેસ નિવેદન જારી કરીને કહ્યું કે, અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ માટે કોઈ અલગ સમિતિની રચના કરવામાં આવી નથી. પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ માટે ભંડોળ એકત્ર કરવાની જવાબદારી કોઈ સમિતિને આપવામાં આવી નથી. તેમણે કહ્યું છે કે, સમાજે આવી કોઈપણ ફ્રોડને લઈને સતર્ક રહેવું જોઈએ અને આવી કોઈ વ્યક્તિને આર્થિક યોગદાન ન આપવું જોઈએ.

# મોરબીમાં નકલી ટોલનાકાના કારણે આજે પાટીદારોની બેઠક

■ જેરામ પટેલના દીકરાનું નામ સામે આવતા સમાજની થઈ રહી છે બદનામી

ગુજરાત | વંદન



મોરબી નકલી ટોલનાકામાં પાટીદાર આગેવાન જેરામ પટેલના પુત્રનું નામ સામે આવ્યું છે. આ દરમિયાન હવે ઉમિયાધામ સિદસરના પ્રમુખ જેરામ પટેલ અને પાટીદાર આગેવાનોએ એક બેઠક બોલાવી છે. નકલી ટોલનાકા પ્રકરણમાં જેરામ પટેલના પુત્રનું નામ બહાર આવતા સમાજની બદનામી થઈ રહી છે. જેને લઈ હવે પાટીદાર આગેવાનોએ રવિવારે રાજકોટ ખાતે બેઠક બોલાવી છે. વિગતો મુજબ બેઠકમાં જેરામ પટેલના પુત્રના નામને લઈને સમાજની થઈ રહેલી બદનામી અંગે ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં જેરામ પટેલ સહિત પાટીદાર સમાજના આગેવાનો હાજર રહેશે.

મોરબીના વાંકાનેર પંથકમાં વઘાસિયા ગામ નજીક ફેક્ટરી ભાડે રાખી ટોલનાકુ ચલાવવામાં આવતું હોવાની માહિતી સામે આવી છે. નકલી ટોલનાકુ ઉભું કરી કરોડો રૂપિયાની ઉઘરાણી કરાતી હોવાના સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે. NHAIના ટોલનાકાની બાજુમાં ગેરકાયદે ટોલનાકુ ધમધમતું જોવા મળ્યું છે. ટોલ પ્લાઝા પાસે ટોલનાકુ બાયપાસ કરીને વાહનોને પસાર કરવામાં આવે છે. ફોર વ્હીલના 50, નાના ટ્રકના 100, મોટા ટ્રકના 200 રૂપિયા ઉઘરાવવામાં આવતા હોવાનો ખુલાસો થયો છે. જ્યારે NHAIના ટોલનાકા દ્વારા કારના 110,

...અનુસંધાન પેજ નં. 6 પર

# સરકારી અનાજને પણ ન છોડ્યું, બારોબાર સગેવગે કરી નાખ્યું

ગુજરાત | વંદન

બનાસકાંઠામાં ફરી એકવાર અનાજ કૌભાંડ બહાર આવ્યું છે. ડીસા બાદ દિયોદરમાં પણ અનાજ કૌભાંડ ઝડપાયું છે. ગરીબો માટે આવતું સસ્તું અનાજ બારોબાર વેચીને 9 લાખથી વધુની ગેરરીતિ અનાજ સંચાલક દ્વારા આચરવામાં આવી છે. સમગ્ર મામલે મામલતદાર અને પુરવઠા મામલતદારની તપાસમાં કૌભાંડ બહાર આવતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

વિગતો મુજબ, દિયોદરમાં ચગવાડા અને કોટડા (ફોરણા ) ગામે સસ્તા અનાજના સંચાલકને આપવામાં આવતા ઘઉં,ચોખા,તુવેરદાળ,મીઠું,ખાંડના રેશનીંગના જથ્થાને બારોબાર વેચી નાખવામાં આવ્યો. રેશન કાર્ડ ધારકો માટેનું અનાજ વેચીને સંચાલકે 9.46 લાખ રૂપિયાની ગેરરીતિ આચરી હતી. દિયોદર મામલતદાર અને પુરવઠા મામલતદાર તપાસ કરતા કૌભાંડ બહાર આવ્યું હતું. જે બાદ બંને દુકાનના સંચાલક જેઠાલાલ ચુનીલાલ ઠક્કર સામે ફરિયાદ નોંધાવાઈ છે. નોંધનીય છે કે, બે દિવસ પહેલા બનાસકાંઠા જિલ્લામાં પણ

...અનુસંધાન પેજ નં. 6 પર

# શિક્ષણ સમિતિ દ્વારા નવા સત્રથી વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ આપવા નિર્ણય

■ ધોરણ-6માં સ્કુલમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ તરીકે સાયકલ અપાશે

ગુજરાત | વંદન

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની આજની સામાન્ય સભામાં 920 કરોડના બજેટને બહાલી આપવામાં આવી હતી. વિપક્ષના અનેક વિરોધ વચ્ચે બજેટને બહાલી આપવામાં આવી હતી. શિક્ષણ સમિતિના 800 કરોડના બજેટમાં 120 કરોડનો વધારો કરીને 920 કરોડનું બજેટ જાહેર કરવામાં આવ્યું છે. બજેટમાં શાસકોએ નવા સત્રથી તમા વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ

...અનુસંધાન પેજ નં. 6 પર

### જેલના નિર્માણ માટેની દરખાસ્ત સરકાર સમક્ષ મૂકાઇ

# રાજકોટ નજીક 100 કરોડના ખર્ચે આકાર લેશે અતિઆધુનિક નવી જેલ

ગુજરાત | વંદન

રાજ્યની કુલ ચાર સેન્ટ્રલ જેલમાંથી રાજકોટ ખાતે આવેલી જેલને આધુનિક બનાવવાનું પ્રપોઝલ સરકાર સમક્ષ મૂકવામાં આવ્યું છે,જેલને આધુનિક બનાવવાનું કારણ તેમાં કેદીઓની સંખ્યા વધુ છે એમ જાણવા મળ્યું છે. તેથી રાજકોટના ન્યારામાં રૂ.100 કરોડના ખર્ચે બનશે નવી જેલ

સૌરાષ્ટ્ર-કચ્છની આ સૌથી મોટી જેલ હશે , હાલ રાજકોટની જેલમાં ક્ષમતા કરતાં 1000 કેદી વધુ હોવાની માહિતી મળી છે. જેને કારણે હવે તેમને રાખવા માટેનો કારાવાસ ટૂંકો પડી રહ્યો છે.અને

...અનુસંધાન પેજ નં. 6 પર


### ગુજરાતના રાજકીય ઈતિહાસમાં અત્યાર સુધીમાં 100 જેટલા નેતાઓ ભાજપમાં જોડાયા

# કોંગ્રેસમાં કોઈએ ભાવ ન પુછ્યો, ભાજપે પદ પર બેસાડ્યા

■ નરહરિ, બળવંતસિંહ, કુંવરજી અને હાલમાં ચિરાગ પટેલનો વારો

ગુજરાત | વંદન









ગુજરાતની રાજનીતિમાં વિપક્ષ કોંગ્રેસની દશા બેઠી છે. આ પાર્ટીમાંથી પક્ષપલટો કરીને અત્યાર સુધીમાં 100 જેટલા નેતાઓ ભાજપમાં જોડાયા છે. કોંગ્રેસે જેમનો ભાવ પૂછ્યો નહીં અને જેમની કાબેલિયત પર શંકાઓ કરી તેવા નેતાઓ ભાજપમાં ટોચના હોદ્દાઓ પર બેસી ચૂક્યાં છે. વર્તમાન સરકારની કેબિનેટમાં પણ ત્રણ નેતાઓ કેબિનેટ મંત્રી તરીકે કામ કરી રહ્યાં છે.

કોંગ્રેસના નરહરિ અમીન અત્યારે રાજ્યસભાના સભ્ય છે. બળવંતસિંહ રાજપૂત, કુંવરજી બાવળિયા અને રાઘવજી પટેલ કેબિનેટ મંત્રી છે, આ ત્રણેયને મલાઈદાર ખાતાઓ આપવામાં આવેલા છે. એટલું જ નહીં પાટીદાર આંદોલનમાંથી ઉભા થયેલા બે યુવા નેતાઓ હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર ભાજપમાં ધારાસભ્ય છે. છેલ્લા 20 વર્ષમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ, પૂર્વ ધારાસભ્ય કે પ્રદેશના પૂર્વ નેતાઓએ ભાજપમાં જોડાઈને સદી ફટકારી છે.

કોંગ્રેસના નેતાઓને ભલે સંગઠનમાં ટોચનું સ્થાન મળ્યું ન હોય પરંતુ સરકારમાં મહત્વનું સ્થાન જરૂર મળ્યું છે. સત્તાનો પાવર તેઓ મેળવી રહ્યાં છે. કોંગ્રેસમાં સાઈડટ્રેક થયેલા નેતાઓને 2002થી સ્ટેટેજી પૂર્વક ભાજપ ટોચના સ્થાને બેસાડી રહી છે. હાઈકમાન્ડની કોંગ્રેસના ચહેરાઓને સમમદંડ અને ભેદઅજમાવી પ્રદેશના નેતાઓ અનિચ્છાએ ભાજપમાં ભેળવી રહ્યાં છે. લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે ભાજપને 26માંથી 26 બેઠકોની હેટ્રીક કરવા માટે ચૂંટણી જીતી શકે અથવા જીતાડી શકે તેવા કોંગ્રેસના મજબૂત ચહેરાઓની જરૂર હોવાથી ગુજરાતમાં ઓપરેશન લોટસ શરૂ થયું છે.

કોંગ્રેસના સંગઠનમાં ત્રણ દસકા કરતાં વધુ સમયથી કામ કરતા નેતાઓ પણ આશ્ચર્ય સાથે ભાજપમાં જોડાયા છે. એવા નેતાઓમાં નરહરિ અમીન, ઉદેસિંહ બારિયા, લીલાધર વાઘેલા, દલસુખ પ્રજાપતિ, નિમા આચાર્ય, જ્યંતિલાલ પરમાર, જવાહર ચાવડા, સુભાષ શેલત, ઉર્વશી દેવી મોહનસિંહ રાઠવા, વિઠ્ઠલ રાદડિયા અને જયરાજસિંહ જાડેજાનું નામ આવે છે. પ્રદેશ કોંગ્રેસને રાજકીય ઈતિહાસ જોઈએ તો 2002થી 2017 સુધી કોંગ્રેસના 80 જેટલા મોટા માર્થાઓ ભાજપમાં ગયા છે. જ્યારે 2017 થી 2022 સુધીમાં કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયેલા 20 પૈકી 12 પૂર્વ ધારાસભ્યોને ભાજપે ગઈ વિધાનસભાની ચૂંટણીમાં ટિકીટ આપી હતી પરંતુ તે પૈકી નવ ધારાસભ્ય બની શક્યાં છે.

કોંગ્રેસના નેતાઓને ભાજપમાં પક્ષપલટો કરાવીને ભાજપે 2022ની ચૂંટણીમાં 156 બેઠકો મેળવી હતી, જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર 17 બેઠકો આવી હતી. છેલ્લા 62 વર્ષમાં આટલો બધો નબળો દેખાવ કોંગ્રેસે ક્યારેય કર્યો નથી.

હવે કોંગ્રેસ ફરીથી તૂટી રહી છે. લોકસભાની ચૂંટણી પહેલાં ઓપરેશન લોટસમાં ખંભાતના ધારાસભ્ય ચિરાગ પટેલ ફસાયા છે. તેમનું નિવેદન જો સાચુ પડે તો ચૂંટણી આવતાં પહેલાં કોંગ્રેસના બીજા પાંચથી સાત ધારાસભ્યો પક્ષપલટો કરે તો નવાઈ પામવા જેવું નથી. મહત્વનું છે કે કોંગ્રેસના એક ડઝન જેટલા એવા નેતાઓ ભાજપમાં ગયા છે કે જેમની સામે ચૂંટણી સમયે ભાજપના રાષ્ટ્રીય નેતાઓએ ભ્રષ્ટાચારના આરોપ પણ મૂક્યા હતા. આજે તેઓ દુધે ધોયેલા થઈ ગયા છે.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009